# ઓપિનિયન

યો વૈ ભૂમા તત્ સુખમ્

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 13 • પ્રકરણ : 09 • સળંગ અંક : 153 26 ડિસેમ્બર 2007 વાર્ષિક લવાજમ : £25 / £40

## ઓય ધાડેના ! ...ચાલો, કરીએ ઓસડવેસડ !!

○ વિપુલ કલ્યાણી

What the feminists want of me is something they haven't examined because it comes from religion. They want me to bear witness. What they would really like me to say is, 'Ha, sisters, I stand with you side by side in your struggle toward the golden dawn where all those beastly men are no more.' Do they really want people to make oversimplified statements about men and women? In fact, they do. I've come with great regret to this conclusion.

– **Doris Lessing**
*The New York Times, 25 July 1982*

○

આપણી વિભાજિત સભ્યતાનું સતત પરીક્ષણ નિરીક્ષણ કરનાર, સંશયવાદ, જોમ -જોસ્સો તથા દૂરંદેશી શક્તિસામર્થ્ય વડે નારી અનુભવો ભરીભરી મહા નવલોની રચયિતા, તેમ જ સન ૨૦૦૭નાં સાહિત્ય માટેના નૉબેલ પારિતોષિક વિજેતા, બ્રિટિશ લેખિકા ડોરિસ લેસ્સીંગનું આ અવતરણ, આપણા વિધવિધ સંદર્ભમાં પણ, તપાસવા જેવું છે.

ઘડીક ખમી ખાઈએ. વારુ, આ ડિસેમ્બર અંકને, પૂર્વવત્, વાર્તાઅંક કર્યો છે અને તેમાં દેશપરદેશનાં ૧૪ વાર્તાકારોની ૧૬ વાર્તાઓ આપી છે. વલ્લભ નાંઢાએ મિત્રકર્મ કરી, ચાર વાર્તાઓનું મુદ્રાંકન કરી આપ્યું છે. મીઠું જ લાગ્યું છે. મીના છેડા તથા હરનિશ જાનીએ પણ પોતાની વાર્તાઓ મુદ્રિત રૂપમાં મોકલી છે. પ્રથમપહેલાં, આ ત્રિપુટી પ્રત્યે સહૃદય ઓશિંગણભાવ વ્યક્ત કરી લઈએ. આ સોળ વાર્તાઓના સાચા ભાવક, આખરે, તેના વાચક જ ઠરવાના છે. જો કે લેખકથી વિવેચક સુધીની કેડી કેવી હશે તેનો અંદાજ જરૂર છે. પરંતુ, અબીહાલ, ગોઠાં ખવરાવવાનો તે આશય ટાળીએ છીએ. બીજી પા, તેર તેર વરસના આવા ઉપક્રમ બાદ, હવે, આવા નકરા વાર્તાઅંકને ય સંકેલી લેવાની ધારણા છે. તેની જગ્યાએ ખસૂસ આપણે બીજું ય લઈશું. ... ખરું ને !

આ સઘળી વાર્તાઓમાં વાચક અનુભવશે કે કેટલીક સરસ મજેદાર વાર્તા છે અને વાર્તા નામક પદાર્થને ઉજાગર પણ કરે છે. કેટલીકનું કથાવસ્તુ સારું છે. ક્યાંક સંવાદ ચોટદાર છે. તો બીજી પાસ, ક્યાંક કલાતત્ત્વ અને ભાષાકર્મ ય ઓછાં પડે છે. આ તેર તેર વરસના ઉપક્રમ બાદ, કહેવાનું મન થાય છે કે, આપણને કેટલાંક નવોદિત વાર્તાકારો ય જડ્યા છે. કેટલાંકની કલમ ઉછરી છે અને કેટલાંકને મોર પણ બેઠાં છે. તેથી પોરસાઈએ છીએ. પરંતુ, ડાયસ્‌પોરિક સાહિત્યસર્જન ભણીની કૂચ જારી છે ખરી ? તે ભણી ડગલાં માંડ્યા છે કે ? તેના જવાબ પણ ઢૂંઢવા જોઈશે. આથીસ્તો, વાર્તાકારે સતત યાદ રાખવાનું એ છે કે આખરે વાર્તા બનવી જોઈએ તો જ વાર્તાકૃતિ તરી જશે. વાર્તાકારનું મહત્ત્વ ખુદ વ્યક્તિ થકી નથી, તે તેનાં સર્જન થકી જ સોહે છે. માટે કૃતિ માટેની સજ્જતામાં કોઈ મીનમેખ થવા ન દેવાય. તેને સારુ ઉચિત અભ્યાસ માટે, વાંચન માટે સાટાદોઢા પણ ન કરીએ. ટૂંકામાં, 'હું'ને કનિષ્ઠ કરી ટીંબા પરેથી ઉતારીએ અને 'વાર્તા'ને હિમાલયના શિખરે પ્રતિષ્ઠા થાય તે સંબંધની સતત સક્રિય યાત્રા કરીએ. ર.કા. ભટ્ટ લખતા હતા : 'લઘુમતીભાષામાં લેખન કરવું એ એક જાતનો ત્યાગ છે.' પરિણામે આપણી ભાષા માટે માંઢલો કુંભકર્ણ જગાડી, આપણા સૌ આગેવાનો સક્રિયતા કેળવે ત્યારની વાત ત્યારે; અબીહાલ, તો ખુદે જ પોતાની તાકાત નિખારવી રહી.




વારુ, આ વાર્તાઓમાં, વિષયની વિવિધતા છે. સામાજિક કોયડાઓ બાબતની વાર્તાકારે ચર્ચા ય માંડી છે. અહીં એઇડ્સ, કેન્સર શા રાજરોગથી માંડીને માવતર પ્રત્યેનાં શોષણની, સ્ત્રીગણ પ્રત્યે સમભાવના અભાવાની પણ રજૂઆત થઈ છે. બીજી પા, ક્યાંક લેખકના નિજી આક્રોશનો વીંટો ય અછતો રહેતો નથી.. આવું થાય છે ત્યારે લેખક સર્જક બનતા બનતા અટકી જાય છે અને લહિયા કેરા માર્ગ ભણી તે ફંટાય છે. આ બધું પણ તે સમજે તો ઉતમ. વિશ્વગ્રામનો યુગ પેઠો છે. ઉદારીકરણ તથા બજારુ અર્થતંત્ર વચ્ચે ગ્રાહકની ભીંસ અને વંચિતો, વિવિધ લઘુમતીઓ, ખેડૂતો, પર થતી તેની અસરની વાત ય ક્યાંક અહીં ડોકાઈ હોય, તેમ બને.

દરમિયાન, જેની આ વર્ષે શતાબ્દી પડે છે તેવા એક ઇટાલિયન પત્રકાર અને સાહિત્યકાર (તખલ્લુસ : 'આલ્બેર્ટો પિન્ચેર્લે') આલ્બેર્ટો મોરાવિયાએ, 'લેખકો ખરેખર લખે છે ખરા ?' - જેવો સવાલ કર્યો છે, અને પછી જવાબમાં, તરત, ખુદ, પોતાનું દર્શન રજૂ કરે છે :

*'પુસ્તકોનો પ્રચાર જો ઓછો હોય, તો તેનું કારણ એ નથી કે વિશાળ જનસમુદાય પુસ્તક વાંચતો નથી; એનું કારણ એ છે કે પ્રજા પાસે જે પુસ્તકો આવે છે તે "લખાયેલાં" નથી હોતાં, પણ માત્ર છપાયેલાં જ હોય છે. કોઈ પણ પુસ્તક વંચાય તે માટે પ્રથમ તો એ ખરેખર "લખાયેલું" હોવું જોઈએ. પુસ્તક વિચારાયું પણ હોવું જોઈએ, એનું સાચેસાચ સર્જન થયું હોવું જોઈએ. પુસ્તકનું ભાવિ તેના લેખનની કાવ્યમયતા સાથે, આલેખનશક્તિ અને કલ્પનાશીલતા સાથે સંકળાયેલું છે. પુસ્તક "લખવામાં" જો આપણે સફળ થઈશું, તો તેનું ભાવિ નિશ્ચિત છે; પણ આપણે જો તેને માત્ર છાપીને જ સંતોષ માનશું, તો એ નાશ પામશે.'*

આ પક્ષપ્રશ્નનું વજન મોટું છે. જવાબ સહેલોસટ છે. પણ આપણે તો જવાબ મેળવવામાંથી ટળવું જ છે. તેથી હું ય નીંભર બની, ટાળો જ નાંખું અને હવે તો અટકું ! ... ચાલો, આથીસ્તો, હવે વાર્તાને જ વાત કરવા દઈએ.

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિશે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---

### લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે £25 તેમ જ પરદેશ માટે £40 છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

◆

લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY, Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [+44] 020 - 8902 0993

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

◆

ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

◆

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ. ફક્ત Rs. 2,000ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

---

ગ્રાહક પત્રિકા :

Name : ..........................................

Address : ..........................................

..........................................

Post Code : ..........................................

Telephone : ..........................................

e.mail : ..........................................

Subscription : £25 / £40

Date : ..........................................


(૧)

# માટીની સુગંધ

○ મીના છેડા

વહેલી સવારે જ આંખ ખૂલી ગઈ. લાઈટ કરી ઘડિયાળમાં જોયું. હજી છ જ વાગ્યા હતા. સુજાતાએ રજાઈ માથા પર ઓઢી લીધી. ઊંઘવા પ્રયત્ન કર્યો. બે ત્રણ વખત પડખાં પણ બદલ્યાં. પણ ઊંઘ ન આવી. એ.સી.ની સ્વિચ ઑફ કરી. દરવાજો ખોલી બહાર આવી. માટીની ભીની સુગંધ એના શરીરમાં પ્રસરી ગઈ. રાત્રે વરસાદ પડી ગયો ને એને ખબર જ ન પડી મોસમનો પહેલો વરસાદ. અંદર સુજાતાની અંદર ઊંડે ઊંડે ચૂંથાયું. એણે ચારે બાજુ નજર ફેરવી. બગીચાની તો જાણે સુરત જ બદલાઈ ગઈ હતી. એક રાતના વરસાદમાં બગીચો નવપલ્લવિત થઈ ગયો હતો. પગથી ઉતરી હળવેથી સુજાતાએ લૉન પર પગ મુક્યો. લૉન ખૂબ જ ભીની હતી. સુજાતાને ગમ્યું. ભીની લૉન પર ચાલવા લાગી. એના પગને અડીને ભીનાશ આખા શરીરમાં ફરી વળી. ફરી અત્યારે વરસાદ આવશે? એણે આકાશ તરફ જોયું પણ એવું લાગ્યું નહિ. વરસ્યા પછી આકાશ જાણે હળવો થઈ ગયો હતો. એની આંખો પણ અહીં જ ખૂબ વરસી હતી પણ પોતે હળવી નહોતી થઈ. ગંભીર થઈ ગઈ હતી.

મનની અંદર છેક તળિયામાં ધરબી દીધી હતી એ બધી જ સ્મૃતિઓ આ સુગંધ અને ભીના સ્પર્શથી જાણે જાગી ઊઠી હતી. સુજાતાએ વિચાર્યું, આ વખતે જે જે ક્ષણ યાદ આવશે એ બધી જ ક્ષણને આવકારીશ. બધાને શાંતિથી જોઈશ, મળીશ, સ્વીકારીશ. આ વરસાદમાં પોતે જરૂર હળવી થઈ જશે.

કુમાર શું કરતો હશે? કુમાર અહીં હોત તો આજનો વરસાદ સુજાતાએ પણ માણ્યો હોત એરકંડિશનવાળા બંધ રૂમમાં પત્ની સાથે ગાઢ નિદ્રામાં હોય તો ય કુમારની આંખ ખૂલી જતી ન જાણે એને કઈ રીતે ભીની માટીની સુગંધ આવી જતી. સુજાતાને એ ઢંઢોળી નાખતો બન્ને લૉનમાં દોડી જતાં ને પછી છેક સુધી પલળતાં.

રાધા કૉફીની ટ્રે લઈ આવી. સુજાતાને પ્રશ્ન થયો આ રાધાને મારા જાગવાની ગંધ કઈ રીતે આવતી હશે?

'બહેન, આજે તો રવિવાર છતાં ય વહેલા ઉઠયાં. ઊંઘ ન આવી?'

સુજાતા મોઢું ધોઈને આવી. નેપકીનથી મોઢું લૂછતાં પગથી પર જ બેસી ગઈ.

'રાત્રે ખૂબ વરસાદ પડયો ?' સુજાતાએ વળતો સવાલ કર્યો.

'હા બહેન, ધોધમાર વરસ્યો હતો. કૉફી અહીં જ લઈ આવું ?' રાધાએ ટેબલ પર મુકેલી ટ્રેમાંથી કૉફીનો મગ લઈ સુજાતાને આપ્યો. સુજાતા જાણતી હતી, રાધા પૂછવા ખાતર જ પ્રશ્નો પૂછતી એની આંખોમાં ક્યારેય પ્રશ્નો ન દેખાતા એકદમ સ્વસ્થ આંખો. સુજાતાને જાણે પૂરેપૂરી જાણતી હતી.

સુજાતાએ કૉફીનો મગ હાથમાં પકડી રાખ્યો. ... મગની ગરમાવટ. ... સુગંધી વરાળ ... એક ક્ષણ માદકતા માણતાં રાધાને પૂછ્યું, 'તું પલળી'તી વરસાદમાં ?'

'ના બહેન. ગમે તો ખરું ... પણ શરદી થાય ને માંદી પડું તો ઘરનું કામ અટકી જાય ને ... ' ઘરનું કામ જ રાધાનું જીવન હતું. ઘરનું બધું જ કામ સંભાળી લીધું હતું. સુજાતાને ક્યારે ય કહેવું પડે એવુ થવા ન દેતી. દરેક કામ ચીવટથી કરતી.

'હજી કૉફી આપું ?' રાધાએ પૂછ્યું.

'હં ? ના ... પછી નહાઈને પીશ.' સુજાતાએ કહ્યું. ... એ કંઈક વિચારમાં હતી. એના હાથમાંથી કૉફીનો મગ લઈ રાધા ટેબલ પાસે ગઈ. ... ટ્રે લઈ રસોડામાં જતી જ હતી ત્યાં જ ...

'આજે રસોઈ હું જ બનાવીશ. તારે ક્યાં ય જવું કરવું હોય તો જઈ આવ ... ' સુજાતાએ ઊઠતાં કહ્યું.

'બજારનું તો કોઈ કામ નથી. ને એ સિવાય હું ક્યાં જવાની ? એમ કરું છું આજે લાઈબ્રેરી સાફ કરી લઉં.'

કુમાર અને સુજાતા બન્નેને વાંચવાનો ખૂબ જ શોખ હતો ને આ શોખને કારણે એક નાની અંગત લાઈબ્રેરી કહી શકાય એટલાં પુસ્તકો પણ વસાવ્યાં હતાં. આ વાંચનના શોખના કારણે જ બન્ને નજીક આવ્યાં હતાં. ... આમ તો પોતે દિલ્લીમાં રહેતી હતી ... પણ પપ્પાના અચાનક આકસ્મિક મૃત્યુ બાદ સાવ જ એકલી પડી ગઈ હતી. મમ્મી તો ખૂબ પહેલા જ એ બાર વર્ષની હતી ત્યારે જ મોટી માંદગી ભોગવીને મૃત્યુ પામી હતી. સુજાતા એક માત્ર સંતાન હતી. .. નજીકના સગા પણ ખાસ કોઈ ન હતા.. રીટા એક માત્ર એની નજીકની મિત્ર હતી.. બન્નેએ સાથે જ બાળપણ માણ્યું હતું. રીટાના પપ્પાની મુંબઈ બદલી થતા.. તેઓ દિલ્લી છોડી જતા રહ્યા હતા.. પણ સુજાતા ને રીટાની મૈત્રીને આંચ નહોતી આવી... દરેક રજાઓમાં રીટા દિલ્લી રહી હતી.. પપ્પાના મૃત્યુ વખતે રીટા ને એના પપ્પાએ જ આવીને બધુ સંભાળયું હતું.. અંકલની મદદ લઈ સુજાતાએ પણ દિલ્લીની માયા ને પપ્પાની મિલકત સમેટી મુંબઈ વસવાટ કર્યો. કુમારની ઓળખાણ કૉલેજ માં થઈ.. બન્ને એક જ ક્લાસમાં હતા... વાંચનના સમાન શોખને કારણે પુસ્તકોની આપલે થી શરુ થઈ.. વિચારોની આપલેએ મૈત્રીના પગરણ માંડયા... અને એ વર્ષે પડયો ત્યારે બન્ને વચ્ચે પ્રીત પણ બંધાઈ ગઈ..

કુમાર ગંભીર પ્રકૃતિનો હતો... કુમારના પિતા, કુમારને અઢળક પૈસો વસિયત કરી ગયા હતા... કુમાર સમજણો થયો ત્યારથી

એની નજીક પૈસો જ રહ્યો હતો. ... માતાપિતાના ઝગડા. ... માનું કુમારને પિતા પાસે મૂકીને જતા રહેવું ... કુમારના સ્વભાવની ગંભીરતા કદાચ આ જ કારણે હશે. પણ વરસાદ આવતો ને થોડા સમય માટે કુમારના સ્વભાવમાં પણ બદલાવ આવતો ... વરસાદ એના સ્વભાવને ધોઇ નાખતો. ને કુમારની અંદર રહેલો આનંદ ઊભરાઇ જતો.

કુમાર કહેતો. 'વરસાદ પડતો ને હું અંદરથી ઊભરાતો ... તને જોઇને પણ હું અંદરથી છલકાઇ જાઉં છું.'

હંમેશાં કહેતો : 'હું મારા બાળકને ક્યારે ય આ દુ:ખ ન આવે એની કાળજી રાખીશ.'

કુમાર જ્યારે જ્યારે આ દુ:ખના પડછાયામાં તણાતો ... ચૂપ થઈ જતો. ... એટલો ચૂપ જાણે અહીં હોય જ નહીં. આ સમયના ટુકડામાં એ એકલો જ જીવતો. ... કોઇને પોતાની અંદર આવવા દેતો નહીં. સુજાતાને પણ નહીં. ક્યારેક પૂના સુમિતના ઘરે જતો રહેતો ... સુમિત અને કુમારે સાથે બિઝનેસ શરુ કર્યો છે. કુમાર અહીં મુંબઇની ઑફિસ સંભાળે છે ને સુમિત પૂનાની. બન્ને જાણે એક મન થઈ ગયા છે. થોડા સમય પહેલાં સુમિત મુંબઈ આવ્યો હતો ને તાવમાં પટકાઇ ગયો હતો ત્યારે હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. કુમારે એની જે રીતે સંભાળ લીધી હતી એ આંખને વળગે એવી હતી. ... સેવામાં પોતાની જાન તો રેડી જ દીધી હતી સાથે જરૂર પડી ત્યારે  લોહી પણ પોતાનું જ આપ્યું હતું. સુમિતને સાજા કરતા કરતા કુમારે પોતાને અશક્ત બનાવી નાખ્યો હતો. આ વખતે કદાચ કુમાર વધારે એકલો થઈ ગયો હતો. ... સુજાતા સાથે ઝઘડો કરીને જતો રહ્યો હતો..

કુમાર અત્યારે સુમિતના ઘરે જ હશે. ... કે અહીં આવવા નીકળી ગયો હશે? એને ખબર પડી હશે કે અહીં મુંબઈમાં રાત્રે વરસાદ પડ્યો છે તો એ મારી પાસે આજે આવશે ? કદાચ આજે આવશે જ. એટલે જ એના પસંદની રસોઈ બનાવી લઉં ... એક સાથે કેટલા ય વિચારોનું ઘમસાણ ચાલતું હતું.

સુજાતાએ નહાઇ લીધું ... અને રસોઈમાં પરોવાઇ ગઈ. આજે બધી યાદ એક સાથે જ ધસી હતી. ... બાળક થવાના કોઇ એંધાણ નજર નહોતા આવતા. તેમ તેમ કુમાર ધૂંધવાતો હતો.

એક સવારે એણે સુજાતાને કહ્યું. 'રીટા સાથે જઇને ડૉક્ટરને બતાવી જો ને ... .'

મને ઈચ્છા નથી.' સુજાતાએ કહ્યું હતું.

'શેની ? બાળકની ?' કુમાર લગભગ ચીસ જેવા અવાજે ભડક્યો હતો ...

હું ડૉક્ટરને કનસલ્ટ કરવાની ના પાડું છું. ડૉક્ટરને બતાવાની ઈચ્છા નથી ... ' સુજાતાએ ફોડ પાડી હતી.

'પણ શા માટે?' કુમાર જરાક ગુસ્સે થયો હતો.

ડૉક્ટરને બતાવાની મારે નહી તારે જરૂર છે. ... જો ને કેવો થઈ ગયો છે તું. ... વારે ઘડી તાવ આવી જાય છે. માથું દુખ્યા કરે છે. ચાલને આપણે કોઇ સારા ડૉક્ટરને બતાવી જોઇએ. સુજાતાના વળતા આવા જવાબ થી કુમાર ગુસ્સામા ઘરની બહાર નીકળી ગયો.

કદાચ એને એની મમ્મી યાદ આવી ગઈ હશે. એક બેફિકર મા ... જેણે પોતાના ઝગડામાં પુત્રને હોમી દીધો હતો ... એને વિચાર આવ્યો હશે ... સુજાતા એટલી બેફિકર ... કે બાળકને જનમવા જ નહી દેવા માંગતી હોય ? કુમાર કહ્યા વગર પૂના ચાલ્યો ગયો હતો. હવે એ કુમારને સમજી શકી હતી ... કુમાર જે વેદનામાં જીવ્યો હતો એ વેદના આ વખતે કુમારની ગેરહાજરીમાં જ એને બરાબર સમજાઇ હતી.

સુમિતે ફોન પર વાત કરી હતી ... એને સમજાવી હતી. ... ને સાથે કહ્યું હતું કે કુમારની ચિંતા ન કરે એને પોતાના ડૉક્ટર પાસે લઈ જશે.

રીટા સાથે એ પણ ડૉક્ટરપાસે જઈ આવી હતી. એમના કહેવા પ્રમાણે ટેસ્ટ પણ કરાવ્યા. ... એ ખુશ હતી. ... રિપૉર્ટ નોર્મલ હતા. ... એણે કુમાર સાથે ફોન પર વાત કરવા ઇચ્છી પણ કુમાર ફોન પર ન આવ્યો. ... એણે સુમિતને આ વાત જણાવી ને આગ્રહ કર્યો કે કુમારને સમજાવે ... પણ સુમિતે હા ના જેવા ટૂંકા એકાક્ષરી જવાબ આપીને  કામમાં છું કહીને ફોન મૂકી દીધો હતો.

રસોઈ બની ગઈ હતી. રાધાએ પણ સફાઇ કરી લીધી હતી. એ ફરી પગથી પર આવીને બેસી ગઈ.

કુમાર !! ... સુજાતા મનોમન રડી પડી. ... કુમાર, આવી જા ને ... જો ... ને ... આ વરસાદ પણ આવી ગયો. ... ને તું હજી ન આવ્યો. ... હવે તો આવ ......... .

'સુજાતા ... !'

સુજાતા ચમકી ... ડઘાઇ ગઈ ... ને ખીલી ઊઠી ... સામે જ કુમાર ઊભો હતો. એ ઊભી પણ ન થઈ શકી. કુમાર જ બેસી ગયો. ... સુજાતાના પગ પાસે. સુજાતા જોઈ રહી ... કુમાર રડ્યો હતો કે શું ? કે પોતાની ભીની આંખનું પ્રતિબિંબ કુમારની આંખમા ડોકાતું હતું !

કુમારે જ વાત શરુ કરી. 'ખૂબ ગુસ્સામાં જતો રહ્યો હતો ... ગુસ્સો જાત પ્રત્યે હતો ... તારી ઉપર ઉતાર્યો હતો. ... મારી અંદર જાણે લાવા વહેતો હતો. ... પણ ... પણ હવે... હવે ગુસ્સો કરવાનો તારો વારો છે. ... હું શું કરું ? હું ... હું તારે લાયક નથી રહ્યો ... મને મારા કયા ભવની આ સજા મળી ?'  કુમાર અસંબધ બોલ્યે જતો હતો ... સુજાતાને કંઈ સમજાતું ન હતું ...

કુમાર રડી પડ્યો ... 'તું ... સુજાતા ... મને તારી અંદર આવવા દઇશ ને ???' સુજાતા સ્તબ્ધ ... !

સુમિત પણ ત્યાં જ આવ્યો. ... આ શું થવા બેઠું છે ? સુમિતની આંખોમાં પણ પાણી ...

સુમિતે જ વાત કરી. 'મને બચાવવા જતા ... કુમાર હોમાઇ ગયો ... મને તો એણે પોતાનું શુદ્ધ લોહી આપી દીધું... પણ હૉસ્પિટલની બેકાળજી કે આપણા ખરાબ નસીબ ... કુમારને એચ.આઇ.વી. પૉઝિટિવનાં જીવાણું લાગી ગયાં છે. ... '

સુજાતાના માથે જાણે આભ તૂટી પડ્યું ... .

સુમિતે વધુ સ્પષ્ટતા કરી : તને યાદ હોય તો, કુમાર લોહી આપે એ પહેલાં ડોક્ટર એને હિમોગ્લોબિનની ટેસ્ટ કરાવા કહ્યું હતું એ માટે કુમાર ફેમિલિ ડોક્ટરની જ લેબમાં ગયો હતો ત્યાં લેબમાં ડિસ્પોઝેબલ સીરિંજ વાપરવાને બદલે ફરી વપરાતી સિરિંજ વડે ટેસ્ટ લેવાઈ હતી. હિમોગ્લોબિન તો નૉર્મલ જ આવ્યું હતું ને તરત મને લોહી પણ ચઢી ગયું પણ ધીમે ધીમે કુમાર પર એ સીરિંજની ખરાબ અસર થઈ ગઈ ને આપણે નાઈલાજ થઈ ગયા છીએ.

કોણ કોને સધિયારો આપે ?

કેટલો સમય વીતી ગયો ... ખબર ન પડી ... . ને આમ જ દિવસો પણ વીતવા માંડ્યા. ...

સુજાતા અને સુમિતને લાગ્યું ... એક માત્ર બાળકની હાજરી જ હવ ... કુમાર ને હસતો કરી શકે એમ છે. બન્ને જણાંએ આશ્રમમાંથી બાળક લઈ આવવાનું નકકી કર્યું. ... બાળકની બધી જવાબદારી પર સુમિતે આશ્રમમાં બાંહેધરી આપી. ને ...સુંદર મજાની બાળકી સોનાને ઘરે લઈ આવ્યાં ... કુમાર લૉનમાં હીંચકા પર શૂન્યમને બેઠો હતો ... એના ખોળામાં હળવેથી સોનાને બેસાડીને સુજાતા કુમારની બાજુમાં હીંચકા પર બેઠી. સુમિત રાધાને બાળકીના ખાવાની ને દવાની સૂચના આપવા માંડ્યો. ...

કુમારની આંખોમાં ચમક આવી ગઈ. હોઠો પર સ્મિત ... સોનાને માથે હાથ ફેરવવા લાગ્યો ... એને રમાડવા લાગ્યો ... સોના પણ જાણે વર્ષોની ઓળખાણ કેમ ના હોય એમ ખિલખિલાટ હસવા લાગી. ...

અચાનક કુમારે અનુભવ્યું ... એણે ચિંતામાં સુજાતાને પૂછ્યું. 'આને તો તાવ જેવુ લાગે છે. ... '

સુજાતાએ કહ્યું. 'હા ... પણ આપણે એની દવા કરાવશું ... '

ઘડીક શ્વાસ ખાતાં ... સુજાતાએ કહ્યું. 'કુમાર, અત્યારે અજાણતાં જ આપણું પણ બાળક થઈ જાત તો ... એ પણ આપણે કારણે એચ.આઈ.વી. હોત ને ? એટલે મેં ખાસ સોનાને પસંદ કરી છે. .... '

'તો શું ? સોના ??? – ' ... ... કુમારનું દુ:ખ ઊભરાઇ આવ્યું.

'હા ... આપણે એને સાચવીશું.' સુજાતાના જવાબને પોતાની અંદર ઉતારતા સોનાને વહાલથી એણે પોતાની વધુ નજીક લીધી.

જાણે પોતાનો જ એક ટુકડો આજે બહાર આવી ગયો હતો.

'હું પણ સામેલ છું એમાં ...' સુમિતે પાસે આવીને સોનાને ઊંચકતા કહ્યું ....

'ને હું પણ .... કોઈની નજર ના લાગે મારી સોનાને ...' કહીને રાધાએ સોનાની નજર ઊતારી. ત્યાં જ આકાશે પણ મન મૂકીને અમી છાંટણાં કર્યાં ....

... અને ચોતરફ માટીની સુગંધ ફરી વળી.

[B/14, Mahesh Apartment, 3rd Floor, B. M. Bhargav Road, Santa Cruz (West), MUMBAI - 400 054, India]

●

(૨)

# આ પાર, પેલે પાર

**૦ અનિલ વ્યાસ**

આછી પાતળી દીવાલો અને જૂનાં ફર્નિચર વચ્ચે એ ગોઠવાઈ ગયો હતો. અકળામણ થતી હતી. ઘેરથી એવું નક્કી કરી રાખેલું કે ના જ પાડી દઈશ. પણ દેવુકાકાએ રસ્તામાં બરાબર આંતરેલો. 'જો છોકરી બવ સંસ્કારી છે ને આપણે સગામાં સગું છે એટલે કશી ઢાપલાશ ન જોઈએ. 'શું કીધું ?' આ 'શું કીધું ?'ની નજર બંદૂકની નાળી જેવી સામો-સામ ! પછી બીજું શું બોલવાનું ? ' બસ. જરા જરા ધ્રુજતા પગ પર કાબૂ મેળવી લીધેલો.

આ મુલાકાતથી એ ખુશ હતી કે નહીં ? યાદ કરવા મથ્યો તો ય કશું યાદ ન આવ્યું જો કે બધાં બહાર ગયાં ને બન્ને એકલાં પડ્યા ત્યારે એ સોફાની ગાદીનું ફાટેલું કવર સંતાડવા મથતી હતી. એની ઈચ્છા ના હોય કે એ ઉદાસ હોય એવું લાગેલું નહીં. ઉપરથી બંગલો દેખાડવાને બહાને પાછળ વરંડામાં ગયાં ત્યારે પારિજાત નીચે ઊભાં ઊભાં પૂછેલું : તમારે ત્યાં પારિજાત છે નહીં ? હવે તો ખાસ્સું મોટું થઈ ગયું હશે. પછી સહેજ અટકીને કહે : સામી દીવાલે સરસ લીમડો હતો. આખા ઘર પર એનો છાંયો મળતો. પણ પપ્પાએ બહુ કચરો થાય છે એમ કહી કપાવી નાંખ્યો. બાય ધ વે, તમને આંગણામાં મોટું ઝાડ હોય એ ગમે ?'

એ ગુંચવાઈ ગયો હતો. આને બધી વાતની ખબર તો હશે ને ? ખાસ તો છાયા વિશે. છાયા વિશે જ ને ? બાકી, જિંદગીમાં બીજું કશું હતું જ ક્યાં ? આવું બની ગયા પછી જીવ અમળાયા કરે છે. આમ પરાણે પાટલે બેસાડી દેવાની વાતે મન માનતું નથી. છેક ઊંડે ઊંડે એવો ધ્રાસકો વિસ્તરે છે કે હમણાં આખું શરીર પાણીના રેલાની જેમ ... કોઈ કશું સમજતું જ નથી. ના, સમજે છે બધાં પણ સહુને પોતપોતાનો વળ ...

આ દેવુકાકા ક્યાંકથી ખણખોતર સાંભળી આવ્યા હશે તે આવ્યા એવા ભખ ભખ ! બાપુજી 'આવો' બોલે ત્યાં તો ભડકો ! 'જો મોટા, તારે તો લૂલી હલાવવાની જ નહીં 'શું કીધું ?' અહીંઓ મહીં ટૈડપૈડ કરે છે. ઘેલહાહરીના. હાળાંવને ખબર પાડી દઈશ. શું સમજે છે હાળું કેશલું !'

'પણ તું બેસ તો ખરો.'

'હવે બેઠાં એ તો. એકે એકને બતાઈ દઈશ. છોડી તો આમ લઈ આવું આમ.' બોલતાં સામટી ત્રણ ચપટી વગાડતા હીંચકો ઠેબે ચઢાવતાં ફર્યા. નિખિલ પડતા પડતા રહી ગયો. એ ધ્યાને જતાં એના ખભે હાથ મૂકતા બોલ્યા. 'તારે મુંઝાવાનું નહીં. બેટા, અપસરા જેવી છોડી ના ગોતી કાઢું તયણ દા'ડામાં તો ફટ છે દેવચંદ નાનજીને. 'શું કીધું ?''

હવે આ 'શું કીધું ?'ની અપસરા તો છાંયડો ગોતે છે. શું જવાબ વાળવોની ગડભાંજમાં બોલ્યો. 'હા. ગમે એ તો. ઝાડ - પાન તો ગમે જ ને !' એને આમ થોથવાતો જોઈ સુનીતા હસી પડેલી. એના દાંત સહેજ મોટા હતા. છાયા જેવા નહીં. છાયાના દાંત સરસ. એક સરખા પાસાદાર. એ હસતી હોય ત્યારે થાય કે એને કહી દે - બસ. આમ જ ખડખડાટ હસતી રહે. જસ્ટ ફ્રિઝ !

એ સવારે પ્રવીણભાઈનો ફોન આવ્યો ત્યારે બાપુજી હાકાબાકા થઈ ગયા હતા. હેં ? ના હોય. ના ... ના ... પણ એવું કેવું રીતે ? તમે બરોબર તપાસ તો ... જો જો હોં ભાઈ અમારો નિખિલ તો પાછો ... ને પછી સાવ ઢીલા અવાજે હા – હમ્ ... હં ... હં બોલતા અવાચક થઈ ગયેલા.

ત્યારથી એક જ સવાલ સતત પજવ્યા કરે છે. આવું શું કામ કર્યું તેં ? શું કામ, છાયા શું કામ ? આવું જ કરવું હતું તો મારી સાથે આમ સંબંધ વધારવાની ક્યાં જરૂર હતી ? મેં ક્યાં કશી જરૂર પાડેલી ?

પહેલી વાર સાથે ફરવા ગયા હતાં ત્યારે એણે સામેથી પૂછેલું. 'આપણો સંબંધ બંધાય એમાં તમારી હા છે ને ? છાયા હસી પડેલી.

'આ તો પૂછવું સારું, પાછળથી ક્યાંક ... '

'એમ ?' કહી એ ફરીથી હસેલી.

વાતમાં કશું ન હોય છતાં વાત કરતાં વચ્ચે હસી પડવાની એને ટેવ હતી. બે-ચાર મુલાકાતમાં જ આની ખબર પડી ગયેલી. મદ્રાસી હોટલમાં ખૂણાના ટેબલે બેસી એક ધારું એને જોયા કરતો.

'શું જોયા કરો છો ક્યારના ? એવું પૂછવા જ જાણે હોઠ મરક્યા હોય એવું લાગતું. પણ એ ખુલ્લું હસી દેતી.

આજે થાય છે એ ચોક્કસ મારા ભોળપણ પર હસતી હશે. ડફોળ ! સાવ ભોપાલાલ ! અચાનક એને થયું આખું શરીર અંદરથી કંપે છે. ન સમજાય એવી બેચેની અને ફડક વિસ્તરી જ જાય છે. જાણે હમણાં છાયા આવીને એની આંગળીઓ ભીડી દેશે. મુઠ્ઠીમાં દબાવતી, કેમ મોડું થયું એના કારણો ગણાવશે ને પછી હસીને ઉમેરશે : 'એવું છે ત્યારે, શું નિખિલજી, સમજણ પડી ?' ને ફરીથી ચિરપરિચિત હાસ્ય રેલાવશે.

પેલો કંય રુંવે રુંવું તાર તાર કરતો ફરી વળે છે. હું શું કરું, છાયા ? ક્યાં જાઉં ? રૂમાલ કાઢી પરસેવો લૂછવા ગયો ત્યાં છાયાનો અવાજ પડઘાયો.

'આવા છોટ જેવા છો ? રૂમાલ આવી રીતે ડૂચો વાળીને રખાય ?' પછી હસતાં હસતાં હાથમાંથી રૂમાલ ઝૂંટવી લઈ બરોબર ઘસીને ગડી વાળી એક ભાગથી મોં લૂછી બોલી : 'જુઓ, આમ વપરાય.' ને ડાઘા ઉપસેલો ભાગ અંદરથી ગડમાં દબાવી એના હાથમાં મૂકતાં કહે : 'રૂમાલ આવી કાળજીથી વપરાય. ઓ.કે. ?'

ને એ જ છાયા રૂમાલની ગડી વાળતી હોય એમ જિંદગીને વાળી ચૂપચાપ ... શું સમજવું ?'

પહેલાં તો એવો વિચાર આવેલો કે ક્યાંક પડી ગઈ હશે. આપઘાત. ક્યાંક તળાવ કે કેનાલમાં. કોઈ ગુંડા એને ઉપાડી ... પણ પોલીસને ખાતરી હતી. એ ભાગી ગઈ છે. પાકા સમાચાર પણ આવ્યા. અજિતે કહ્યું કે રમેશભાઈ કાપડવાળાની ભત્રીજીએ એને જોયેલી. ગોંડલની બજારમાં. પેલો ય હતો એની જોડે. થોડી સુકાઈ ગઈ છે પણ હસતી'તી હોં.

છાયાની મમ્મીએ કહેવરાવેલું : કે'જો નિખિલકુમારને જીવતી છે કભારજા. એ લેર કરે એના રણીજા જોડે. તમ જેવા જીવને આમ કોચવીને એ કપાતર તો ... પછી જીભ કચરીને અટકી ગયેલાં. પણ મને મોબાઈલ કરવો જોઈએ ને. હું આવી જાત તરત. છાયા આવું કરે એમાં એની મમ્મી આટલું બધું રડે ... અરે છાયાનો ય શું વાંક ? પ્રેમમાં તો એવું જ કરવું પડે ને ... પણ કશું ય બોલાયું નહોતું. અજિતે કોઈના મૃત્યુ પ્રસંગે આશ્વાસન આપતો હોય એમ એનો ખભો થપથપાવ્યા કરેલો.

બાપુજી કહેતા હતા : 'મૂળે આજનું વાતાવરણ ને ઉછેરની પણ ખામી. જો કે જે કંઈ બન્યું એમાં સાચી ખામી આપણાં તકદીરની. તું ભૂલી જા, ભઈ, બધું ભૂલી જા.' પછી હવામાં હથેળીઓ ઘુમાવતાં ધીમા પગલે બહાર નીકળી ગયેલાં.

નિખિલને થયેલું : છાયાનાં મમ્મી કેવાં ગરવાં છે ને એના પપ્પા તો કેટલા સેવાભાવી. એકની એક દીકરી એટલે ઉછેરની તો શું ખામી હોય ?

અરે, વિવાહ જેવા પ્રસંગમાં એટલો બધો ખરચો કે ધમાલ કરવાની બાપુજીએ ના પાડેલી પણ પ્રવીણભાઈએ વાત ઉડાડી દીધેલી. 'તમે ખોટું દબાણ ના કરશો, ભાઈ. ખરચો એટલે પૈસા જ ને ? છોકરીથી પૈસા વધારે છે ? આ તો ભેગા મળીને હરખ કરવાનો. ને હરખના હિસાબ હોતા હશે ?'

સગાઈના અઠવાડિયા પહેલાં અષ્ટલક્ષ્મી માતાનાં મંદિરે ગયેલાં. ત્યાં દર્શન કરતાં છાયાએ કપાળે હળદર-કંકુનો ચાંદલો કરી માથે દુપટો ઓઢેલો. ઠાવકી ગૃહિણી જેવી લાગતી હતી. એ વખતે એવું વહાલ આવી ગયું કે મંદિરનાં પગથિયાં ઉતરતા નિખિલે એને કમરથી પકડી સાવ નજીક ખેંચી લીધેલી. એ જબરી ચમકી ગયેલી. 'એ ય. મંદિરમાં ?' નીચે આવી પાળી પર બેસતાં કહેલું, 'એક વાત કહું. છાયા ?'

'કો'ને.' બોલતાં એ સહેજ નજીક ખસેલી. નિખિલે ક્યાં ય સુધી એની બંગડીઓ સાથે રમત કર્યા કરી. છાયાએ ત્રીજી વાર પૂછ્યું : 'કો'ને. શું કહેવું છે ?' પણ એ ચૂપચાપ એને તાકી રહેલો. એ દિવસે પહેલી વાર એ હસી નહીં. બે વખત નિખિલના ખભે હોઠ - નાક - કપાળ ઘસતાં બોલેલી : 'મને ખબર છે. તમારે શું કહેવું છે.'

'સાચું કહે છે ?'

હોઠ ભીડી ઊંડો શ્વાસ લઈ છોડતાં બોલેલી : 'હા. સાચું કહું છું. નિખિલ. મને ખબર છે.' ને એકાએક ઊભી થઈ ગયેલી. ચલો. ઉડીપીમાં જઈએ. ત્યાં બેસીશું. બાકી આ મંદિર ને માતાજીઓ મને મારી નાંખશે.'

'તો શું કામ આવી હતી ?'

'તમારા લીધે. ચલો. ઊઠો કહું છું.'

મારું કહેલું આટલું બધું માનતી હતી. સમજતી હતી તો પછી આવું કરવાની શી જરૂર હતી તારે ? બોલ. બોલ ને !

પણ રાતના અંધારામાં શિરીષની શીંગો ખખડ્યા કરે ને એના ખરખર અવાજમાં એની હાજરી વરતાયા કરે. હમણાં કહેશે : 'પગ લાંબા કરો ને નિખિલ. મારે સુવું છે.' એના પગ આપોઆપ લંબાય. હથેળી માથું સાહી લેવા ઊંચકાય પણ આંખ ખોલી જુએ તો એ જ મટમેલી દીવાલોને વચોવચ સ્થિર થઈ ગયેલું માતાજીનું કેલેન્ડર !

● ● ●

વહેલી સવારે નિશાભાભીએ ઢંઢોળ્યો : 'ઊઠો. તમારાં મનગમતાંનો ફોન.' આંખોમાં નર્યો મલકાટ. નિખિલે રિસિવર કાને ધરતાં કહ્યું. 'હેલો.'

'જિંદગીનું પહેલું વર્ષ મુબારક. જાનુજી.'

એ જ વાક્ય ! સાંભળીને એ થોથવાઈ ગયો. નિશાભાભીની હસતી નજર ખચ્ચ દઈને ફોડી નાંખવાની ઈચ્છા થઈ પણ સામે છેડે સુનીતા 'હલો ... નિખિલ ... હલો.' બોલતી હતી. એણે ઝડપથી કહ્યું. 'થેન્ક્યૂ.' ને ઉમેર્યું : 'થોડીવાર પછી ફોન કરું છું. પ્લીઝ.' ને તરત ઑફનું બટન દબાવી દીધું.

'શું છે આ ? ભાભી. મારે તમારી સાથે વાત કરવી છે.'

'આજે ? અરે પહેલાં તો જન્મદિવસનાં વધામણાં. દિયરજી.' કહી નિશાભાભીએ એના માથે હાથ મૂક્યો. એમની વાળમાં ફરતી આંગળીઓ. નીતરતા સ્નેહથી હૈયું ભરાઈ આવ્યું. 'બસ. ભાભી' કહી એ આશીર્વાદ લેવા નમ્યો. નિશાએ એને સાહી લેતાં સહેજ ભેટવા જેવું કર્યું ને એના બન્ને ખભે હાથ મૂકી હળવી ભીંસ દેતાં કહ્યું : 'સો વરસના થાઓ.' ને સહેજ ખસતાં પૂછ્યું. 'બોલો. શું વાત કરવી છે ?'

ઈચ્છવા છતાં એ ન પૂછી શક્યો કે : તમે સુનીતાને બધું શીખવાડો છો કે શું ? અમારી નાની-નાની વાતોની તમને ખબર છે એટલે એનો લાભ લઈને તમે મને ઈમોશનલી ... પણ એમની સામે જોતાં એટલું જ બોલાયું : 'કંઈ નહીં ભાભી. એમ જ.' ને એ પલંગમાં બેસી પડ્યો.

'એમ બેસી પડ્યે નહીં ચાલે. સુનીતા પાર્ટી લીધા વગર છોડવાની નથી.'

'પલ ચેલી તો તમારી ને. તમે આવતાં હો તો બોલો કરીએ પાર્ટી.'

'મારી વાત છોડો. હું ને તમારા ભાઈ જઈશું સાથે. તમારે સુનીતાને લઈ જવાની છે. ફોન કરો. સાહેબ. નહીં તો ઊડીને સીધી અહીં જ લેન્ડ થશે.'

ને એમની આગોતરી ગોઠવણ હોય એમ થોડી વારમાં જ ડોરબેલ રણકી. બૂકે લંબાવી મીઠું મલકતી સુનીતા ...

છાયા આ રીતે જ મરુન જ્યોર્જેટની સોનેરી કિનારવાળી સાડી અને પીઠે સોનેરી પટ્ટાવાળો બ્લાઉઝ પહેરીને આવેલી. જાનુનો સાકરપડો અને બૂકે !

નિખિલની નજર ભાભીને શોધતી હતી. પકડીને એમને ઝઝકોરી નાંખે. બંધ કરો આ બધું. શું માંડ્યું છે તમે ? મારી નાની નાની વાતોની તમને ખબર છે એટલે આ છોકરીને ભોળવી કોઈ ફિલ્મમાં ય ન આવે એવાં દશ્યો ઊભાં કરી મને મજાકથી નીચે સ્તરે ... નથી સારું લાગતું ભાભી. બહુ પીડા થાય છે મને. અરે. સુનીતાનો તો વિચાર કરો. કયા પ્રેમ ને ત્યાગને નામે તમે એની પાસે આ બધું કરાવો છો ? એની ઈચ્છા. એની લાગણી કે એની બુદ્ધિ ... કેટકેટલું બોલવું હતું પણ એ સામે આવીને ઊભાં રહે કે જીભ ઝલાઈ જાય. શરીર કોઈને વશ વર્તીને ચાલતું હોય છે એમ ...

સુનીતા બૂકે લંબાવી મલકતી હતી. તે દિવસે છાયાને આમ ઊભેલી જોઈ બાપુજી બહુ ખુશ થઈ ગયેલાં. છાયાને માટે હાથ ફેરવતાં કહે : 'અમે તો કોઈનો જન્મદિવસ ઉજવતા નથી. બેટા. ખૂબ સારું કર્યું તું આવી તે. નિખિલની બા આ દિવસે ગળી રોટલી બનાવતી.' પછી ધીમું હસતાં અંદર ચાલ્યા ગયેલા.

'થઈ જાય ભાભી. ગળી રોટલી આજે.' કહી છાયાએ પેકેટ લંબાવેલું.

'જાનુજી. કવિતાનું પુસ્તક લાવી છું. ને વાંચો ત્યારે સમંદર - મોજાં - પહાડો કે ઝાડ - પાંદડાં આવે ત્યારે અટકજો. છાયા લાવી છે એટલે સડસડાટ વાંચી ના જતા પાછા.' શું હતું એ વાક્યમાં ? એણે 'ઝાડ - પાંદડાં ?' એમ પૂછ્યું ત્યારે છાયા તો તોફાની દરિયાની જેમ ઉછળતી હતી ને એ ...

'લ્યો. મારા તરફથી નાનકડી ભેટ.' કહી સુનીતા નજીક આવી. પણ નિખિલને થતું હતું કે બધું ચસોચસ ગોઠવાયું છે. એકની ઉપર બીજું. બીજા ઉપર ત્રીજું ને એમ થર ઉપર થર. અંદર ઉતરતા જઈએ તો થાય જિંદગીના આટઆટલા થર સાવ આટલા સમયમાં ... છાયા એ ય છાયા ... અચાનક બીક લાગવા માંડી. હમણાં રાડ પડી જશે. છાયા. પણ સુનીતા હજી ય હાથ લંબાવી એને જોઈ રહી હતી.

● ● ●

યુનિવર્સિટીના પાછળના રોડે પૂરપાટ સ્કૂટર પાછળ બેઠેલી સુનીતાનો હાથ નિખિલની પીઠને સ્પર્શ્યો.

'તમે ગંજી પહેરતા નથી ?' આવા તડકામાં એકલું શર્ટ પહેરીએ એટલે પરસેવાથી ચોંટી જાય. બાપ રે ! કેવી અકળામણ થાય ? મને તો આવું જરા ય ના ગમે.

'શું બોલી તું ?' નિખિલથી એકાએક બ્રેક મરાઈ ગઈ. સુનીતાએ એના ખભા પકડી લીધા. 'હમણાં પડી જાત. ધ્યાન ક્યાં છે તમારું ?'

'સૉરી.' કહી નિખિલે ગીયર બદલ્યો ત્યારે પાછળથી કોઈ શર્ટ ઊંચું કરી પંપાળતું હોય એમ થયું.

'જા. અંદર ગંજી પહેરી છે ને ? મને ગંજી પહેરતા છોકરાઓ બિલકુલ પસંદ નથી.' પછી કાન આગળ હોઠ લાવતાં બોલી. 'સાવ માવડિયા જેવા લાગે એ તો.'

'કેમ ઘડી ઘડી બ્રેકો મારો છો ?' સુનીતાએ અકળાઈને પૂછ્યું.

'કંઈ નહીં. હવે ધ્યાન રાખીશ.' કહી નિખિલે ફરીથી ગીયર બદલ્યો.

● ● ●

સુનીતા હવે અધિકારપૂર્વક વર્તે છે. પહેલાં તો ફોન કરીને આવતી પણ હમણાંથી ઈચ્છા થાય ત્યારે આવી ચડે. આવીને સીધી નિખિલના રૂમમાં. બધાં કબાટ. લાયબ્રેરી સુધ્ધાં ઉથલાવી નાંખે છે. ધૂળ ખંખેરવાને બહાને પુસ્તકો અવળ-સવળ કરી નાંખે છે. નિખિલ કંઈ પૂછે તો જવાબ મળે : 'પુસ્તકો તો સાફ થવાં જ જોઈએ. ઉધઈ આવી જશે તો ?'

'ઉધઈ ?' નિખિલ એની સામું તાકી રહે છે. છાયાએ એની પસંદગીથી ગોઠવેલાં પુસ્તકોનો ક્રમ બદલાઈ ગયો છે. 'આમ આડાંઅવળાં ચોપડાં ન ગોઠવાય. સાઈઝ પ્રમાણે ગોઠવવાં જોઈએ.'

'એમ ?' કહી નિખિલ વિખાંતી હાર અને બદલાતો ક્રમ જોયા કરે છે. પણ એટલું જ નહીં એનાં શર્ટ, પેન્ટ ... '

'આમ રઘા જેવા શું રહો છો ? જરા વ્યવસ્થિત કપડાં પહેરો.' કહી બીજે જ દિવસે છાયા એની પસંદગીનાં શર્ટ લઈ આવેલી.

'મને આવા ચેક્સ ને ભડક રંગો નથી ગમતા.'

'તે ભલે. મને ગમે છે ને.'

'પણ છાયા, મારી પસંદગી, મારી પર્સનાલિટી, ...'

'પર્સનાલિટી પછી. મૂળ વાત. તમારે હું કહું એ જ કરવાનું.'

'તું તો ... '

'હા. હું તો મારી ય નાંખું.' કહી છાયાએ બન્ને હથેળીઓથી ગળું દબાવેલું : 'આમ'.

● ● ●

સુનીતા બીઝનેસમાં સુધારા કરવાની ને એના ભાઈની મદદ લઈ સોફ્ટવેર ડેવલપમેન્ટની વાત મૂકતી. સાંભળી અકળાઈ જવાતું. શા માટે મારી વાતમાં માથું મારતી હશે ? પણ સુનીતા તો જાણે નક્કી કરીને બેઠી છે. નિખિલને પોતાના ટેસ્ટ મુજબ ઘડવો. એ નથી શક્ય, સુનીતા. છાયાએ ધીરે ધીરે સંકોરેલો બદલાવ આજે ય અકબંધ છે. છેક અંદરથી કશુંક ગોરંભાતું ગોરંભાતું આવે અને હું ફરીથી એ જ માહોલમાં મુકાઈ જાઉં. તું કેમ એ સમજતી નથી ?

તે દિવસે કેટલી વખત પૂછ્યું : સુનીતા તમને ખબર છે ને બધી વાતની ?

'હા.'

'તો પછી મારામાં આટલો બધો રસ શું કામ લો છો ? તમને ભાભી દબાણ કરે છે. આ સંબંધ માટે ?' પણ એ તો ચૂપચાપ નીચું જોઈ હાથની એક બંગડીમાં બીજી બંગડી પરોવવા મથતી હતી. 'શું છે સુનીતા, શા માટે આવું કરવું પડે ? બોલો તો ખરાં ?' નજર ઊંચકી સીધું સીધું તાકતાં. એક જ જવાબ : 'મને ખબર નથી.'

'તમે ભાભીના કઝીન થાવ એટલે કદાચ એ તમને ... '

'ના.'

'તો પછી ?'

'મને ખબર નથી નિખિલ. પણ તમારા ને છાયાના પ્રેમને, એના અસલ રૂપને ઓળખવા મથું છું.'

'શું કામ ?'

'એ ય મને ખબર નથી.' કહી જમીન પર પડેલો ઓઢણીનો છેડો લઈ ખભે ઠેરવતાં ઊભી થઈ ગયેલી. એને આમ ચાલી જતી જોઈ નિખિલ પાછળ બૂમ મારવા જતો હતો. પથ્થર પર પાણી છે, સુનીતા. પાણી ...

લગભગ ચારેક વર્ષ પછી નદીમાં એટલું પાણી આવેલું છાયાએ જાણ્યું કે તરત હાજર. 'ચલો પૂર જોવા જઈએ.'

'પૂરમાં શું જોવાનું ?'

'લો, પાણી જોવાની કેવી મજા પડે એની ખબર છે ? ચલો, ઊઠો.' પરાણે ખેંચી ગયેલી. નર્યા મટમેલા રંગનું પાણી જોશભેર પુલના લોખંડી ગર્ડરે અથડાતું હતું. એનો ધમકાર ગાજતો હતો. પાણી ફિણોટાતું, સેલ્લારા મારતું ઘૂમરીઓ ખાઈને ઉછળતું હતું. પુલ નીચે ચકરાતો પ્રવાહ જોવા છાયા વાંકી વળીને તરત હાથ લંબાવી નિખિલને પકડી લીધો.

'મને બહુ બીક લાગે છે. તું પકડ મને.'

'પણ આમ વળગે છે શું ? જરાક આજુબાજુ તો જો.' પણ એ કશું સાંભળતી નહોતી.

'એ ય હમણાં જ અહીંથી કૂદી પડું તો ? મરી જઈશ ને ? નિખિલ, કે'ને.'

એણે છાયાને જોરથી ભીંસી દીધેલી. 'ફરીથી આવું બોલીશ તો ધોલ મારી દઈશ.'

એક પળ એની આંખમાં સીધું તાકતાં બોલેલી. 'તું તો સાચે જ બહુ પ્રેમ કરે છે.'

'એટલે ?'

'કેટલો પ્રેમ કરે છે, આટલો ?' કહી હવામાં બન્ને હાથ પહોળા કર્યા ને બોલી. 'આટલો બધ્ધો ?'

'બસ હવે, પડી જઈશ.'

પણ એ એક ટક એની સામે જોઈ રહી હતી. એના હાથ ખુલ્લા, હવામાં ફેલાયેલા અને આંખો છલ છલ !

તો પછી શું કામ નાસી ગઈ પેલા જોડે ? તારા સિવાય કોઈ આ રીતે શ્વાસ રૂંધી મૂકે એમ એકાકાર નથી થયું. કેટલું ચાહું છું તને ખબર છે ? નિખિલને લાગ્યું એની જાણ બહાર એના ધબકારા બેવડાઈ ગયા છે.

અરે છેલ્લે ઘેર આવી, બસ પૂર જોવા ગયાં ના ત્રીજા દિવસે ... ત્યારે ... કહેતી હતી : 'આટલો બધો પ્રેમ શું કામ કરે છે મને ? આ હેત હું ક્યાં સાચવીશ, નિખિલ ?'

એ કશું બોલવા ગયો તો છાયાએ એના મોં પર હાથ મૂકી દીધેલો.

'કશું ય ના બોલીશ, ના કશું જ નહીં.'

પછી ક્યાં ય સુધી નિખિલના પગ પર માથું઼ ઢાળી બેસી રહેલી. જતાં જતાં યાદ આવ્યું : 'અરે, મેં આજે મેંદી કરી છે વાળમાં. તારે સૂંઘવા નથી ?'

'આજે તું બહુ સીરિયસ થઈ ગઈ છે.' એ ચૂપચાપ એની નજીક આવી હતી. નિખિલે એનું માથું સાહી લેવાય એટલો ઊંડો શ્વાસ લઈ વાળ સૂંઘ્યા. એક વાર મન ન ભરાતાં બીજી વાર. ... ત્રીજી વાર ને છાયાએ એની છાતીમાં કપાળ ઘસતાં કહ્યું : 'બસ ... બસ. હવે છોડ. જવા દે મને.'

છેલ્લું વાક્ય ઈરાદાપૂર્વક બોલી હોય એમ જતી જ રહી. હજી ય સમજાતું નથી. શું કામ ? મેં તારું શું બગાડ્યું હતું, છાયા, કે તેં આવી રીતે ...

હા, એ રાત્રે એનો ફોન આવેલો –

'એક વાત, નિખિલ, હું તારાં ચશ્માં આપી આવી છું. સ્લીપ ભાભીને આપી છે. લઈ આવજે. અને સાંભળ, નિખિલ ... મારે તને એક ખાસ વાત ... બોલતાં તો એનો અવાજ ઠરડાઈ ગયો ને ફોન કપાઈ ગયો. નિખિલે ઘણી વાર ટ્રાય કર્યો પણ સતત એંગેજ ટોન અને મોબાઈલ સ્વીચ ઑફ !

● ● ●

શું કરવું એ સૂજતું નહોતું. એણે હવામાં હાથ ફેરવી કશુંક પકડવા ઝાંવાં માર્યાં. પણ અંધારું એમ હાથમાં આવે એવું નહોતું. જે પરિસ્થિતિ છે એનો સામનો કરવાની હિમ્મત જાણે ભાંગી ગઈ હતી. સુનીતાને ના પાડવાની સ્વતંત્રતા હતી ત્યારે ચૂપચાપ બધું ચાલવા દીધું ને હવે નહીં વેઠાય એવું લાગે છે ત્યારે પોતે જ ઊભી કરેલી વાડ નજીક ઘસતી આવે છે. ના, આ રીતે રહેંસાઈને મરવું એના કરતાં, સુનીતાને ના પાડી દઈશ. નહીં ફાવે. કોઈ જ કારણ નથી, સુનીતા. તું સારી જ છે. ખૂબ સારી. પણ ના. પ્લીઝ. ના.

પછી એક વખત ગોંડલ જઈ આવું. છાયા પાસે. બસ એટલું કહે, શું કામ આવું કર્યું તેં ? મને આવી રીતે છેતરવાની શી જરૂર હતી ? બોલ.

પણ એ તો એની ટેવ પ્રમાણે હસી પડશે ખિલ ખિલ. ને પછી એની આંગળીઓ પકડીને મુઠ્ઠીમાં દબાવ્યા કરશે. ઊંધી હથેળી દબાવતાં પૂછશે : 'સાવ આવું, નિખિલ, સાવ ? પછી તમારે તમારું શું કામ છે ? એ ય, આપો ને જવાબ.'

ને જીવન પીઠ ફેરવીને ઊભું રહેશે. સુકાયેલા થડિયા જેવો એ ખોડાઈ જશે ત્યાં ને ત્યાં ને એ તો ... ...

પણ એના વગરેય જીવી શકાય. જેટલી ક્ષણો સચવાયેલી છે એટલી એક જન્મ પૂરતી તો ઘણી. આટલી અમથી જિંદગી નહીં જીવાય ?

અચાનક આંખ સામે બાપુજીનો ચહેરો આવી ગયો.

સાવ ઢીલા અવાજે બોલતો : આપણે ય આવું કરવાનું, બેટા ? સંબંધો પર ઘસરકો કરીને કોઈ ચાલી જાય એટલે આપણે ય એવું શીખવાનું ? તાણો-વાણો ગૂંથવાને બદલે તમે ... વળ વછોડીને શું કરશો ? તમે ઊઠીને આવું કરશો તો ... ને એમની સામે જુએ તો આખાએ ચહેરામાં ધ્યાન ખેંચે એવું કશું જ ના હોય, સિવાય આંખો !

● ● ●

નવાં ચશ્માં લઈ આવવાનો સમય મળ્યો જ નહીં. છાયાએ આવું કર્યું એટલે ભાભીને ય પેલી સ્લિપ નહીં યાદ આવી હોય. આજે છેક આટલા વખતે થયું લાવ, એની છેલ્લી ઈચ્છા ય પૂરી કરી દઉં. અંદર આવી પૂછ્યું : 'ભાભી, તમને કોઈ સ્લિપ આપી હતી છાયાએ ?'

'હજી એ છાયા જતી નથી મગજમાંથી ?'

'ચશ્માંની સ્લિપ હતી.'

'મૂઆં ચશ્માં ને મૂઈ સ્લિપ. એવી ફરંદીઓને વળી શું કામ યાદ કરવાની ? આટલી પીડા પહેરાવી છે એ ઓછી પડે છે તે હવે ચશ્માં ... '

એ ચૂપચાપ ભાભી સામે જોઈ રહ્યો. એની નજરનો તાપ ન જીરવાતો હોય એમ નિખિલ પાસે આવી બોલ્યાં, 'બેસો, અહીં શું છે ?'

'કંઈ નહીં. આ તો એ ગઈ એની આગલી રાત્રે એનો ફોન હતો કે મારે માટે નવાં ચશ્માં ... ' બોલતાં એનો અવાજ ગળગળો થઈ ગયો. ભાભીએ એનો હાથ હાથમાં લઈ હળવી ભીંસ આપી. એમની આંખમાં ભીનાશ છવાઈ. હોઠ ભીડતાં આંસુ ખાળતાં હોય એમ ચહેરો તંગ થયો. નિખિલની બાજુમાં બેસી પડતાં બોલ્યાં : 'શું, ભઈલા ?'

નિખિલને થયું એ હજી થોડી વાર ઊભો રહેશે તો ભાભી રડી પડશે. માત્ર ભાભી નહીં એ પોતે પણ ... કેટલી ય વારે એનાથી બોલાયું : 'સાચું કે'જો, ભાભી, એ એવી હતી ? ફરંદી ? ... ' ફરંદી બોલતા એનો અવાજ ધીમી ચીસ ફાટી જાય એમ તરડાઈ ગયો. ભાભીએ એના ખભે હાથ મૂકી બીજો હાથ માથે ફેરવતા કહ્યું, 'ના.'

'કશુંક તો હશે ને, ભાભી, એવું કંઈક કે માણસ ... તમે સમજો છો ને ?'

'આમ ઢીલા શું થઈ જાવ છો ? જે હશે એ. હવે એ ગોઠવાઈ ગઈ. આપણે એનું ભલું તાકવું.' સહેજ અટકીને બોલ્યાં : 'પણ સુનીતાનો વિચાર કરજો. શા વાસ્તે એણે આવો છંડાયેલો સંબંધ સ્વીકારવો પડે ? એ મારી સગી છે એટલે ...

બહાર છોકરાંઓની ચિચિયારીઓ અને રીડિયો ઊભરાયો. ટ્રકની ભારે ઘરઘરાટી અને કોલાહલ ! ભાતભાતના અવાજો આવતા હતા. ભાભી શું થયું એ જોવાં બારી તરફ ખસ્યાં. બહાર રસ્તા પર ક્રેઇન ખસતી હતી. એનાથી થોડે દૂર એક ટ્રક ગોઠવાતી હતી. ટ્રકમાંથી લીલીછમ ડાળીઓ ડોકાતી હતી.

'શું થયું, ભાભી ?'

'ખબર નહીં પણ કંઈક રોડનું કામ થવાનું હોય એમ લાગે છે.' સામેથી કોઈ આવતું દેખાતાં બોલ્યાં : 'આ આવે જયંતીભાઈ, પૂછી લઉં.'

'કશું નહીં નિશાબેન. આ પેલા 'પ્રોજેક્ટ ગ્રીન' કરીને કોઈ છે. ઝાડ વાવવાં આવ્યાં છે.'

'એમાં આટલી બૂમાબૂમ ?'

'લોકને તો જોણું થયું, ભઈ. હાલને હાલ પાવડો ચલાવી ખાડો ગોડવા માંડ્યો ને ગોડાય ત્યાં તો ઝાડવાં ય આઈ પોગ્યાં. કંઈક નવી ટેકનીક છે, ભાભી. આખે આખું ઝાડ જ ઊભું થઈ જાય શું ? તાબડતોબ ખાડો ગોડતા ક એમાં પાધરું બીજે ઉછેરેલું મોટું મસ ઝાડ પધરાવી દેવાનું. બુલડોઝર દેવની જે. કશી આપદા જ નહીં. ના જોવે વાડોલિયાં કે નઈ ખોડવાનાં પાંજરાં. મહિનામાં તો રેડીમેડ છાંય લો. જોવા જેવું છે, હોં.' કહી હસીને આગળ વધ્યા.

'આ તો નવું, ભાઈ ... ' કહેતાં ભાભી ફર્યાં.

'શું કહેતા 'તા સુનીતાનું ?' ત્યાં એન્જિનની ઘરઘરાટીથી વાતાવરણ ઘમરોળાઈ ગયું. નિખિલ બોલતો હતો : 'સુનીતાને હું ના પાડી દેવાનો છું. ભાભી, છાયા વગર મારાથી ... મને મારી જાતમાં જીવવા દો. કોઈને ય પરણ્યા વગરેય જીવાય જ ને ભાભી. તમે સુનીતાના સદ્દભાવને લાગણીમાં બદલવાના ... પણ એનો અવાજ ટ્રકની ઘરઘરાટીમાં દબાઈ ગયો. ... એ ઘાંટો પાડી બોલતો હતો. ... ના પાડવાની છે મારે ... ના ... ડ્રાઈવર જોરથી એકસીલેટર દબાવતો. પાછળ ઊભેલાં વાહનોના હોર્ન ... માત્ર અવાજો ... માથું ફાટી જાય એવા અવાજો. એ ઊંચો થયો ને એની સામે ફસાયેલા ટાયરના ચીચુડાટા ને કાળામેશ ધુમાડામાં છવાયેલી પીળી ટ્રક આવી ગઈ.

[2 Hill Court, 953, Harrow Road, WEMBLEY,
Middlesex HA0 2RZ, U.K.]

●

(૩)

## શતરંજ

○ હરનિશ જાની

સામાન્ય રીતે મારા પાડોશી હિમાંશુની ઓળખાણ તમને કરાવી હોત તો હું અચૂક બોલ્યો હોત કે 'મળો હિમાંશુ મહેતાને. હિમાંશુ ન્યુયોર્ક સિટીમાં એન્વાયરોમેન્ટલ એન્જિનિયર છે. હમણાં તાજા ઈન્ડિયાથી આવ્યા છે. અને જ્યોતિષમાં વિશ્વાસ નથી. અને જોષીઓને ધિક્કારે છે.'

હિમાંશુ અને સુમેધા અમારા પાડોશી હતાં. બન્ને ખૂબ યંગ હતાં. પરણે પાંચેક વરસ થયાં હશે. અમેરિકામાં આવે બે વરસ થયાં હતાં. એટલે તાજાં જ અમેરિકા-વાસી ગણાય. અમે છેલ્લા બાર વરસથી ન્યુયોર્કમાં હાઈરાઈઝ "ન્યુયોર્ક ગાર્ડન્સ"માં રહેતા હતાં. ન્યુયોર્ક શહેરમાં બિલ્ડીંગને ગાર્ડન્સના નામ આપી ગાર્ડનની ખોટ પૂરી કરાય છે. બાકી રહ્યું હોય તેમ રેસ્ટોરાંને "રેઈન ફોરેસ્ટ", "ગ્રીન ફોરેસ્ટ" જેવાં નામ આપે છે. એટલે આ ન્યુયોર્ક નામના કોંક્રીટના જંગલમાં વૃક્ષની છાંયમાં ભોજનનો સંતોષ થાય. હિમાંશુ અને સુમેધાનું એપાર્ટમેન્ટ અમારા એપાર્ટમેન્ટની બાજુમાં જ કાટખૂણે હતું. એટલે અમારા બારણાં પણ નજીકમાં પડતાં. એ બન્ને અમારા પર ખૂબ પ્રેમ રાખતાં. એ બન્નેએ અમને દેશની યાદ અપાવી દીધી હતી. શરૂઆતમાં અમે એવો આગ્રહ રાખતા કે અમને ફોન કરીને મળવા આવે. પરંતુ મારી પત્ની અને સુમેધાની મિત્રતાએ બધી ઔપચારિકતાને તિલાંજલી આપી દીધી હતી. હવે તો પરિસ્થિતિ એવી છે કે શનિ રવિ સાથે જમીએ છીએ. અને અમારે ઘેર જો મહેમાન આવે તો, તેમાં તેઓ પણ જોડાઈ જાય છે. અમે અમેરિકાના પાડોશી મટીને હવે દેશના પાડોશી બની ગયા છીએ. એ લોકો ઘણી બધી વાતોમાં અમારી સલાહ પણ લેતાં.

૩૦ માળના અમારા બિલ્ડીંગમાં. અમે ૧૪મા માળે રહેતાં હતાં. અમારા બિલ્ડીગમાં ૧૩મો માળ નહોતો. ૧૨ પછી સીધો ૧૪ આવી જતો હતો. આમ કરવાનું કારણ એટલું જ કે ૧૩ના આંકડાને અપશુકન માનનારાઓના જીવને શાંતિ થાય. હિમાંશુને જ્યોતિષમાં જરા ય વિશ્વાસ નહોતો. ત્યારે બીજી બાજુ સુમેધાનું જીવન જ્યોતિષશાસ્ત્ર પર નિર્ભર હતું. મુહૂર્ત જોયા સિવાય તો તે એલિવેટરમાં પણ નહોતી બેસતી. ઘરમાંથી બહાર નિકળતાં એ સૌ પ્રથમ જમણો પગ જ બહાર મુકતી. હિમાંશુ તેના આ બધાં વ્હેમોમાં ન માનતો. નાના મોટા દરેક કામ માટે સુમેધા હરિહર પુસ્તકાલયની દેશમાંથી લાવેલી જ્યોતિષની ચોપડીમાં પહેલું જોતી કે ખરાબ મુહૂર્ત તો નથી ને ! અને જેટલી વાર તે તેમ કરતી તેટલી વાર હિમાંશુ અકળાઈને બૂમ પાડતો. એક વાત ચોકકસ છે. ભગવાન પાસે જરૂર કોઈ ફોર્મ્યુલા હશે. જ્યારે લગ્નની જોડીઓ બનાવતો હશે. ત્યારે તે ફોર્મ્યુલાનો ઉપયોગ કરી જુદા જુદા સ્વભાવવાળાં સ્ત્રીપુરુષને સાથે ગોઠવી અને પતિ પત્નીની જોડ બનાવતો હશે. બન્નેનો કોઈપણ ગુણ એક સરખો ન હોય એની કાળજી રાખતો હશે. હિમાંશુ અને સુમેધામાં પણ આવું જ કાંઈક હતું. આ જ્યોતિષ શાસ્ત્ર એ બન્નેની વચ્ચે અટવાતું હતું. હું અને મારી પત્ની અલકા

જયોતિષશાસ્ત્ર પાછળ દોડીએ એવાં નબળાં મનનાં નહોતાં. અથવા તો સત્યનારાયણ ભગવાનના પ્રસાદનો અનાદર કરીએ એવાં અવિવેકી નહોતાં. ઘણી વખતે આપણને લાગે કે હિંદુ ધર્મ ધાક ધમકીના સિધ્ધાંતો પર જ રચાયો છે. ભગવાનને પ્રસન્ન રાખવા હોય તો આમ કરવું પડે. જો આમ નહીં કરો તો ભગવાન ક્રોધે ભરાશે. અને તમે પાયમાલ થઈ જશો. ક્રોધે ભરાય તેને કરુણાનો અવતાર કેમ કહેવાય ? એ ભગવાન છે કાંઈ હેડ માસ્તર થોડા છે ? સત્ય નારાયણ ભગવાનનો પ્રસાદ ન ખાવ તો મર્યા સમજો. ઘણી વખતે આપણને લાગે કે આ તો ગોડ છે કે ગોડફાધર ? ભગવાનની વાત છોડીએ પરંતુ પત્નીને હું કદી ક્રોધે ભરાવવા ન દેતો. ... અને એવું જ કાંઈક હિમાંશુના વર્તનમાં હતું. પરણે પાંચેક વરસ જ થયા હતા એટલે હજુ પોતે પુરૂષ છે એ વાત ભૂલાઈ નહોતી. અને હજુ આદર્શ પતિના ગુણો આવ્યા નહોતા. બીજાં બે ત્રણ વરસમાં એની સાથેની સ્ત્રી એને પતિ બનાવી દેશે. કદાચ હિમાંશુ પણ જયોતિષમાં માનતો થઈ જાય. સુમેધામાં પુરૂષને વશમાં કેવી રીતે લેવો એ જન્મ જાત સંસ્કાર હતા.સુમેધાની ધાર્મિક લાગણીઓને કારણે ઘણી વખતે તેમને મતભેદ થતા. તે જયોતિષના કારણે જ હિમાંશુ સાથે ઝગડો કરતી. એમના દરેક ઝગડામાં સુમેધાની દરેક વાતમાં, અંધશ્રધ્ધાનું કારણ રહેતું.

સુમેધા ઈન્ડિયા ગઈ હતી. ત્યારની આ વાત છે. હિમાંશુ એકલો હતો. તેમ છતાં દેખાતો નહોતો. બહારનો બહાર રહેતો હોય એમ લાગતું. વર્ક પરથી સીધો ટેનિસ રમવા જતો. આમે ય ઘેર કોઈ હતું નહીં. એટલે સુમેધાની ગેરહાજરીનો લાભ લેવા લાગ્યો. શનિ રવિની રજામાં પણ સવારથી નિકળી જતો. અમને લાગતું કે હિમાંશુ એકલો છે એટલે બૉડવે શો અને ફિલ્મો જોવામાં સમય ગાળે છે. અમારે ત્યાં પણ આવવાનું છોડી દીધું હતું. અમને એમ કે હશે. ભાઈસાહેબ સ્વતંત્રતાના શ્વાસ લે છે. મહિનો દહાડો મળ્યો છે. છો હમણાં ન આવે. અને એક દિવસે સવારમાં જ તે મળ્યો. કહે કે 'આવતી કાલે સુમેધા આવવાની છે.' મારી પત્ની અલકાને તો ખબર હતી. અલકાએ મને જણાવ્યું કે સુમેધા સાથે તે ઈ-મેઈલથી સંપર્કમાં હતી. બીજે દિવસે હિમાંશુ, સુમેધાને કેનેડી એરપોર્ટ પરથી લઈ આવ્યો. અને ઘેર આવ્યાંને બીજે દિવસથી બન્નેની ગાડી રાબેતા મુજબ દોડવા લાગી.

સુમેધાની ઈન્ડિયાની વિઝીટ પછી મેં હિમાંશુની વર્તણૂકમાં એકાએક ફેરફાર જોયો. હું અને હિમાંશુ અમારા બિલ્ડીંગમાંથી સાથે બહાર નિકળતા હતા અને એક કાળી બિલાડી અમારા પગ પાસેથી દોડી ગઈ. અને હિમાંશુ અટકી ગયો. અને એણે પાછલા દરવાજામાંથી જવાનું સૂચન કર્યુ. મને થયું આ શું ? આ ભાઈ આમ કેમ બદલા૦ ગયા. તે પછી મેં જોયું કે હિમાંશુ વાતે વાતે જયોતિષશાસ્ત્રનો આધાર લેતો હતો. મે એને ઘણી વખતે પૂછ્યું કે જયોતિષમાં કયારથી માનતો થઈ ગયો ? પણ તે જવાબ નહોતો આપતો.

મેં સુમેધાને પણ વાત વાતમાં પૂછ્યું કે. 'આ ભાઈને તેં એવું તો શું કરી નાખ્યું છે. કે જયારથી તું ઈન્ડિયાથી આવી છે ત્યારથી આ ભાઈ. અરવિંદ જોષીનું નામ બોલ્યા કરે છે. આ બધું છે શું ?

સુમેધાએ કહ્યું કે 'અરવિંદભાઈ અમારા કુટુંબના જયોતિષી છે. અને તેમને ત્રિકાળનું જ્ઞાન છે. તેમણે હિમાંશુની કુંડળી બનાવી છે. હિમાંશુના કહેવા મુજબ એમાં જાત જાતની વાતો લખી છે. કેટલીક તો એવી વાતો છે કે જેની તેને એકલાને જ ખબર છે.'

મેં વાત હસીને ઉડાવી દીધી પણ એ વાત મારા માનવામાં ન આવી. વરસોની માન્યતા આમ એક બે દિવસમાં ફકત કુંડળીને આધારે કાંઈ ન ઉડી જાય. જો કુંડળીઓ પ્રમાણે લોકોનાં જીવન બનતાં હોય તો પછી કોઈ જોષીને લોટરી કેમ નથી લાગતી ? પરંતુ એક વાત ચોકકસ હતી કે તે અચાનક જ અંધશ્રધ્ધાળુ બની ગયો હતો. એપાર્ટમેન્ટમાંથી બહાર નિકળે ત્યારે જમણો પગ પહેલો મુકતો. બધાં કામ મુહૂર્ત જોઈને કરતો. અરે ! યાન્કીની બેઝબોલ ગેમ જોવા જતાં ચોઘડિયાનો ખ્યાલ રાખતો ! ... જેથી એની ફેવરિટ ટીમ જીતે. હવે તેની અને સુમેધા વચ્ચે ઝગડા પણ ઘટી ગયા હતા. હિમાંશુ, સુમેધા પર ખૂબ પ્રેમ વરસાવતો હતો. બન્ને હવે ઊંચેથી એકમેક સાથે બોલતા પણ નહોતા. આ રાતો રાતના સ્વભાવના ધરખમ ફેરફાર પાછળ કાંઈક બીજું જ કારણ હોવું જોઈએ. એમ મને લાગતું.

એક દિવસે. વર્ક પરથી નિકળી અને અમે બન્ને ઘેર જતાં એક જ ટ્રેનમાં ભેગા થઈ ગયા. વાત વાતમાં એકાદ ડ્રિંક પીવાનું નકકી કર્યુ. અમે બન્ને ઘણીવાર ઘર પાસેના "ન્યુયોર્કર" માં જતા. આજે પણ ત્યાં ગયા. વાતો ચાલી. ગપ્પા શરૂ થયા. અને એક બે બીયર પેટમાં ગયા.

અને મેં વાત છેડી. 'યાર. તું આ જયોતિષમાં ખરો માનતો થઈ ગયો. શું બન્યું છે ? માંડીને વાત કર.'

અને એણે વાત ચાલુ કરી.'અભિજિતભાઈ. મારે માનવું પડે એવું કાઈક બન્યું.' ... મને થયું કે હવે વાત નિકળવાની. અને બીયરનો કમાલ હોય કે પછી ગુન્હાહિત માનસનો અજંપો હોય.

હિમાંશુ બોલ્યો. 'કોઈને ખબર નથી પણ મને મારા વર્ક ઉપર અમારી ઓફિસની એક છોકરી સાથે ફ્રેન્ડશીપ હતી. મને ખબર નહીં કે તે મને પ્રેમ કરે છે. જયારે સુમેધા ઈન્ડિયા ગઈ ત્યારે અમારી ફ્રેન્ડશીપ વધી ગઈ. અમે લંચ અને ડિનર સાથે લેવા લાગ્યાં. છેવટે અમે એક મોટેલમાં જવાનું નકકી કર્યુ. તે મને નકકી કરેલા સમય મુજબ મોટેલ પર મળી. અને તમે માનશો ? અમે રૂમમાં ગયાં. અને બેઠાં પણ ન હોતાં અને મારા મોબાઈલ ફોનમાં રીંગ થઈ. સામે સુમેધા હતી. તે બોલી 'અભિજિત , તું કયાં છે ?'

મે સામે પૂછ્યું, 'તું કયાં છે ? અને તારે શું કામ છે ? તું અમેરિકા પાછી આવી ગઈ ?'

ના હું અમદાવાદમાં જ છું. અને અત્યારે તારી સાથે કોઈ સ્ત્રી છે ?' હું એકદમ ચમકયો. એને કયાંથી ખબર પડી ?

મે પૂછ્યું, 'હવે જવા દે એવી ગાંડી વાતો. અને આમ કેમ પૂછે છે ?'

સુમેધાએ કહ્યું કે. 'અત્યારે હું અને મમ્મી પ્રખ્યાત જયોતિષી અરવિંદભાઈને ત્યાં બેઠાં છીએ. અને અરવિંદભાઈને તારી જન્મકુંડળી બતાવીએ છીએ. અરવિંદભાઈ ત્રિકાળજ્ઞાની છે. એમણે તારી કુંડળી જોઈને કહ્યું કે તારી સાથે અત્યારે કોઈ સ્ત્રી છે. અને તેમણે તે વાત ચેક કરવાની ચેલેન્જ આપી છે. મેં એમની વાત નથી સાંભળી. પણ તને પૂછું છું કે તું અત્યારે કોઈ સ્ત્રી સાથે છે ?'

મને દિલમાં ધ્રાસ્કો પડયો. 'ના. ના એવી વાહિયાત વાત ના કર.' અને તેણે આગળ વાત ચલાવી અને કહ્યું કે તે બીજે દિવસે અમેરિકા આવવા નિકળે છે. સાહેબ. હું ત્યાંથી ભાગ્યો. આપણું જયોતિષશાસ્ત્ર આટલું સચોટ હોઈ શકે ? આજ સુધી એ વાત વિચાર્યા કરું છું. જયોતિષથી પ્રભાવિત થવા માટે , આ બનાવ પુરતો છે. આપણે કાનપટ્ટી પકડી છે ત્યારથી.'

હિમાંશુની આ વાતે મને વિચારમાં મૂકી દીધો. હિમાંશુને બીજી છોકરી સાથે લફરું છે. તેનો વિચાર કરવા કરતાં આ જયોતિષની બલા પર વિચારવા લાગ્યો. સુમેધાના ફોનની વાત પણ સાચી હશે. તેમ છતાં ચકાસવી પડશે.

વાતને બે પાંચ દિવસ થયા. અને અલકા અને હું અમારા એપાર્ટમેટની બાલ્કનીમાં બેઠાં હતાં. ત્યારે વાતમાંથી વાત નિકળી અમારા પાડોશીના જયોતિષના અંધવિશ્વાસની. અલકા કહે કે 'તને ખબર છે અભિજિત ? કે હિમાંશુ કેવો બદલાય ગયો છે. જયોતિષ વિના હવે તે હાલતો પણ નથી.'

મેં અજાણ્યા થઈને પૂછ્યું 'હા. મને પણ નવાઈ લાગે છે. આમ કેમ ફેરફાર થઈ ગયો હશે ? તને શું લાગે છે ?' અલકા બોલી.'સુમેધા ઈન્ડિયા ગઈ હતી ત્યારે તેને હિમાંશુના અફેરની જાણ થઈ ગઈ હતી.'

'હિમાંશુને અફેર હતો?' મેં નાટક ચાલુ રાખ્યું.

'તેણે હિમાંશુની ગર્લફ્રેન્ડનું પોલ પકડી હતી. અને તે વાત સુમેધાએ જયોતિષ વિદ્યાથી પકડી એવું હિમાંશુના મગજમાં ઠસાવ્યું. એટલે એ સાહેબ. સુધરી ગયા છે !'

'તો ખરી વાત શું હતી ?' મે વાતનો તાલ ગુમાવ્યા સિવાય પૂછ્યું. અલકાને આમ પણ સુમેધાની ખાનગી વાત કોઈને કરવાનો ઉચાટ

હતો. હું તે માટે યોગ્ય હતો.

'તને ખબર છે કે સુમેધા હિમાંશુની ન્યુયોર્કની બધી હલચલ પર અમદાવાદમાં બેઠી બેઠી ધ્યાન રાખતી હતી. સુમેધા પાસે હિમાંશુના ઈ–મેઈલ એકાઉન્ટનો પાસવર્ડ હતો. તે રોજ હિમાંશુની મેઈલ વાંચતી હતી. તેણે એક ઈ–મેઈલમાં વાંચ્યું કે ફલાણા દિવસે વર્ક ઉપરથી નિકળી, હિમાંશુ તે છોકરીને ફલાણી મોટેલમાં બરાબર સાંજે છ વાગે મળવાનો છે. તે જ ટાણે તેણે હિમાંશુને પકડ્યો અને જ્યોતિષીનું બહાનું કાઢીને પૂછ્યું કે તેને કોઈની સાથે સંબંધ છે કે કેમ ? ... હિમાંશુ ભડકી ગયો છે. અને હવે જ્યોતિષમાં માનતો થઈ ગયો છે.'

હું પણ મનોમન ભડકી ગયો. સારું થયું અલકાએ આ વાતનો ફોડ પાડ્યો. બાકી હું પણ અરવિંદ જોષીનો ફોન નંબર મેળવવાનું વિચારતો હતો. મને એ પણ વિચાર આવ્યો કે ન્યુયોર્કના સાંજના છ એટલે અમદાવાદની અડધી રાત. અરવિંદ જોષી ઊંઘે કે લોકોની કુંડળી બનાવે ?!

– જે હોય તે. પણ અહીંથી ઊઠીને, સૌ પ્રથમ, તો મારા ઈ–મેઈલ એકાઉન્ટનો પાસવર્ડ બદલી નાખવાનું નક્કી કર્યું.

[4.Pleasant Drive, YARVILLE, NJ 08620, U.S.A.]
E mail, harnish5@yahoo.com

●

(૪)

# તમને કયો અંત ગમશે ?

○ વિનય કવિ

*કશું લોપાતું નથી અહીં સદા માટે*
*જનારું જાય છે પાછું આવવા માટે*

આજે કૉલેજનો પહેલો દિવસ હતો. મકાનના દરવાજા સુધી સુમન સાથે હતો એટલા એના પગમાં તરવરાટ હતો. છતાં મનમાં થોડોક ગભરાટ હતો: કેવાં હશે સાથી કૉલેજિયનો ? મને પજવશે તો નહીં ને ? પરંતુ એની ચિંતા અકારણ હતી. એના વર્ગના કૉલેજિયનોનો પણ આ પહેલો દિવસ હતો. અજાણ્યા સ્થાને, અજાણ વ્યક્તિઓને જોવાના પ્રાથમિક સંકોચ પછી બધાંએ એકમેકથી હળવા મળવાની તક ઝડપી હતી.

પ્રથમ દિવસ આનંદપૂર્ણ પસાર થયો એથી મનોમન ખુશી અનુભવતી એ કૉલેજથી ઘેર જઈ રહી હતી. વચ્ચે બગીચો પડતો હતો. દૂરથી એને લાગ્યું કે બેંચ પર બેઠેલો એક માણસ એને ટીકી ટીકીને જોઈ રહ્યો છે. સહેજ નજદીક પહોંચી તો એ ઊભો થઈ ગયો હતો. એના વદન પર આનંદ અને આશ્ચર્ય સ્પષ્ટ વર્તાતાં હતાં : 'આભા !'

એ હેબતાઈ ગઈ. છતાં હિંમત રાખી બોલી, 'કોણ આભા ? કોણ છો તમે ?'

'મને ના ઓળખ્યો ? હું વસંત છું, આભા.'

'મારું નામ આભા નથી, વિભા છે. હું તમને ઓળખતી નથી.' એણે બીજી બાજુ ફંટાઈ જવાનો પ્રયાસ કર્યો.

'શું કહે છે તું ? તું આભા નથી ? ... પણ આ ચહેરોમહોરો તો આભાનો છે ?'

વિભાને થયું કે આ માણસનું મગજ ઠેકાણે નથી. થોડો પાગલ હોવો જોઈએ. 'તમારી ભૂલ થાય છે; મારા માર્ગમાંથી ખસી જાઓ.'

'ખસી જાઉં ? જેમ તું મારા જીવનમાંથી ખસી ગઈ ? શા માટે ? કહે શા માટે મને એકલો કરી દીધો ?'

વિભા ખરેખર ગૂંચવાઈ ગઈ: શું કહેવું આ ભાન ભૂલેલાને ? એટલામાં સારું થયું કે સુમન આવી ગયો. 'મારી રાહ તો જોવી'તી ! કૉલેજ છૂટતાં જોયું તો તારો ક્લાસ ખાલી થઈ ગયો હતો. કોણ છે આ જણ ?'

હાશ અનુભવતાં એ બોલી. 'હું ના કહું છું તો ય એ મને આભા કહ્યા કરે છે.'

સુમને પેલાને બોચીથી પકડ્યો. 'બદમાશ, શરમ નથી આવતી એકલદોકલ છોકરીને હેરાન કરતાં ?'

એણે હાથ ઉગામ્યો ત્યાં તો વિભાએ કહ્યું, 'શું કરે છે ભાઈ ? રહેવા દે. એણે મને કંઈ નથી કર્યું.'

પેલાને બેંચ પર ધકેલતા સુમને ચેતવ્યો, 'ખબરદાર, ફરી મારી બહેનનું નામ લીધું તો તારાં હાડકાં ખોખરાં કરી નાંખીશ.'

'મારી આભા આવી જ હતી, ભાઈ.' પોતાના ગળગળા સ્વરમાં વિષાદ હતો. 'આ જ નાક, આવા જ વાળ, આવું જ મુખ ... '

એના બડબડાટને અવગણતાં સુમને કહ્યું, 'ચાલ બહેન, આનું ખસી ગયું લાગે છે.'

વિભા ભાઈની આગળ થઈ. જોવું ન હતું છતાં પાછળ જોવાઈ ગયું. પેલો હજુ એમની તરફ જોઈ રહ્યો હતો. આખે રસ્તે વિભાને આજનો વિચિત્ર પ્રસંગ સતાવતો રહ્યો. ભૂલવા મથી, પણ એ બેંચ, પેલી આદમી, એનું અકલ્પિત વર્તન રહી રહીને નજર સામે ફરતાં રહ્યાં. કોણ હશે આ આભા ? ભાઈ સમયસર ના આવ્યો હોત તો શું થાત એ દહેશતની સાથે સાથે એ બાબતથી પણ સારું લાગ્યું કે એણે ધોલધપાટ ન કરી. પેલો કદાચ અડધો ગાંડો હશે, પણ એના બોલવામાં આક્રમકતા ન હતી. એની દૃષ્ટિમાં કામુકતા ન હતી. ગુસ્સાને બદલે એના પર દયા કેમ ઉપજે છે ?

કૉલેજ જતાં અને પાછા વળતાં એને દરરોજ જોયો પેલા બેંચ પર; પણ હવે એ ઊભા થઈને વાતચીત કરવાનું સાહસ નહતો કરતો. બસ એકીટશે જોઈ રહેતો. વિભાને અચરજ થતું હતું – સવારથી સાંજ સુધી એ બેસી રહે છે શા માટે ? એને ઘરબાર નહીં હોય ? સગાંવહાલાં નથી ? શું મારાં દર્શન માટે જ સવારસાંજ દોડી આવે છે ? વિભાને પોતાના સવાલ પર હસવું આવ્યું. કોઈ યુવાન મોહી પડ્યો હોત તો કંઈક ગર્વની, આનંદમય ગુદગુદી થાત. પરંતુ આ તો આધેડ વયનો માણસ છે; એને મારામાં શું રસ છે ?

અજાણતાં જ રસ તો વિભાના હૈયામાં જાગ્યો પેલાને મળવાનો, ઓળખવાનો. એની દુનિયામાં ડોકિયું કરવાનો. એ સાચે જ ઘેલો છે કે દેખાવ કરે છે ? એ છે કોણ ? ક્યાંથી આવ્યો છે ? કરે છે શું ? વળી પેલી આભા કોણ છે ? આ બધું જાણવું જોઈએ. એને પ્રતિ દિન જોવો અને નથી જોયો એમ માની પસાર થઈ જવું એ કાંઈ સારું ન કહેવાય. એક મનુષ્ય બીજા મનુષ્યની અવગણના કરે એ સ્થિતિ શોભનીય નથી.

આખરે એણે નિર્ણય કરી લીધો. આજ કૉલેજથી ઘેર જતાં એ પેલા બેંચ ભણી ચાલી. પેલો એને નીરખતો રહ્યો. એ છેક પાસે આવીને ઊભી. પેલાએ ખીસામાંથી રૂમાલ કાઢી બેંચના બીજા છેડાને ઝાટકીને સાફ કર્યો. વિભાને બેસવું પડ્યું. સામેવાળાની આંખો ચમકી ઊઠી. પણ રહ્યો ચૂપ.

'તમે અહીં કેમ આવો છો ?'

'તને જોવા.' એના જવાબમાં જરા પણ સંકોચ ન હતો.

કારણ એ જાણતી હતી. છતાં આવા સ્પષ્ટ એકરારથી વિભા પહેલાં તો ડઘાઈ ગઈ. તરત સ્વસ્થતા મેળવી એ બોલી : 'કોઈ પરાઈ સ્ત્રીને આમ જોયા કરવી તેમાં અસભ્યતા નથી ?'

'પણ તું ક્યાં પરાઈ છે ?'

'એટલે ? હું તમને નથી ઓળખતી. તમે મને નથી જાણતા.'

તને હું ના ઓળખું ? મૃત્યુની પેલે પારથી તો મેં તને પાછી મેળવી છે; ભલે સંગાથ પાંચ વરસનો હતો. પણ કેટલો સુખી હતો આપણો સંસાર !'

વિભાએ જોયું કે બોલનારાની દૃષ્ટિ અપારદર્શક બની છે; એ અતીતમાં ખોવાયો છે; એ સામે બેઠો છે, પણ અહીં નથી.

'કોણ છે આભા ?' પેલાને સમાધિમાંથી જગાડતાં એણે પૂછ્યું.

'હતી. મારી પત્ની હતી. મારું સર્વસ્વ હતી. પાંચ વરસ પર એનું અવસાન થયું અને મારું વિશ્વ શૂન્ય થઈ ગયું ... પણ હવે મેં નવા અવતારમાં તને જોઈ છે.'

'ઊભા રહો. ઊભા રહો. તમે મને ગૂંચવો છો. મને તો સોળ હજુ હમણાં થયાં. આ તમારી આભા પરણી ત્યારે સોળસત્તરની તો હશે જ. અને મારો તો જન્મ પણ નહીં થયો હોય.'

'કોણ, ક્યારે જનમ્યું, પરણ્યું એથી શો ફેર પડે છે? હું તો એટલું જાણું કે મારી આભાને મેં તારામાં જોઈ છે.'

'હું તમને તમારી સ્વર્ગસ્થ પત્ની જેવી દેખાઉં છું તે તો માત્ર અકસ્માત છે. એક સરખા ચહેરાવાળા એકથી વધુ માનવીઓ દુનિયામાં હોઈ શકે.'

'એકલા ચહેરાની વાત નથી. તારું બોલવું - ચાલવું મારી આભા જેવું જ છે. તારા કંઠથી એવો જ મંજુલ ધ્વનિ નીકળે છે. તારા પગમાં એવી જ હંસગતિ હું જોઉં છું. તું સ્મિત કરે છે ત્યારે તારા હોઠ આભાની જેમ જ ઊઘડે છે.'

વિભા વધુ ને વધુ ગૂંચવાતી હતી. 'આ તમે કહી તે સમાનતા છે એટલે હું આભા થઈ ગઈ!'

'તારે વધુ પુરાવા જોઈએ છે ? ફૂલોમાં તને ગુલાબ નહીં, બટમોગરો ગમે છે. તું મસાલાવાળી ચા નથી પીતી. દાળ કરતાં કઢી વિશેષ ભાવે છે. સવારે જાગતાંની સાથે તારે મુખે હોય છે જય સીતામૈયા.'

વિભાનો હાથ એકાએક કપાળે અડી ગયો. 'બાપ રે ! આ બધાંની તમને ક્યાંથી ખબર ?'

'હું જાણું છું તેમાં નવાઈ શી ? આભાના ગમા - અણગમાને મારાથી વધારે કોણ જાણે ? એક જીવ હતાં અમે તો. તને જોઈ અને અંતરે અનુભવ્યું કે મારી આભા તારામાં પુનર્જીવિત થઈ છે.'

તમારી વાતથી મને ડર લાગે છે. એક આત્માનો બીજા શરીરમાં પ્રવેશ ? આજના વિજ્ઞાનના જમાનામાં આવું માની શકાય ?'

એ પણ ઊભો થયો. 'કોઈને સ્પષ્ટરૂપે સમજાવી શકું કે કશી સાબિતી આપી શકું તેવી આ બાબત નથી એ હું જાણું છું. માનવું, ન માનવું તારા પર નિર્ભર છે. મારો અંતરાત્મા કહે છે કે તું આભા છે; એટલે તો તને દરરોજ નીરખવાનો મોહ મારાથી છોડાતો નથી.'

શું કરવું જોઈએ, શું કહેવું જોઈએ તે વિભા નક્કી ન કરી શકી; અને આમ પથ્થરના પૂતળાંની માફક વધુ વખત ઊભા રહેવું પણ શક્ય ન હતું. એણે પેલા પર એક દૃષ્ટિપાત કર્યો અને ઝડપથી ઘેર પહોંચી જવા પગ ઉપાડ્યા.

● ● ●

**અંત પહેલો :**

બીજે દિવસે કૉલેજ જતાં વિભા થોડી મૂંઝાઈ; પેલી વ્યક્તિ ત્યાં બાંકડા પર વિરાજમાન હશે જ; એ વળી મારા 'ગયા જનમ'ની શી નવી વાતો કાઢશે ? એ મારા વિષે નાનીમોટી વિગતો જાણે છે કઈ રીતે ? એ ભૂત - ભવિષ્યનો જાણકાર છે ? જાદુગર છે ? કે પછી કોઈ ગઠિયો તો નહીં હોય ? ના. માણસ બદમાશ નથી; વાત કરવાની એની ઢબ જરા વિચિત્ર છે, પણ એનું વર્તન અસભ્ય નથી. એની મૃત પત્નીએ મારા શરીરમાં પ્રવેશ કર્યો છે, એવી ઘેલછા છે એટલું જ.

વિભાએ ચિંતા કરવાની જરૂર ન હતી. બગીચામાં દાખલ થતાં જ બાંકડા ભણી નજર ખેંચાઈ – પેલો ત્યાં ન હતો. હાશ કરી એણે કૉલેજ તરફ પગ ઉપાડ્યા. બાંકડાને પસાર કરી બેત્રણ મીટરનું અંતર કાપ્યું અને પાછળ ફરીને જોયું; પણ કોઈ ના દેખાયું. સાંજે કૉલેજથી પાછા ફરતાં જોયું તો બાંકડો ખાલી હતો. એને જરા નવાઈ લાગી અને હસવું પણ આવ્યું 'ભાઈસાહેબનું ગાંડપણ દૂર થયું લાગે છે. ચલો અચ્છા હુઆ.'

બીજે દિવસે એમ જ થયું; ત્રીજે દિવસે પણ બાંકડો નિર્જન દેખાયો; ચોથે દિવસે એ જ હાલત. આજે વિભા જ એ બાંકડા પર બેસી ગઈ. શા માટે બેઠી છે, શું કરવું છે એની કશી ગતાગમ ન હતી; બસ થયું કે ભાઈની રાહ જોઉં. એ હમણાં આવી લાગશે.

અને થોડી વારમાં સુમન આવી ગયો; બહેનને ત્યાં જોઈ પૂછ્યું : 'કેમ અહીં બેઠી છો ? તબિયત તો બરાબર છે ને ?'

'તબિયત ઑલ રાઈટ છે; થોડી ચિંતા થાય છે. પેલો જણ ચાર દિવસથી નથી દેખાયો.'

'તે સારું જ થયું ને ! પાગલની માફક તને જોયા કરતો 'તો.'

'પણ, ભાઈ, એ માણસ દરરોજ આ બાંકડાને ચીટકીને બેઠો હોય તે અચાનક ગાયબ થઈ જાય ... '

'તો માનવું કે ટાઢે પાણીએ ખસ ગઈ. એને એની મૂર્ખતાનું ભાન થયું હશે. ચાલ, ઊઠ હવે.'

વિભા કમને ઊભી થઈ. 'સુમન, મને કશુંક અશુભ થવાની આશંકા થાય છે. એને કંઈ થયું તો નહીં હોય ? નહીંતર એ અહીં આવ્યા વગર રહે નહીં.'

'તો પણ આપણને શું લાગેવળગે ? એ નથી આપણો સગો કે નથી ઓળખીતો.' સુમન અધીર થઈને બોલ્યો.

સહેજ ખચકાતાં વિભાએ કહ્યું, 'ભલે ઓળખીતો નથી, પણ એક માણસ તરીકે આપણે ખબર ના કાઢવી જોઈએ ? મારું મન કહે છે કે જરૂર કંઈક થયું છે.'

'ચાલો માનો કે બિરાદરને કંઈક થયું છે; આટલા મોટા શહેરમાં એક નામસરનામા વિનાની વ્યક્તિને ક્યાં શોધીશું ?'

'એણે નામ કહ્યું છે - વસંતલાલ. રહે છે હનુમાન શેરીમાં. બાજુમાં તો છે.' બોલતાં એણે સંકોચ અનુભવ્યો.

હવે આંચકો અનુભવ્યો સુમને. 'વાહ, એણે નામસરનામું તને આપ્યું ? વિભા, તું એની આડીઅવળી વાતોમાં તો નથી ભોળવાઈ ?'

'તું ય કેવી વાત કરે છે ? આ તો મારું હૈયું કહે છે કે કંઈક થયું છે અને શું થયું છે તે ન જાણું ત્યાં સુધી મને ચેન નહીં પડે.'

સુમનને બહેનની જીદ આગળ નમતું જોખવું પડ્યું. ઘેર જવાને બદલે બેઉ પહોંચ્યાં હનુમાન શેરીમાં. પહેલા મકાનવાળાને પૂછ્યું તો એણે ચોથા મકાન તરફ આંગળી ચીંધી. મકાન બે માળિયું હતું; નીચેનું બારણું ખટખટાવ્યું તો એક આધેડ બાઈએ ખોલ્યું.

વિભાએ પૂછ્યું, 'વસંતલાલ અહીં રહે છે ?'

'અહીં નહીં. ઉપર પહેલે માળે; સગાં છો એમનાં ?' સવાલમાં ઉમળકો નહોતો.

'જી ના.' સુમને ટૂંકમાં પતાવવા ચાહ્યું. 'અમે ઉપર જઈ શકીએ ?'

'જાઓ. પણ આજ ચાર દહાડે ખબર કાઢવાનું સૂઝ્યું ? હું તો મારો વસ્તાર સંભાળું કે માંદા માણસની ચાકરી કરું ?' બાઈએ બળાપો કાઢ્યો.

જવાબ ન દેતાં વિભા સડસડાટ દાદરો ચઢી ગઈ. સુમન પાછળ ખેંચાયો. ઉપર રૂમમાં અંધારું હતું, છતાં વિભાને સામેના ખૂણામાં ખાટલો દેખાયો; એ દોડતી ત્યાં પહોંચી. સુમને હવે લાઈટ ઑન કરી. ખાટલામાં સૂતેલા આદમીની વિભાએ નાડી તપાસી, છાતી પર હાથ ધરી જોયો, પછી કપાળે અડાડ્યો. દુ:ખી સ્વરે બોલી, 'ભાઈ, આમને તો સખત તાવ છે; જો શરીર કેટલું ધખે છે ?'

સુમને પણ ખાતરી કરી લીધી. 'બહેન, અહીં કંઈ દવાબવા તો દેખાતી નથી.'

'તું એમ કર, ઝટપટ કોઈ ડૉક્ટરને લઈ આવ.'

'તને મૂકીને જાઉં ?' સુમન મૂંઝવણમાં હતો.

'કોઈનો જીવ જાય છે અને તને આ બધું પૂછવાનું સૂઝે છે ? વખત ના બગાડ, દોડ અને જે મળે તે ડૉક્ટરને પકડી લાવ.'

બહેનના અવાજમાં છુપાયેલા છણકાથી સુમનને ખોટું લાગ્યું; મોઢું બગાડી એ દાદર ઊતરી ગયો.

દર્દી બેભાન હતો. વિભા ત્યાંથી ખસી બીજા કમરામાં ગઈ; આ રસોડું હતું. એક તપેલીમાં પાણી ભરી એ પાછી પહેલા ખંડમાં આવી. વસંતલાલ એ જ સ્થિતિમાં પડ્યા હતા. એક ખુરશી ખાટલા પાસે ખેંચી વિભા એમાં બેઠી. બીમારની આંખો બંધ હતી. વિભાએ પેટ પર હાથ

મૂકી જોયો તો જાણે દાઝી ગઈ. કપાળ પણ એટલું જ ગરમ હતું. બીજું કશું હાથવગું ના દેખાતાં એક ટુવાલનો જ વીંટો કરી પાણીમાં પલાળ્યો અને વસંતલાલના કપાળે મૂક્યો. આમ પોતું ફેરવતાં એની દૃષ્ટિ ઘડીમાં દર્દીના ચહેરા પર રહેતી તો ઘડીમાં દાદર ભણી જતી. એને થયું કે ભાઈને ગયે કેટલો બધો વખત થયો ! ડૉક્ટર હજુ કેમ ન આવ્યા ? રાત થઈ છે. મા ઘરે ચિંતા કરતી હશે.

આ કમરાને એણે હવે ઊડતી નજરે જોયો. નામનું રાચરચીલું હતું અને જાતજાતની વસ્તુઓ વેરવિખેર પડી હતી. દીવાલો પર ચારેબાજુ જાળાં બાઝ્યાં હતાં.

એટલામાં દાદર પર પગરવ સંભળાયો. સુમન આવ્યો. એની પાછળ ડૉક્ટર દાખલ થયા. ખાટલા પાસે જઈ પહેલાં તો ડૉક્ટરે દર્દીની નાડી તપાસી. પછી શ્વાસોશ્વાસ સાંભળ્યા. પોપચાં ઉપાડી આંખો જોઈ. હૃદયના ધબકાર સાંભળ્યા. ટેમ્પરેચર લીધું.

સુમનને ઉદ્દેશીને બોલ્યા. તાવ ઘણો છે. અશક્તિ પણ આવી છે; હું ઈન્જેક્શન આપું છું. સવાર સુધીમાં તાવ ના ઉતરે તો હોસ્પિટલમાં દાખલ કરવા પડશે. હું દસેક વાગે આંટો મારી જઈશ.' અને વિભાને કહ્યું. 'તાવ એકસો અને ત્રણ ડિગ્રી છે; પોતાં મૂકવાનું આખી રાત ચાલુ રાખજો.'

ડૉક્ટરના ગયા પછી સુમન બોલ્યો. ' હવે આપણે જવું જોઈએ.'

'ડૉક્ટરે તો આખી રાત પોતાં મુકવાનું કહ્યું છે. તાવ ના ઉતરે ત્યાં સુધી.'

નીચેવાળાં બહેનને કહીશું કે અહીં નજર કરતાં રહે.'

'આપણે આવ્યાં ત્યારે એનો બકવાસ તેં ના સાંભળ્યો ? એ રાત ભર જાગીને પોતાં મૂકે એમ તું માને છે?'

સુમન અકળાયો. 'પણ આપણે કેટલું કરી શકીએ ? આપણે સમયસર ઘેર નથી ગયાં એટલે માનું તો કાળજું કપાતું હશે.'

'હું જાણું છું; પણ એક બેભાન માણસને કોઈના આશરા વિના છોડી જવાનું મારાથી નહીં બને.' એમ મક્કમપણે કહીને વિભાએ સૂચવ્યું. 'એમ કર. તું ઘેર જઈ માને બધી વાતથી વાકેફ કરી અહીં પાછો આવ. વારેવારે પોતાં બદલવાં તને નહીં આવડે.'

'તેં ખોટી ઉપાધિ માથે લીધી છે; આના કરતાં તો અહીં આવ્યાં ન હોત તો સારું.'

'આ તું શું બોલે છે ? એક અસહાય અને બેભાન માણસને મદદ કરવી તે માનવી તરીકે આપણી ફરજ નથી ? હવે મહેરબાની કરી વાદવિવાદ છોડ અને માને સમજાવી જલદીથી પાછો આવ.'

સુમનને બહેન પર ખીજ ચઢી હતી. છતાં વિભા પોતાં મૂકતી - બદલતી રહી. ડૉક્ટરે કહ્યું ન હોત તો પણ એને ખબર હતી કે તાવ ઉતરવો અત્યંત જરૂરી છે. આ માણસની જ્વરગ્રસ્ત કાયા જોઈ એના અંતરમાં અનુકંપા પેદા થઈ. એ મનોમન રટતી રહી. 'પ્રભુ, દયા કરો. આમને જલદી સાજા કરો.'

દસેક મિનિટ પોતાં મૂકવાથી હાથ દુઃખતા એ ખુરશીમાંથી ઊભી થઈ અને પગ છૂટા કરવા કમરામાં આંટા મારવા લાગી. અચાનક ખૂણાના ટેબલ પર ગોઠવેલ ફોટોફ્રેમ પર એની દૃષ્ટિ પડી. પાસે જઈ ફ્રેમ હાથમાં લઈ જોતાં એ છળી ઊઠી. ફ્રેમ હાથમાંથી સરીને પડી ટેબલ પર; ફરી ઉપાડી અને ફોટાને ધારીને જોયો.

દંપતીનો ફોટો છે; વસંતલાલ છે. અને અડીને કોણ બેઠું છે ? આભા છે કે વિભા ? એ જ હસતો ચહેરો. એ જ બદામી આંખો. એ જ રતૂમડા હોઠ ! વિશ્વાસ નથી આંખો પર ! આટલું બધું સામ્ય ? પછી વસંતલાલ મને આભારૂપે જુએ તો એમનો વાંક શું ? પણ આમ બને કેવી રીતે ? આ ફોટામાં છે તે યુવતી દસેક વરસ પહેલાં અદ્દલ મારા જેવી જ દેખાતી હશે; દસ વરસ પછી હું એના જેવી જ લાગીશ. વિભા ફોટામાં ખુદની પ્રતિકૃતિને સ્તબ્ધ થઈ જોતી રહી.

એટલામાં કંઈક અવાજ સંભળાતાં એણે ફોટો ટેબલ પર મૂકી દીધો. ત્યાં ખાટલામાં હાથપગમાં થોડું હલનચલન થતું હતું અને વસંતલાલના હોઠ ફફડતા હતા. એ ત્વરાથી ખાટલા પાસે ગઈ. વસંતલાલની આંખો બંધ હતી; પણ એટલું તો સ્પષ્ટ જણાયું કે દર્દથી એ કણસતા હતા.

વિભાએ એમના કપાળ પર ફરી પોતું ફેરવવા માંડ્યું. વસંતલાલના મ્લાન મુખ પર પીડાની રેખાઓ ઉપસી આવી હતી. ઓચિંતા એમના હોઠ હાલ્યા અને ત્રૂટક ત્રૂટક શબ્દો નીકળ્યા. 'તું કેમ ગઈ ? મને એકલો કરીને ? તારા વિના હું જીવીશ શી રીતે ?'

આટલું બોલતા થાકી ગયા હોય તેમ વસંતલાલ ચૂપ થઈ ગયા. પણ એમના હાથપગ ખેંચાતા હતા. શરીર થોડી થોડી વારે ઉછાળા મારતું હતું.

એમની આ દયનીય દશા વિભાથી જોઈ જતી ન હતી. એને થયું કે સુમન જલદી આવી જાય તો સારું. કદાચ ડૉક્ટરને બોલાવવા પડશે. બીમારને કપાળે હાથ મૂકીને જોયું તો કપાળ હજુ ગરમ હતું; એણે ફરી પોતું પાણીવાળું કર્યું અને કપાળ પર મૂક્યું. ચિંતાથી એનું ચિત્ત આકુળવ્યાકુળ થઈ ગયું. એ બીમાર માણસના ક્ષેમકુશળ માટે પ્રભુને પ્રાર્થના કરવા લાગી.

દાદર પર પગલાં સંભળાતાં એના મનની અશાંતિ ઓછી થઈ. સુમન પાસે આવ્યો ત્યાં તો વસંતલાલની આંખો અડધી ઊઘડી. અર્ધબેભાન સ્થિતિમાં પણ સમજાયું કે માથે કોઈનો હાથ ફરે છે. એણે એ હાથને ઝાલ્યો અને મંદ સ્વરે બોલ્યા. 'તું આવી ગઈ ! મને ખાતરી હતી કે મારી આભા પાછી આવશે. વચન આપ કે તું ફરી ચાલી નહીં જાય. વચન દે. આભા. વચન દે; મારા સમ છે તને.'

શું કરવું. શું બોલવું તે ઘડી ભર તો વિભાને ના સમજાયું. બીમારની આંખો અડધી ખૂલવી. પોતાનો હાથ પકડવો. વચન માટે આજીજી કરવી - આ સઘળું ઓચિંતું બની ગયું. અને શું થઈ રહ્યું છે મારા ઉરમાં ? બીમાર માણસ પ્રત્યેની નિઃસ્પૃહ સહાનુભૂતિ છે કે બીજું કશુંક ? એમણે ઝાલેલો હાથ કેમ છોડાવતી નથી ?

એ વિચારતંદ્રામાંથી જાગે તે પહેલાં વસંતલાલ બેભાન અવસ્થામાં બોલતા હતા. 'કેમ કંઈ બોલતી નથી ? રિસાઈ છે મારાથી ? મેં તને દુભવી હોય તો માફી માગું છું. તારે વચન આપવું જ પડશે. આભા !'

એ શબ્દોમાં વ્યક્ત થતો સ્નેહ હોય કે પછી સ્વરમાં મુખરિત થતું દર્દ હોય. વિભાના હૃદયસાગરમાં એવાં તો ઉન્મત્ત આંદોલનો જાગ્યાં કે થડકતા કંઠે બોલી ઊઠી. 'હું તમારી પાસે જ છું; તમારી ઉત્કટ લાગણી મને ખેંચી લાવી છે; વચન આપું છું કે તમને છોડીને ક્યાં ય નહીં જાઉં.'

અનહદ શાંતિ થઈ હોય. આભાના પુનરાગમનની પ્રતીતિ થઈ હોય તેમ વસંતલાલના શ્વાસોશ્વાસ નિયમિત થયા. હાથપગનું આવેગપૂર્ણ હલનચલન સ્પષ્ટ બન્યું. અધખૂલી આંખો હવે પૂરી મીંચાઈ હતી અને સુખદાયક નિદ્રામાં હોય એમ લાગ્યું.

અને સુમન દિગ્મૂઢ થઈ ગયો; બહેનના શબ્દો એને કાને પડ્યા હતા. કિન્તુ વિશ્વાસ નહોત થતો.

'વિભા, શું કરે છે તું ? ખાલી આશ્વાસન દેવું એ એક વાત છે અને વચન દેવું બીજી વાત છે. માનું છું કે તેં જે કંઈ કહ્યું તે ગંભીરપણે નથી કહ્યું; માત્ર એક મૂર્છિત માનવીનું મન રાખવા જ કહ્યું છે.'

હવે વિભા આ તરફ ફરી. એનો હાથ હજુ વસંતલાલના પંજામાં હતો; એ સજળ નયને બોલી. 'મેં જૂઠું આશ્વાસન નથી દીધું. નિષ્ઠાપૂર્વક વચનબદ્ધ થઈ છું.'

'બીમાર માણસની સેવાચાકરી કરવી તે બાબત હું સમજી શકું છું. પણ એની સાથે જીવન જોડવાની વાત મારે ગળે નથી ઊતરતી.'

'ભાઈ. દરેક બાબત તર્કથી નથી સમજાતી. મારામાં એ એમની આભાને જુવે છે અને મારો અંતરાત્મા પણ કહે છે કે અમારો સંબંધ જૂનો છે. તું મારા વિષે જેટલું જાણે છે તેનાથી વિશેષ એ જાણે છે.'

'વિગતો તો આસપાસ પૂછતાછ કરીને મેળવી હોય. આપણે આ માણસ વિષે કશું જાણતા નથી. લાગે છે કે એમની બીમારીએ અને આ ખંડના ભારે વાતાવરણે તારા મગજ પર અસર કરી છે.'

'એવું કંઈ નથી. ભાઈ. હું પૂરાં ભાનમાં છું. તું પેલો ફોટો જો.'

એણે આંગળી ચીંધી બતાવેલ ફોટાને હાથમાં લઈ જોતાં સુમન હતબુધ થઈ ગયો. એણે ફોટામાંની આભાને જોઈ. પછી વિભાને જોઈ. પાછો આભાને નીરખી રહ્યો.

વિભાએ કહ્યું, 'તને દેખાય છે કોઈ ફરક એનામાં અને મારામાં ? આટલું સામ્ય સંભવિત છે બે વ્યક્તિઓમાં ? આમના વિશ્વાસને માત્ર ઘેલછા ગણી શકાશે ?'

'અદ્દભુત. સમાનતા છે. આટલું સરખાપણું માન્યમાં નથી આવતું.' સુમને કબૂલ્યું, છતાં ઉમેર્યું, 'એક વાર ઘેર જઈએ. તું ઠંડા દિમાગથી બધો વિચાર કરી જો.'

વિભાનો સ્વર વિનમ્ર પણ દૃઢ હતો. 'હવે મારું ઘર અહીં છે; એમને મારા કહ્યા છે, હું એમને વરી ચૂકી છું. તું જા. અને માને બધું સમજાવજે; એમને કહેજે કે તમારી દીકરી વિભામાંથી આભા થઈ છે અને તમારા આશીર્વાદ માગે છે.'

● ● ●

**અંત બીજો :**

હૉલના એક ખૂણામાં ઊભો છે ત્યારે પંદર દિવસ પહેલાંનો પ્રસંગ મનોચક્ષુ સામે તરવરે છે. આસપાસનાં સ્ત્રીપુરુષોનું તથા સંગીતના કોલાહલનું જાણે કોઈ અસ્તિત્વ નથી રહ્યું.

બગીચામાં હંમેશના બાંકડા પર એ બેઠો છે – કૉલેજ જતી 'આભા'નાં દર્શન માટે રાબેતા મુજબ. એને પહેલી વાર જોયાને એક મહિનો થઈ ગયો છે. વાત કરતાં એ હવે પહેલાંની જેમ અસ્વસ્થ નથી થતી. બેઉ મોકળા મને અલકમલકની વાતો કરી શકે છે. અને હા. પોતે એને આભા સમજે છે. આ બાબત પર એ હવે હસી શકે છે.

દૂરથી એને આવતી જોઈ મન હરખાયું. નયનોને તૃપ્તિ થઈ; લાગ્યું કે વિશ્વમાં સર્વ સલામત છે. સર્વત્ર સુંદરતા છે. ચોપાસ માધુર્ય છે.

એક આછું સ્મિત કરી આગળ ચાલી જવાને બદલે આજ તે પાસે આવીને બેઠી. પુસ્તકના થેલામાંથી એક કાર્ડ કાઢીને આપ્યું.

'શું છે આમાં ?'

સહેજ શરમાઈને એ બોલી. 'કંકોતરી છે મારા લગ્નની. પંદરમી તારીખે.'

'તારું લગ્ન ? અચાનક ?' કેવો અર્થહીન સવાલ એ કરી બેઠો.

'કેમ. તમને હું નાની ઢીંગલી લાગું છું ? મા તો ગઈ સાલ પરણાવી દેવા માગતી'તી.' એ ખિલખિલાટ હસી પડી.

'કોને પરણે છે ?'

'એનું નામ છે અમિત; મારી જેમ કૉલેજ કરે છે. બહુ મળતાવડો છે; તમને એક વાર મળશે એટલે દોસ્ત બની જવાનો.'

'અભિનંદન.' મનમાં ન જાણે શા શા ભાવોની ઉથલપાથલ મચી ગઈ. છતાં ચહેરા પર કશું છતું ન થઈ જાય તેની કાળજી રાખતાં એણે કહ્યું.

'અરે. મહાશય. માત્ર અભિનંદન કહી છટકી નથી જવાનું. લગ્ન પર આવવાનું છે. અને હા. ભેટમાં શું લાવશો ?' એની ચંચળ આંખોમાં રમતિયાળપણું હતું.

'તને બુટ્ટીવાળાં એરીંગ ગમશે ?'

'ધત્. ઘરેણાં તો સૌ લાવશે; તમારે તો આભાને પ્રિય હતો એ બટમોગરો લાવવાનો છે.' કહી ઊભી થઈ એ હસતી હસતી ચાલી ગઈ.

અને આજ હાથમાં બટમોગરાનું ફૂલ લઈ એ પેલા ખૂણામાં ઊભો છે. સ્ટેજ પરના મંડપમાં વરકન્યા બેઠાં છે. જોડી શોભે છે; નજરો એકબીજામાં ખોવાઈ છે. આવી જ તો દસ વરસ ઉપર એને પોતાની પાસે માંયરામાં બેઠેલી જોઈ હતી; આવું જ પાનેતર. આવો જ શણગાર. આવો જ કાંતિવત્ મુખચંદ્ર. સ્વર્ગમાંથી જાણે કોઈ અપ્સરા ધરા પર આવી હોય તેટલી સોહામણી લાગે છે.

હૈયું ગદગદ થઈ ગયું અને વિદાય લેતો હોય તેમ મનોમન બોલ્યો. 'તમારા ગૃહસંસારને સર્વ સુખોથી ભરી દે એવી પ્રભુને મારી પ્રાર્થના છે. તું હવે આભા નથી. અમિતની વિભા છે; અખંડ સૌભાગ્યવતી ભવ. વિભા !' અને હાથમાંનો પેલો બટમોગરો સવિશેષ મઘમઘી રહ્યો.

[15 Braemar Close, Rushey Mead,
LEICESTER LE4 7PL, U.K.]

●

(૫)

# માતૃશક્તિ

○ કુસુમ પોપટ

દક્ષિણ લંડનમાં આવેલા બેટરસી પાર્કની સર્જરીમાંથી મલક મલક થતી અનિકા બહાર આવી. તેના હાથમાં એક કાગળ હતો. એમાં અનિકા ગર્ભવતી હોવાનો રિપોર્ટ હતો. તેણે કાગળ હેન્ડબેગમાં મૂક્યો. તેની બસ આવી. હળવેકથી ચડી સીટ પર બેસી. તેણે પેટ પર હાથ મૂક્યો. જાણે કંઈ તપાસીને સાંચવવાનું ન હોય!

તેણે વિચાર્યું કે જોસેપ તો છેક મોડી સાંજે મળશે. ત્યાં સુધી આ સારા સમાચાર હું કોને ... ... અને તેના મનમાં વિચાર ઝબુક્યો. તે સીધી જ્યુબિલી કોર્ટમાં ત્રણ નંબરના રહેતાં મિસિસ એડમને ત્યાં ગઈ. પોતે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી ત્યારે એમને ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતી હતી. ઘંટડી સાંભળતાં મિસીસ એડમે દરવાજો ખોલ્યો. 'વ્હોટ અ સરપ્રાઈસ ! અત્યારે સવારના સમયે તું આવી ! તબિયત તો સારી છે ને તારી ? અનિકા. આવ.'

'સારી ! એકદમ જ સારી છે. તમને ગૂડ ન્યૂસ આપવા આવી છું. આન્ટી. હું પ્રેગનન્ટ છું.'

'અરે વાહ !' માથે હાથ ફેરવી. કપાળ ચૂમી મિસિસ એડમે કહ્યું. 'આ તો બહુ સારા સમાચાર છે. તારાં માતાપિતાને જણાવ્યું કે ?'

'સર્જરીમાંથી સીધ્ધી તમારે ત્યાં આવી છું. રૂબી આન્ટી. હજુ તો જોસેપને ય ખબર નથી. આવા ખબર મારે ફોનમાં નથી આપવા. લ્યો. હું હવે જાઉં. બપોરે કામે જવાનું છે. મેં અર્ધા દિવસની રજા લીધી છે.'

અનિકા સાંજે પાંચ વાગે કામેથી ઘેર આવી. જોસેપને આજે મોડું થયું. વારે વારે ઘડિયાળ જોતી હતી. તેને આજે ઘડિયાળ ધીમી હોય એવું લાગ્યું. રસોઈ કરી. રૂકસને લઈને તે સોફા પર બેઠી. તેને કહેવા લાગી. 'રૂકસ ડાર્લિંગ. તને ખબર છે ? તને હવે એક નાનકડો સાથી મળશે. પણ તું તો મારો એટલો જ લાડકો રહેશે. તારે લીધે તો મારી ને જોસેપની ઓળખાણ થઈ.' રૂકસે આંખો મીંચી સંમતિ આપી.

અનિકાને છ મહિના પહેલાંનું સ્મરણ થયું. પોતે બેટરસી પાર્કના ઉપવનમાં ઘૂમતી હતી. એક નાનકડો શ્વાન વાઉ વાઉ કરતો આવી તેના પગ ચાટવાની કોશિશ કરવા લાગ્યો. તે બે ડગલાં પાછળ હટી ચીસ પાડી બોલી. 'ગો અવે. ગો અવે !' તે એકદમ સજ્જડ થઈ ગઈ. પાછળ ચાલતા ગોરા યુવકના હાથમાં કૂતરાનો પટ્ટો હતો. અનિકાની ભયભીત ચીસ સાંભળી. તેણે દોડી આવીને કૂતરાને બુચકારીને કહ્યું, 'રૂકસ. કમ હિયર.' તેણે તેનો પટ્ટો બાંધી દીધો. બીજો છેડો પોતાના હાથમાં રાખી કહ્યું : 'આઈ યમ સોરી. મિસ. તમે કૂતરાંથી ડરો છો ? પણ આ તો બહુ જ જેન્ટલ શ્વાન છે. કોઈને કરડે એવો નથી.'

છતાં ય હજુ અનિકાના મોં પર ભયનું આવરણ જોઈ તેણે તેનો હાથ પકડી બાજુના બાંકડા પર બેસાડી. પોતાની પાણીની બોટલમાંથી પાણી પાયું. અનિકાને જરા શાતા લાગી. યુવક બાજુમાં બેઠો. રૂકસ તેની ગોદમાં. યુવક બોલ્યો : 'જુવો. મિસ. કૂતરાં જેવું વફાદાર. સમજુ ને પ્રેમાળ કોઈ પ્રાણી નથી. માણસેય નહીં. જુઓ આની ચામડી કેટલી સુંવાળી છે !' તેણે અનિકાનો હાથ લઈ કૂતરા પરે ફેરવાવ્યો. સાચે જ અનિકાને તેની રેશમી રૂંવાદાર પીઠ પર હાથ ફેરવવાનું ગમ્યું. તેની બીક ઓછી થવા લાગી. યુવકનું નામ જોસેપ હતું. તે બોલ્યો : 'તમે બેસજો. હું આઈસક્રીમ લઈ આવું.' તેણે અનિકાની 'ના'ને ગણકારી કાઢી.

બંનેએ આઈસક્રીમ ખાતાં ખાતાં પોતપોતાનો પરિચય આપ્યો. અનિકા થાઈલૅન્ડથી યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા અહીં આવી હતી. કોમર્સની ગ્રેજ્યુએટ થઈ જતાં. હવે તેને અહીં સારી નોકરી પણ મળી ગઈ હતી. તેના પિતા રામચંદ્રન થાઈ હિન્દુ અને માતા સુલતાના થાઈ મુસલમાન હતાં. બામ-નામ-કિમ નામે દરિયા કિનારાના ગામડામાં હસ્તકળા - કારીગરીની નાની દુકાન ચલાવતાં હતાં. બીજી એક દીકરી મોનિકા અને દીકરો આઝાદ હતાં. તેમની સ્થિતિ સારી ન હોવાથી નાના ભાઈ રતનચંદ્રએ અનિકાને ભણવા મોકલી હતી. કાકા રતન બેંકકોકમાં મોટા વેપારી હતા.

જોસેપ ઇટાલિયન પિતા તથા ફિલિપિનો માતાનું સંતાન હતો. ઇંગ્લૅન્ડમાં ઇન્ફર્મેશન ટેકનોલોજી એન્જિનિયરીંગનો અભ્યાસ કરી 'પી.સી. વર્લ્ડ'માં કામ કરતો હતો. જોગાનુજોગ, આ બંને જ્યુબિલી કોર્ટમાંમાં રહેતાં હતાં. અનિકા ભોંય તળિયે અને જોસેપ બીજે માળે.

આ મુલાકાત પછી તેઓ અવારનવાર મળતાં. પરિચય વધ્યા પછી સપ્તાહ-અંતે ડિસ્કોમાં, બારમાં સાથે જવા માંડ્યાં. હવે તેઓ એકબીજાંનો કાયમી સાથ ઝંખવા લાગ્યાં હતાં. પરિણામે માતાપિતાની સંમતિ મેળવી તેઓ લગ્નબંધનમાં બંધાયાં.

રૂકસથી બીતી અનિકા હવે તેની માલિકણ બની. અનિકા વિચારમાંથી ઝબકી. બહાર પગલાંનો અણસાર સંભળાતાં રૂકસ દોડીને બારણા પાસે જઈ ઊભો. બારણાની કલમાં ચાવી ફરી. અનિકા સોફામાંથી ઊભી થઈ. જોસેપ અંદર પ્રવેશ્યો. અનિકા સામે ગઈ : 'કોંગ્રેચ્યુલેશન્સ ટુ ધ ફાધર ટુ બી!'

'વ્હોટ?'

આપણે ત્યાં ઊંવા ઊંવા આવવાનું છે.' અનિકાએ બે હાથના આંગળા ભેગા કરી પારણાંનો અભિનય કર્યો.

'સાચ્ચે જ! આ'યમ વેરી હેપી.' તેનો લાલ ચહેરો વધારે લાલ બનીને ખીલી ઊઠ્યો. તેણે અનિકાને ચુંબનોથી નવડાવી દીધી. વાતાવરણ ખૂબ પ્રફુલ્લિત બની ગયું. બંનેએ આવનાર બાળકનાં સ્વપ્નાં જોવા માંડ્યાં. મનમાં ને મનમાં અરમાનોની માળા ગૂંથાવા માંડી. છોકરો આવે તો શું નામ રાખવું અને છોકરી આવે તો શું નામ રાખવું તેની યાદી લખવા માંડી. અનિકાનાં માતાપિતાને આ સારા સમાચાર મળતાં તેમણે વિનંતી કરી : બાળપ્રસવ પહેલાં બંને એકવાર થાઈલૅન્ડ અમારી પાસે આવી જાવ.

ગણતરીપૂર્વક બધી યોજના કરી. બંને જણ ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં ત્યાં ગયાં. બેંકકોક રતનકાકા પાસે બે દિવસ રહીને પછી બામ-નામ- ક્રિમ પહોંચ્યાં. નાની બહેન મોનિકા, નાના ભાઈ આઝાદ તથા માતાપિતા બધાંએ અનહદ ખુશી અનુભવી. ભાઈબહેને તો વચન આપ્યું કે અમે મામા, માસી બનીશું કે તરત ભાણેજને રમાડવા ઇંગ્લૅન્ડ આવીશું. જોસેપનો બોલકો ને મળતાવડો સ્વભાવ પણ બધાંને ગમ્યો.

દરિયાકાંઠાનું આ રળિયામણું ગામ જોસેપને બહુ ગમ્યું. અનિકાને લઈને તે દરિયાની રેતીમાં ઘૂમતો. સવાર સાંજ સૂર્યોદય અને સૂર્યાસ્તનાં દૃશ્યો જોતો. દરિયા કિનારાનાં મોજાં ખૂંદતો. ચોખ્ખી હવા, તડકો, આસમાની ગગન ને સમુદ્ર તેને મનભાવન લાગ્યાં.

પરંતુ માણસ ધારે કંઈ ને ઈશ્વર કરે કંઈ. હજુ તો દસેક દિવસ થયા હશે. ત્યાં તો જોસેપના પપ્પાનો ફોન આવ્યો. જોસેપનાં મમ્મી બહુ બીમાર હતાં અને જોસેપનાં નામનું રટણ લીધું છે. તો તે આવી જાય તો સારું એમ તે કહેતા રહ્યા. જોસેપનો આનંદ ચિંતામાં ફેરવાઈ ગયો. તે ઉદાસ બની ગયો. ભારે હૈયે ઈટલી જવા તૈયાર થયો. અનિકા પણ ઢીલી થઈ ગઈ. જોસેપે મોં પર હાસ્યનો મુખવટો ધારણ કરી કહ્યું :

'બેત્રણ અઠવાડિયા તો ચપટી વગાડીએ ત્યાં વીતી જશે. મમ્મી સારાં થશે એટલે હું પાછો લંડન અને તું અહીંથી લંડન. બેઉ પાછા ભેગાં. આ આપણા લાડકાને મમ્મી-પપ્પા બે ય જોઈએ ને!' અનિકાના પેટ પર હાથ મૂકી તેણે કહ્યું. 'જરા હસ જોઈએ!'

અનિકાએ આંખોમાં પાણી અને હોઠો પર સ્મિત સાથે પતિને વિદાય આપી. જાણે વૃક્ષથી વેલી અળગી થઈ.

નાતાલની રજાઓ અને માફકસરનું હવામાન. હોટલો સહેલાણીઓથી ભરેલી હતી. ઠંડા પ્રદેશોની ઠંડી ભાગી. ક્રિસ્મસ ઉજવવા લોકો અહીં આવતાં. આ દૂર પૂર્વના બધા દેશોમાં પ્રાયઃ હિન્દુ, મુસલમાન અને ક્રિશ્ચિયન બધા ધર્મનાં લોકો હળીમળીને રહેતાં અને એક બીજાંના તહેવારો પણ સહકાર આપી ઉજવતા. ૨૪ ડિસેમ્બરની રાત અને ૨૫ ડિસેમ્બરનો દિવસ, ઈસુ પિતાના જન્મદિવસની જ્યાફત લોકોએ સહકુટુંબ માણ્યાં. ભેટ સોગાદની લેતીદેતી કરી. આખું ગામ રોશનીથી ઝગારા મારતું હતું. ગિરીજાઘરમાં ઘંટનાદ અને કર્ણપ્રિય ભક્તિસંગીતની લહરીઓ ગુંજતી હતી. આનંદનો નશો અને સૂરાનો નશો. બોક્સિંગ ડેની સવારમાં ઘણાં ય હજુ ઘોરતાં હતાં.

રામચંદ્રન તથા સુલતાનાએ સવારના જલદી પરવારી દુકાન ઉઘાડી. અનિકા હજુ સુસ્ત બની પથારીમાં પડી હતી. રજા હોવાથી મોનિકા - આઝાદ ઘરે જ હતાં. અને ત્યાં જ અચાનક કાન ફોડી નાંખે તેવો જોરદાર ધડાકો સંભળાયો. અનિકા આગળ દુકાનમાં દોડી. દુકાન તોડી દરિયાનાં પાણી અંદર ધસી રહ્યાં હતાં. તેનાં માતાપિતા ઉપરની દીવાલ પકડી લટકતાં હતાં. તેમણે બૂમ પાડી. 'અનિકા ... ભાગો, બધાં, ... સુનામી આવ્યું છે. પાછળથી ભાગો. ... જલદી. ... '

તે દોડવા ગઈ. પણ હાય! ત્યાં તો બીજો પ્રચંડ ધડાકો થયો. દરિયાનાં મોજાંના લોઢ ઉછળ્યા. અડધું ગામ ડૂબી ગયું. પચાસ ફૂટ ઊંચાં ઉછળેલાં ખારાં પાણી સામે, ભલા, કોણ ટકી શકે? કોઈને સમજાયું નહીં કે ઘોડાપૂર ક્યાંથી આવ્યાં? મહા પ્રલયકારી વિનાશ સર્જાયો. બૂમાબૂમ, ચીસાચીસ અને દરિયાનો ઘૂઘવાટ. મકાનોનો કાટમાળ, મોટરો, સાયકલો, હોડકાંઓ, મરેલાં ઢોરઢાંખર, ઝાડપાન, ઘરવખરી અને જીવતાં કે પછી મરેલાં માનવીઓ – બધું મોજાંઓ સાથે સમુદ્રમાં ધકેલાવા માંડ્યું.

ઇન્ડોનેશિયાના કિનારે હિંદી મહાસાગરનાં તળિયામાં મહા ભયંકર કંપનો થયા હતાં. કુદરતે જાણે તાંડવ ખેલવા માંડ્યું. સમુદ્ર ઉછળ્યો ને આસપાસના કેટલા ય દેશોને તારાજ કર્યા. જાવા, સુમાત્રા સમેત ઇન્ડોનેશિયા સાથે મલેશિયા, અંદામાન - નિકોબાર સહિત દક્ષિણ ભારત, શ્રીલંકા, થાઈલૅન્ડ, વગેરે ઘણા ય દેશો ઉપર કુદરતનો કોપ ઉતર્યો હતો. લાખો માણસો મરી ગયાં. એનાથી ય વધારે બેઘર બની બેઠાં. દરિયાનાં ખારાં પાણીએ મીઠાં પાણીનાં ય હરણ કર્યા. ઇ.સ. ૨૦૦૪ની નાતાલ આ બધાં માટે વિનાશકારી નિવડી.

ટેલિવિઝન - રેડિયો - સમાચારપત્રો બધાં સુનામીના સમાચાર વિશ્વમાં ફેલાવવાનું સાધન બન્યાં. સુનામીના શિકાર બનેલા પ્રદેશોમાં તો ટેલિફોન - ટ્રેન - રસ્તાઓ - પાણી પૂરવઠો – બધું ખોરવાઈ ગયું હતું. ઘણાં લોકો ઊંચી ટેકરીઓ અને અગાશીઓમાં ચડી ગયા હતાં. આવું છતાં ઘણાં ભૂખતરસથી મરણને શરણ થયા હતાં. ચારે તરફ માનવીઓ તથા પશુઓનાં શબ પડ્યા હતાં. આવી વિપરિત હાલત વચ્ચે, કોઈક કોઈક બચવા પામ્યું હતું. આખી દુનિયામાં એક જ વાત હતી, સુનામીની. શું આ દુનિયાનો નાનો સરખો પ્રલય હતો?

અનિકા અને બીજાં ચાર જણના હાથમાં એક તાડનું ઝાડ આવ્યું. તેમણે કસીને તે પકડી રાખ્યું. ઉછળતાં મોજાંઓ સાથે તેઓ દરિયામાં તણાવા લાગ્યાં. અમેરિકન દંપતીની આંખોના લેન્સ નીકળી ગયાં. થોડી વાર મૂંઝાઈ થડિયું છોડી તેઓ એકબીજાંને વળગી પડ્યાં. તેમણે જળસમાધિ લીધી. હવે તેઓ ત્રણ રહ્યાં. એ સૌ થાઈલૅન્ડવાસી હતાં. ઉછળતાં મોજાં અને સાથે વહેતો કાટમાળ અને બીજાંઓ. કોઈ ટાયર કે લાકડાં પાટિયાના સહારે બચવા મથતાં લોકો. ઝાક ઝીલવી ઘણી મુશ્કેલ હતી. અનિકાને થયું, હું પણ પેલાઓની જેમ જ જળ સમાધિ લઈ લઉં તો! મનનાં ઊંડાણમાંથી સાદ આવ્યો. અનિકા, તારા બાળકનું શું? એ બાળક ખાતર પણ તારે જીવવાનું છે. તેણે નિશ્ચય કર્યો - હું ગમે તેટલી મુશ્કેલીઓનો સામનો કરી મારા પેટમાંના બાળકને જીવાડીશ અને હું ય જીવીશ.

બધાં તણાતાં જ રહ્યા. ક્યાં ય સુધી, દૂર સુધી. અંધકારના ઓળા ઉતરવા લાગ્યા. આમ તેમ ફંગોળાતા શરીરના મારથી, થડ પકડી રાખવાના પરિશ્રમથી, ગળે સોસ પડતો હતો. તે હામ ગુમાવવાની હતી ત્યાં મેઘરાજાની કૃપા વરસી. તેણે ઊંચું મોઢું કરી જળબિંદુ ઝીલવા માંડ્યાં. ભીના થઈ નીતરતા વાળમાંથી પાણી ચૂસવા માંડ્યું. તેને જરા સારું લાગ્યું. ભૂખ લાગી હતી, પણ ખાવાનું તો ક્યાંથી મળે?

વહેતો કાટમાળ હવે ઓછો થયો હતો. દરિયો શાંત થઈ ગયો હતો. પેલા બીજાં થાઈ લોકો સાથે જરાતરા વાત કરી. પવનના સૂસવાટામાં શબ્દો ઊડી જતા હતા. તેઓ મધદરિયે હતાં ને? વળી માછલાંઓ પગમાં બટકાં ભરતાં હતાં. તેને પગનો ઝાટકો મારી અળગાં કરવા પડતાં. થડ પકડીને હાથ છોલાયા હતા. ખારું પાણી બળતરા આપતું હતું. શાંત દરિયો જોઈ આવા કષ્ટમાં ય તેને તેણે જોયેલી કૃષ્ણલીલાની ફિલ્મ યાદ આવી. ગોપીઓ કૃષ્ણે માટી ખાધાની રાવ કરે છે ત્યારે યશોદા કૃષ્ણને મોઢું ઉઘાડવા કહે છે. મોઢું ખોલતાં જ યશોદાને વિરાટ સ્વરૂપનાં દર્શન થાય છે. બધાં જીવો કાળના ખપ્પરમાં હોમાતાં દેખાય છે. મુખ બંધ કરે છે ત્યાં તો બધું શાંત. કૃષ્ણ ખિલખિલ હસે છે.

અનિકાને સ્વજનો યાદ આવ્યાં. શું થયું હશે એ લોકોનું ? આસપાસ દરિયાનાં પાણી સિવાય કાંઈ નથી. કોણ જાણે કેટલા ય માઈલ દૂર પોતે ધકેલાઈ ગઈ હશે. એક દા સુંદર દેખાતો દરિયો અત્યારે વેરી બની ગયો હતો.

જેમ તેમ રાત પસાર થઈ. મોં સૂઝણું થયું. આ શું ? પેલા બંને સાથીઓ ગાયબ ? હે પ્રભુ ! દરિયાલાલ ! હવે તો ખમૈયા કરો. તેને પોકે પોકે રડવાનું મન થયું. પણ રડાતું ય નહોતું. અહીં કોણ તેનાં આંસુ સારશે ? પોતે આંસુના દરિયામાં જ તરી રહી છે. મનોમન બોલી. 'જોસેપ હવે હું અને આપણું બાળક તારી વિદાય લઈએ છીએ. અમને માફ કરજે.'

તે થડિયું છોડવાની તૈયારીમાં જ હતી. ત્યાં તો ચમત્કાર સર્જાયો. દૂર ક્ષિતિજમાં એક નાનું ટપકું અને ધૂમાડો દેખાયાં. અનિકામાં હામ આવી. આકાશમાં સૂર્યાસ્ત થવાનો હતો. તેના હૈયામાં આશાના સૂર્યનો ઉદય થયો. ટપકું ધીરે ધીરે મોટું થયું ને બોટના સ્વરૂપમાં દેખાયું. તેના હૈયાસાગરમાં હરખના હીલોળા ઊઠ્યા. મૃત્યુના વિચાર પાછા ઠેલાયા.

કુમક સારુ એ એક મલય બોટ હતી. બોટની સર્ચલાઈટનો તેજ લીસોટો ચારે તરફ ફરવા માંડ્યો. અનિકાએ એક હાથ ઊંચો કરી મદદની બૂમો પાડવા માંડી. વૃક્ષનું થડિયું તૂટીને અડધું જ હવે તેના હાથમાં રહ્યું હતું. અહો ! આશ્ચર્ય ! બોટવાળાએ તેને જોઈ. સુનામીમાં ભોગ બનેલા લોકોને વીણીને બચાવવાનું તે લોકો કામ કરતા હતાં. અનિકાને માટે જાણે કે વૈકુંઠમાંથી વિમાન આવ્યું.

બોટ પર પહોંચતાં જ થાકેલી અનિકાએ ભાન ગુમાવ્યું. મેડિકલ ટીમનાં માણસોએ તેના ઘા પર પાટાપીંડી કરી તેને ધાબળામાં ઢબૂરી દીધી. જ્યારે તેની આંખ ઊઘડી ત્યારે તે મલેશિયાના એક નાનકડા ગામની હૉસ્પિટલમાં હતી. ત્યાં સુનામીના શિકાર બનેલાં ઘણાં માણસોને ભરતી કરવામાં આવ્યા હતાં. નર્સ અને દાક્તરો રાતદિવસ દોડાદોડી કરતાં હતાં. સ્વયંસેવકો અથાક સેવા આપતાં હતાં.

અનિકાએ ક્ષીણ અવાજે નર્સને પૂછ્યું. 'સિસ્ટર. મારું બાળક ? ... ' અધવચ્ચે જ નર્સે તેને રોકી કહ્યું. 'ફીકર ન કરો. બધું બરાબર છે. તમારે આરામની જરૂર છે.'

સદ્ભાગ્યે અહીં બધાં અંગ્રેજી જાણતા હતાં. અનિકા વિચારતી હતી કે પ્રભુ હજુ મારી કેટલી પરીક્ષા લેવાનો છે ? હું ક્યાંની ક્યાં આવી પડી છું. સાવ અકિંચન. પહેરવાં કપડાં નથી. રહેવા ઘર નથી. હવે શું થશે ? તે પોકે પોકે રડવા લાગી. તેની ધીરજનો અંત આવ્યો હતો. શરીરમાં જરા ય શક્તિ ન હતી. નર્સે ઊંઘની ગોળી આપી તેને સૂવાડી દીધી.

સવારે જાગી ત્યારે મનની ઉત્તેજના અને તાણ ઓછાં થયાં હતાં. શરીર આખું કળતું હતું. નર્સ એક સ્વયંસેવિકાને લઈને આવી. તેણે તેના માથે હાથ ફેરવી સમજાવ્યું, 'જો બહેન. તારા જેવા હજારો માણસો ઘરબાર વગરના. અનાથ બની ગયાં છે. અમે બધાંને બનતી મદદ કરીએ છીએ. આખી દુનિયાના દેશોમાંથી દાનનો પ્રવાહ વહેવા લાગ્યો છે. પણ બધું થાળે પડતાં તો વાર લાગે ને ? તું થાઈલૅન્ડમાં તારાં બીજાં કોઈ સગાં હોય તો જણાવ. તેં નર્સને કહેલું તે ગામ બામ-નામ-કિમ તો આખું ડૂબીને નાશ પામ્યું છે. તેમાં ભાગ્યે જ કોઈ બચ્યું હશે. તારો પતિ ક્યાં છે ? અમારે હૉસ્પિટલમાં જગાની બહુ ખેંચ છે. બે દિવસમાં તારા કોઈ સગાનો પત્તો નહીં લાગે તો તને શરણાર્થીઓના કેમ્પમાં મૂકવી પડશે.' સારા નસીબે. અનિકાને ઘણા ફોન નંબર અને સરનામાં મોઢે હતાં. તેણે બધું સ્વયંસેવિકા બહેનને લખાવ્યું.

ત્રીજે જ દિવસે બેંકકોકથી કાકા રતનચંદ્રન્ તેને લેવા આવી પહોંચ્યા. તેઓ અનિકાને બાથમાં લઈને ખૂબ રડ્યા. 'દીકરી. ભાઈ-ભાભી. બાળકો - બધાંને ગુમાવ્યાં. સુનામીમાં સમુદ્ર એમને ગળી ગયો. સારું થયું તું એક બચી ગઈ છો. પ્રભુનો મોટો ઉપકાર માનું છું.'

'કાકા, હવે મારું શું થશે ? જોસેપ મને ક્યારે મળશે ?' અનિકા રડી પડી.

'છાની રહે. બેટા. મિસિસ એડમ પાસેથી મેં તેનો પત્તો મેળવીને કહ્યું છે કે બને એટલો વહેલો અહીં આવે. તને એકલી તો નહીં મોકલાય !'

આ વાત સાંભળી અનિકાને શાંતિ વળી.

રતનકાકા અનિકાને લઈને બેંકકોક પહોંચ્યા. ત્યાં એરપોર્ટ પર અખબારવાળાઓ તથા ટેલિવિઝનવાળાઓ કેમેરા સાથે ટોળામાં ઊભા હતાં. બધાંએ અનિકાની તસવીર ખેંચવા અને સુનામીમાં વીતેલા અનુભવો જાણવા માટે ધસારો કર્યો. રાતે ટેલિવિઝનમાં અને સવારે અખબારોમાં મોટાં મથાળાં સાથે અનિકાના ફોટા અને વિગત આવ્યાં. 'એક ગર્ભવતી બહાદુર સ્ત્રી. પેટમાંના બાળક ખાતર સુનામીના દરિયાઈ તોફાનમાં કેવી રીતે ઝઝૂમી તે રોમાંચક કથા છે. તેને શાબાશી આપી આપણે તેને 'માતા સુનામી'નો જ ખિલાબ આપવો જોઈએ. તે સ્ત્રી છે અનિકા જોસેપ રોઝેરો.'

જોસેપ તેને મળ્યો ત્યારે પૂછ્યું. 'એક નાનકડા કૂતરાથી બીતી છોકરીએ પ્રલયકારી સુનામીનાં મોજાં કેવી રીતે જીરવ્યાં. કહે તો ખરી ?'

'માતૃશક્તિ !' અનિકાએ જોસેપની છાતીમાં મોં છૂપાવ્યું.

[5 Walburton Road, PURLEY, Surrey, CR8 3DL, U.K.]

●

(૬)

## ભૂખ

○ ઉપેન્દ્ર ગોર

અર્ધ ખુલ્લી બારીના પડદા આડશે બહાર જોતી સુચેતા. નિહારની આવવાની આતુરતાભરી રાહ જોઈ રહી હતી. ઘડીમાં વરંડામાં આવી. ક્યાં ય સુધી તાકતી આમ તેમ આંટા મારતી હતી. રાતના અગિયારની ટ્રેઈન કદાચ મોડી પણ પડી હશે. માનીને હવે રસ્તા પર તાકતી ઊભી રહી ... અપલક નેત્રે ... !

એટલામાં તેની દૃષ્ટિ બાજુના બહુમાળી મકાનના નીચેના ફ્લેટનાં પાડોશણ ઉમાબહેનને તેના ઘરનો દરવાજો ખોલતાં જોયાં. તેમના હાથમાં એક નાનો વાડકો હતો. ઓટલા બહાર આવતાં જ 'લે ... ! લે ... ! ગાય ... ! ગાય ... !' કહી બૂમ પાડતાં હતાં. હવે સુચેતાની દૃષ્ટિ રસ્તાને છેવાડે આવેલા એક બંધ ઘરની ભીંતને અઢેલીને બેઠેલી ગાય પર પડી. ઉમાબહેનનો સાદ સાંભળી. ત્યાં બેઠલી ગાય સળવળી અને ધીરે ધીરે ત્યાં આવતી જોઈ.

ઉમાબહેન વાડકામાંનો રાંધેલો ખોરાક ગાયને આપે તે પહેલાં ખબર નહીં. ક્યાંકથી બે ત્રણ નાનાં ટાબરિયાં દોડતાં આવીને ક્ષણાર્ધમાં ઝાપટ મારીને વાડકાનું ખાવાનું ઝૂંટવી ભાગી ગયાં. અચાનક બનેલી ઘટનાથી ભાંભરતી ગાય આમ તેમ માથું વીંઝતી પાછી વળી અને ઉમાબહેન અવાક બનીને બબડ્યાં : 'અલ્યા ! મારા રડ્યાઓ ! આટલી રાતે ક્યાં ભમતાં રહો છો ? સાવ ભૂખરવાં ! જાનવરોના મોંમાંથી પણ ખાવાનું છીનવી લેતાં શરમાતાં નથી ?'

સુચેતા અદ્ધર શ્વાસે. ત્યાં ઊભી ઊભી પાછી વળેલી. ડોકું ધૂણાવતી ગાયની નિઃસહાય આંખોને તથા ઉમાબહેનના સકારણ ગુસ્સાભર્યા ચહેરાને તાકી રહી.

'કેટલી વાર. ઉમા ? ક્યાં સુધી બહાર અંધારામાં ડોકાં કાઢતી રહીશ ? જો લાલો રડે છે ! કદાચ ભૂખ્યો થયો હશે ! જરા જલદી આવ.' પોતાના પતિનો અવાજ સાંભળી ઉમા બોલી : 'હાં ... આ આવી ! જરા લાલાને થાબડો તો ખરા ! અને તમે ય શું આટલી રાતે જંપતા નથી ને શી રાડારાડ માંડી છે? નાના લાલાની જેમ ... '

– કહી. બારણું વાસીને ઉમાબહેન ઘરની અંદર સરક્યાં ત્યારે તેમના ચહેરા પર છવાયેલા છાના આનંદને સમજી જતાં સુચેતા ય મનોમન મલકાતી બબડી : 'ભૂખ ... ! ક્યાં છોડે છે કોઈને ? ક્યારે ય ... તન. મન અને ધનની ય ભૂખ ... ! હજુ ય ... આ નિહાર પણ ... ! એ પોતાની બિઝનેસ ટ્રીપમાંથી ક્યારે ય સમયસર ક્યાં પાછો આવે છે ?'

શાંત રાત્રીએ અશાંત મને સામેના નિર્જન રસ્તાને તાકતી સુચેતા આંટા મારવા લાગી.

[24, Fernbank Avenue, Sudbury Hill, WEMBLEY, Middlesex HA0 2TR, U.K.]

●

(૭)

# અતૃપ્તિ

○ 'જિગર' નબીપુરી

હું ઑફિસે જવાની તૈયારીમાં હતો ત્યાં જ પોસ્ટમેન કેટલીક ટપાલ નાંખીને ચાલ્યો ગયો. તેમાં દેશથી આવેલ કવર જોઈને ધ્રાસ્કો પડ્યો. ઝટપટ કવર ખોલીને વાંચ્યું. બહેન દિક્ષાનો કાગળ હતો. તેણે લખ્યું હતું કે ભાઈ શશી જેલમાંથી છૂટીને ઘેર આવી ગયો છે. અને એકતા સાથે તેણે લગ્ન કરવાનું નક્કી કર્યું છે. આ સમાચાર વાંચી આઘાતથી મન વ્યાકૂળ થઈ ગયું.

ત્રણ મહિના દેશમાં રહ્યો એ દિવસો દરમિયાન એકતા સાથે બંધાયેલા સ્નેહના ખાટામીઠા સંબંધોનાં સ્મરણોની હારમાળા નજર સમક્ષથી પસાર થઈ ગઈ.

આમ શી રીતે બન્યું ? દેશમાં હતો તે દરમિયાન કોઈ દિવસ એકતાએ આ વિશે અણસાર સુદ્ધાં મને ન આપ્યો ! એકતાને હું મારા જીવનનું સર્વસ્વ માની બેઠો હતો. એ મારી ભૂલ હશે. એના કહેવાથી જ હું લગ્ન કર્યા વિના લંડન પરત થયો હતો. અને આજે આ સમાચાર ... ! ... મારાં બધાં સત્વ અને હિમ્મત તેણે હણી લીધાં હતાં. મારે હવે શું કરવું ? એકદમ મને કાંઈ સમજાયું નહીં. મારી – વિચારોની ગતિ વધતી જતી હતી ત્યાં જ ટેલિફોનની ઘંટડીનો અવાજ સાંભળીને હું ભૂતકાળમાંથી વર્તમાનમાં સરી પડ્યો.

ઑફિસેથી રવિનો ફોન હતો. 'કેમ આજે ઑફિસે નથી આવવાનો શું ?'

'ના ... મારી તબિયત સારી નથી.' મેં ટૂંકો જવાબ આપ્યો.

'તો આ તારા ટેબલ પર પડેલું પેન્ડીંગ કામ મારે કરવાનું ?' રવિએ કટાક્ષમાં પૂછ્યું.

હું થોડી વાર મૌન રહ્યો.

'કેમ બોલતો નથી ?'

'રવિ. તું એક કામ કર: આજે સાંજે મારે ઘેર આવ.'

'શા માટે ?'

'અરે તું આવ તો ખરો. મારે એક ખાસ વાત કરવાની છે. જે ફોન પર થઈ શકે એમ નથી.'

'આજે ફાવે એમ નથી કારણ કે તારા ટેબલનું કામ પણ મારે જ કરવું પડશે. આવતી કાલે શનિવારે રજા છે એટલે સવારમાં દસેક વાગ્યે આવું તો કેવું ?'

'ભલે. કાલે સવારે આવે. પણ ચોક્કસ આવજે. તારી રાહ જોઈશ.'

ફોનનું રિસિવર મૂકી દેશથી આવેલો પત્ર ફરીથી. બેત્રણ વાર. વાંચી ગયો. ઘેર ફોન પણ કરી જોયો. પણ લાગ્યો નહીં. સાથે સાથે આવતા બેત્રણ દિવસોમાં 'એર-ઇન્ડિયા'ની ફ્લાઈટમાં સીટની સગવડ માટે પણ ટ્રાવેલ એજન્ટને ઇન્કવાયરી કરી લીધી. સુટકેસમાં થોડાંક કપડાં અને બીજી વસ્તુઓ પણ ગોઠવી દીધાં. બહાર નીકળી થોડુંક શોપિંગ અને બેન્કનું કામકાજ પતાવી હાઈ કમિશનમાં વિઝા માટે પાસપોર્ટ આપી આવ્યો. રેસ્ટોરન્ટમાં ચા પીધી અને ટેમ્સ નદીને કાંઠે લટાર મારવા નીકળ્યો. પણ ચેન પડ્યું નહીં. મનને મનાવવાના આ બધા ખોટા પ્રયાસો હતા. આમ રઝળપાટમાં દિવસ પૂરો થયો. જો કે ભૂખ તો મરી ગઈ હતી. છતાં ય 'મંદિર' રેસ્ટોરન્ટમાં જઈ જમી ઘેર આવ્યો ત્યારે રાત્રીના દસ વાગ્યા હતા.

સૂઈ ગયો પણ આખી રાત એકતાના ભણકારા વાગ્યા કર્યા. ઊંઘ જાગમાં પાસાં ફેરવીને જેમ તેમ રાત વિતાવી.

સવારે ઊઠ્યો. સ્નાન કરી ચાનાસ્તાને ઇન્સાફ આપ્યો અને પછી રવિના ઇન્તિઝાર સાથે બેઠો. ચર્ચના ટાવર ઘડિયાળના બરાબર દસના ટકોરે તેણે મારા દરવાજે ડૉરબેલ વગાડી.

ઘરમાં દાખલ થતાં જ મારા વાંસા પર ધબ્બો મારી રવિએ મને છંછેડવા પ્રયાસ કર્યો : ' ... કેમ. કામચોર. ગઈ કાલે કામ પર ગાબચી મારી ?'

મેં કહ્યું : 'તું નિરાંતે બેસ. પછી બધી વાત કરું છું.' બન્ને માટે ગરમ ગરમ ચા બનાવી આણી. સાથે બિસ્કિટ પણ મૂક્યાં. પછી દેશથી આવેલી ટપાલ તેના હાથમાં મૂકી કહ્યું. 'લે વાંચ.' પત્ર વાંચી એ કહે : 'આમાં તો કાંઈ નથી. એકતા અને તારો ભાઈ બન્ને લગ્ન કરવાનાં છે. એટલું જ લખ્યું છે.'

મેં કહ્યું : 'એમાં જ ઘણું બધું છે. હજુ બે માસ પહેલાંની જ વાત છે. ત્યારે ત્રણ મહિના દેશમાં રહ્યો હતો. તેની આ વાત છે.

'ચૌદ વરસે દેશ ગયો હતો. મુલાકાતીઓની અવરજવરથી ઘર ઊભરાતું હતું. આબાલવૃદ્ધ. જાણ્યા. અજાણ્યા ચહેરાઓ હતાં. તેમાં રસબસતાં યૌવનવાળી એક યુવતી ઘડી બેઘડી ઘરમાં આવે છે અને પાછી વળી છે. તેનું અદમ્ય આકર્ષણ મને વિચારોમાં ડૂબાવે છે. મારામાં સંપૂર્ણ પૌરુષત્વ છે અને તેને ય આકર્ષી જશે એવી મારી માન્યતા હતી. હું કુંવારો છું અને ઘણાંને માટે તે કુતૂહલનો વિષય રહ્યો છે. મારે પરણી જવું જોઈએ તેવું તે સૌ માને. બાએ પણ પત્રવ્યવહાર કર્યો છે. વારુ. મેં છોકરીઓના ફોટા જોયા છે. કેટલાંક જોડે ઇન્ટરવ્યુ પણ કર્યો છે. પરંતુ મનપસંદગીનું પાત્ર હજી સુધી મારા ધ્યાનમાં બેસતું નથી.

'એક દિવસ ચમત્કાર થયો. પેલી યુવતી તેની માતા સાથે ઘરે આવી. હું ઝરૂખામાંથી જોતો રહ્યો. તેને હું એકી ટશે જોતો હતો. તાજગીભર્યા યૌવનની કાયા. ઉજળો વાન. કામણગારી પાણીદાર આંખો. મારામાં પ્રકંપ જમાવી જાય છે. પૂછતાછ કરતાં મારી બહેન પાસેથી જાણ્યું કે તેનું નામ એકતા છે અને એમ.એ.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. તેનાં માતાપિતા નોકરિયાત છે અને તે સૌ બે'ક વરસથી અમારા ફળિયામાં જ રહે છે.

'મારી બા મારફ્ત એ છોકરી માટે વાત આગળ ચલાવું છું. તેની માતા મારફ્ત વાત મારા પિતા સુધી પહોંચે છે. બાપુજીનો ગુસ્સો મારા પર વરસે છે : 'જો એ છોકરી સાથે લગ્ન કરીશ તો તને મિલકતમાં ફૂટી કોડી પણ મળશે નહીં.' આ અલ્ટીમેટમ સામે હું બિલકુલ ચૂપ હતો. બાપુજી શ્રીમંત. સિદ્ધાન્તવાદી. અને ગામની એક મોભાદાર વ્યકિત. તેમનાં સ્વાસ્થ્ય પર કોઈ અસર ન પહોંચે તે કારણે ય હું કાંઇ બોલી શકતો નહીં.

'લોટરીની ટિકિટની જેમ નસીબ અજમાવવાનું મને પસંદ નથી એટલે આદર્શ પત્નીની શોધમાં થોડોક સમય વધારે રોકાઈ મનપસંદ પાત્ર મેળવી લંડન પરત થવાનું મેં વિચારેલું.

'જોતજોતામાં બે અઠવાડિયા વીતી ગયા. એકતા એક વાર બાને મળવાના બહાને મારે ઘેર આવી. ઘરમાં જ દાખલ થતાં જ બારણામાંથી ઊંચા સાદે કહે : માસી ...

'દિક્ષા અને બા માસીને ઘેર સત્યનારાયણની કથામાં ગયાં છે.' એમ મેં જવાબ વાળ્યો.

'ભલે કોઈ નથી તો. તમે તો છો ને. મારે તમારું જ કામ છે.'

'મેં તેને હીંચકા પરે બેસવા નિર્દેશ કર્યો. કહ્યું. 'બા થોડી વારમાં આવશે.'

'ગંભીર વદને તે બોલી. 'મારે બેસવું નથી. થોડીક વાત કરી જતું રહેવું છે.' પછી તેણે ઉમેર્યું. 'તમારી સામે મારે ફરિયાદ છે.'

'મેં કહ્યું. બોલ.

'તમે શાથી ધારો છો કે હું તમને પરણીશ ? તમે પૈસાદાર છો. ભણેલાગણેલા છો. મોટરકાર છે. મકાન છે. ઇંગ્લૅન્ડમાં વસો છો. એટલે એક સ્ત્રીને ચાહવા માટે તમારી પાસે બધી જ સામગ્રી છે. એમ તમે જો માનતા હો તો તે તમારી ભૂલ છે. હું તમને ચાહતી જ નથી તો લગ્નનો સવાલ જ આવતો નથી. મારી બા ઇચ્છે છે કે હું તમારી સાથે લગ્ન કરું. એ શક્ય જ નથી. તમારા પૈસાને ખાતર પણ પરણવા માંગતી નથી.' તે બોલ્યે જતી હતી.

'ક્ષિતિજ પર થતી સંધ્યાકાળની લાલાશની જેમ એના ચહેરા પર ગુસ્સો વર્તાતો હતો. બે અધરો વચ્ચે દાડમનાં દાણાં જેવી સુંદર દંતાવલી સહિત તેના આખા શરીર પર હું નજર નાખું છું. પંજાબી ડ્રેસમાં એ નમણી કાયાને એકી ટશે જોયા કરું છું. તેનું આ અવ્યવહારુ વર્તન

સલૂણું લાગે છે. એટલે ફરી એક વાર હું તેને હીંચકા પર બેસવા ઈશારો કરું છું. પણ તે બેઠી નહીં.

'હું બોલ્યો : 'એકતા તું જે કાંઈ વિચારે છે તે તારી કલ્પના છે. તારું મને આકર્ષણ છે અને તને હું ચાહું છું. આથી બા મારફત કહેણ મોકલ્યું હતું. બાકી તારા પર મારી કોઈ જબરદસ્તી હોઈ જ ન શકે. તારી નામરજીએ પરણવું જ નથી. તારી મરજી હોય ત્યાં પરણજે અને કોઈ સહાયની જરૂરત હોય તો જણાવજે. બાકી. હું એક તરફી નિર્ણય લેવામાં માનતો નથી. મારામાં ય સંસ્કાર અને વિનય વર્તન છે. તેનું મને ગૌરવ છે. સ્ત્રીને સંતોષી શકું એવી શકિત પણ છે. અને તેથી મારામાં જેની છબિ કંડારાઈ જે તે સ્ત્રીને પ્રેમ કરું તો તેમાં ખોટું ય શું છે?'

'મારી વાત સાંભળી એનો ગુસ્સો ઓગળી જાય છે. 'અગર તમે એટલા જ ઉન્નત વિચારો ધરાવો છો તો પછી હું કહું તેમ કરશો ?' વાત આગળ ચલાવતા એ બોલી.

'મેં હા પાડી.

'દરેક માબાપને પોતાની દીકરીનો ઘરસંસાર વસાવવાની ઉત્કંઠા હોય છે. મારાં માબાપ તમારી જોડે મારાં લગ્ન કરવા ઉત્સુક છે. જો તેઓ જાણશે કે મેં ના પાડી છે તો તેઓ મારા પર વધુ દબાણ લાવશે. બીજી બાજુ. તમારા બાપુજી ઈચ્છે છે કે તમે મારી સાથે લગ્ન કરશો તો વારસામાં તમને તેમની પાસેથી કંઈ પણ નહીં મળે. વળી. એમ.એ.ની પરીક્ષા પહેલાં લગ્ન માટે હું વિચારી ય ન શકું. આથી તમે ના પાડો તો તમારાં માબાપનો મોભો સચવાશે. તમારે મિલકતમાંથી હાથ ધોઈ નાંખવા નહીં પડે. મારા માટે પ્રેમ હોય તો આટલું જરૂર કરજો.' આટલું કહી એકતા આવી હતી તેમ સડસડાટ મારા ઘેરથી જતી રહી.

'પત્રકારત્વના વ્યવસાયમાં હોઈ ઘણી છોકરીઓના સંસર્ગમાં આવવાનું બન્યું છે. કેટલીક સાથે સંબંધ કેળવ્યો છે. કેટલીક સાથે મૈત્રી જાળવી છે. પરંતુ એ બધાંમાં એકતાનું આકર્ષણ અદ્ભુત રહ્યું. એ કાંઈક જુદું જ હતું. તે મારા માટે અનુરૂપ છે. મને અનુકૂળ છે તેવી મારી લાગણી રહી છે. માટે એમ.એ.ની પરીક્ષા તે પૂરી કરે ત્યાં સુધી રાહ જોવાની મેં મનથી તૈયારી કરી. કોઈ પણ કિંમતે તેને જતી કરવાના વિચારનો હું હતો નહીં. મારા મનની આ વાત મેં બાને કહેવાની ય ટાળી હતી.

'આ દરમિયાન. બીજી એક છોકરીની વાત આવી. સૌની પસંદગી ઊતરી પણ ખરી. પરંતુ ગ્રહોનો મેળ પડ્યો નહીં. બાએ કહ્યું. 'બ્રાહ્મણ પાસે જાપ કરાવીએ તો ગ્રહનો મેળ બેસી જાય.' તેને માટે પછીનો શનિવાર નક્કી થયો. પરંતુ આમે ય મને શનિવાર નડતા રહ્યા છે. જાપથી ગ્રહ સરખા થાય તો એકતાની હા કેમ ન આવે ? હું મૂંઝાતો રહ્યો. બા અને બહેન માટે હું ચૂપ રહ્યો.

'વળતે દિવસે રવિવારની સાંજે બાપુજીને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેમણે વિદાય લીધી. પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ. જાપ કોરાણે રહ્યા. કાર એક્સિડન્ટને કારણે જેલ ભોગવતા મોટાભાઈ બે દિવસની ખાસ રજા લઈ ઘેર આવી ગયા. પિતાજીની અંતિમ ક્રિયા કરાવી તે ય પાછા ચાલી ગયા.

'બાપુજી તો ઘરનો મોભ હતા. મોભ તૂટતા ઘરની તે શી હાલત થાય ? બાનું સ્વાસ્થ્ય લથડતું રહ્યું. આવા શોકાતુર સમયમાં. એકલતા વચ્ચે અમારે ઘેર એકતાની અવરજવર હૂંફકારી રહી. આ વેળા મેં તેને ભાવુક દિલે કહી પણ દીધું. 'તું મારી પ્રિયતમા છો. તને આ ભવ તો શું બીજા ભવમાં પણ વિસરી ન શકું.' હું મારી એ આરાધ્ય મૂર્તિને એ રીતે ચાહું છું કે જે રીતે મંદિરમાં બેઠેલી દેવીને પૂજારી ચાહતો હોય ! મારી વાત અંગે એકતા મૌન સેવે છે.

'બીજી તરફ. મારી વગોવણીનું વિષચક્ર ગામમાં ફરી વળ્યું. મારી બદનામી શરૂ થઈ. હું લગ્ન કરતો નથી તેને કારણે બાપુજીએ દમ તોડ્યો. સાચી વાત જો કે કોઈ કાને ધરતું નથી. ... ખેર ! ઘરમાં શોકના દિવસો અને મારી ઑફિસની રજાઓ પણ પૂરાં થાય છે. અને એકતાના કહેવાથી હું લંડન પાછો ફર્યો.

'જોતજોતામાં લંડન આવ્યાને બે મહિના વીતી ગયા. પરંતુ આ અંગે. રવિ. મેં તને માહિતગાર કર્યો જ નહીં. આજે હું જિંદગીના એવા વળાંકે આવી ઊભો છું કે હવે મને ખુદને જ સમજ પડતી નથી કે મારે શું કરવું ? એકતાએ મારા મોટાભાઈ સંગાથે લગ્ન કરવાનો કેમ નિર્ણય કર્યો હશે ? તેના ખુલાસા માટે જ દેશ જવાનો મેં નિર્ધાર કરેલો છે. મારી જિંદગીની આ સૌથી મોટી ટ્રેજેડી છે. રવિ. ... ' આટલું બોલતા તો હું થાકી ગયો અને માથે હાથ મૂકી હું ચૂપ થઈ ગયો.

થોડીવાર વિચાર કરી રવિએ મને કહ્યું. 'જો પ્રશાંત. મારું માનતો હોઉં તો આટલું કહું : અત્યારે તું દેશમાં જવાનું માંડી વાળ. એકતાએ જ તારા ભાઈ સાથે લગ્ન કરી લેવાનો નિર્ણય કર્યો છે તેથી ત્યાં જવાનો કોઈ અર્થ નથી. વળી. ફોનથી કે પત્રથી તને જો ખુલાસા મળી જતા હોય તો તારા માટે એ સરસ રસ્તો છે. તારી જગ્યાએ હું હોઉં તો તને કહું છું એમ જ હું કરું. બાકી શું કરવું કે શું ન કરવું તે તારી મુનસફીની વાત ગણજે. વિચાર કરી જોજે.'

તેની વાત સાંભળી હું એકદમ ચૂપ થઈ ગયો. થોડીક વાર ચોમેર નિરવ શાંતિ છવાઈ ગઈ. ચૂપકીદી તોડવા રવિએ કહ્યું. 'હવે મને ચા પીવાની તલબ લાગી છે. ચા પીવડાવીશ કે નહીં?'

કિચનમાં ગયો અને ચા બનાવી અને વિચારોના વમળ વચ્ચે તેને ટીપોય પર ગોઠવતો ગયો. અને પછી ઓરડામાં આમતેમ આંટા મારતો રહ્યો. દરમિયાન. પોસ્ટમેન ટપાલ નાંખી ગયો તેનો અવાજ આવ્યો. રવિ ઊઠ્યો. ટપાલ લઈ આવ્યો. દેશથી આવેલું એક પરબીડિયું તેમાં હતું. રવિ કહે : 'લે. પ્રશાંત. તારી મૂંઝવણનો ઉકેલ આવ્યો લાગે છે.'

પત્ર વાંચતા જ મને અંધારાં આવવાં લાગ્યાં. પત્ર આમ હતો :

પ્રિય પ્રશાંત.

કુશળ હશો. મારે તમને જે વાત કહેવાની હતી તેનો હવે સમય પાકી ગયો છે. વાત તમારા માટે ટ્રેજિક હશે; પરંતુ મારી ફરજ સમજી આ પત્ર લખું છું.

હું એક પ્રેમભગ્ન કુંવારી માતા છું. હૉસ્પિટલમાં ખોટું નામ લખાવી પ્રસૂતિ કરાવી બાળકને ત્યાં જ મૂકી યોજના મુજબ નાસી છૂટ્યા બાદ મારા પ્રેમીએ મને મારા ઘર આંગણે છોડી ઘેર જતાં એની ગાડી વાટે ફૂટપાથ પરની એક બાળકીને અકસ્માતમાં મારી નંખાઈ. એથી મારા પ્રેમીને બે વરસની કેદની સજા થઈ હતી. સજા ભોગવીને હવે તે ઘેર આવી ગયો છે. જેણે મારા આપ્તરંગી સ્વભાવને પારખી મારી લાગણી અને દિલના તરંગોમાં સૂર મિલાવી મારાં હૃદય સ્પંદનોને ઝીલ્યાં છે એવાં અમે બંનેએ ગયા શનિવારે સિવિલ મેરેજ કરી ઘરસંસાર માંડી દીધો છે. મારો એ ખુશનસીબ પાર્ટનર બીજો કોઈ નહીં પણ તમારા મોટા ભાઈ શશી છે. અમારાં લગ્નથી તમારાં બહેન દિક્ષા અને બા પણ ખુશ છે. વધુ કાંઈ લખતી નથી.

તમારી એકતા.

પત્ર વાંચી હું સોફામાં તદ્દન ફસકાઈ પડ્યો.

[3. Shernhall Streetn Walthamstow. LONDON E17 3EU. U.K.]

•

(૮)

## ત્રણ લઘુકથા

○ દુર્ગેશ ઓઝા

### ભાઈ - બહેન

નિશાનાં રૂદન સાંભળતાં જ તેના પિતાજી સુરેશચંદ્રે પૂછ્યું. 'શું થયું તને ? કોણે તને હેરાન કરી ?'

'પિતાજી. દિનેશે મારા હાથમાંથી ચોપડી ઝૂંટવી લીધી. મેં પાછી લેવા ચોપડી ખેંચી તો એણે મને ... એણે મને માર્યું. તમે એને તો કાંઈ કહેતા નથી. કાલે ય મને ખીજવતો 'તો.'

અને સુરેશચંદ્ર ઊંચા અવાજે બોલ્યા. 'ક્યાં ગયો દિનેશ ? આજે તો તારી ખબર લેવી પડશે. નાની બહેનને હેરાન કરતાં શરમ નથી આવતી ? મોટો ભાઈ થઈને સમજતો નથી ? શું કામ તેં એને માર્યું ?'

'પણ મારે ય આ ચોપડી વાંચવી છે.' દિનેશે કહ્યું.

'પણ હમણાં તો તું બીજું કંઈક વાંચતો 'તો. બહાના કાઢીને હાથ ઉગામતા ક્યાંથી શીખી ગયો ? આજે તને જમવાનું નહીં મળે અને જો હવે આવાં તોફાન કરીશ તો માર્યા વિના નહીં મૂકું. ... ' સુરેશચંદ્રે પુત્રને ધમકાવ્યો.

નિશાએ અંગૂઠો બતાવીને કહ્યું, 'લે, લેતો જા, લેતો જા લાડવો !' ને પછી તાળી પાડીને હસવા લાગી.

અને જમવાનો સમય થયો. સુરેશચંદ્રે નિશાને બોલાવી, પણ એ ક્યાં ય દેખાઈ નહીં. તેને શોધવા એ ઉપરના ઓરડે ગયા. ત્યાં અચાનક કંઈક ધીમો ધીમો અવાજ સંભળાયો. ડોકિયું કરતાં જોયું તો નિશાની ભરેલી થાળી ત્યાં પડેલી હતી. તે તો જમતી જ હતી પણ દિનેશને પણ જમાડતી હતી. બંનેના ચહેરા પર લાગણી અને પ્રેમના ભાવ ચિતરાયેલા હતા. અને નિશા કહેતી હતી : 'જલદી જલદી જમી લે, નહીંતર પિતાજીને ખબર પડી જશે.'

અને સુરેશચંદ્ર આંખનો ખૂણો લૂછતાં હર્ષભેર જમવા બેઠા !

○

## વારસાગત

ઘણાં વર્ષોથી રામશંકરનાં કુટુંબનું અને એમની જમીનનું તનમનથી જતન કરી રહેલા મગને ફળદ્રુપ ખેતર જોઈ રાજીપો વ્યક્ત કર્યો. ટાઢ, તડકો કે વરસાદ ... કશું ય ગણકાર્યા વિના તેણે ફળ, શાકભાજી અને અનાજનો મબલખ પાક ઉપજાવી અઢળક કમાણી કરાવી આપી હતી. તેની આવી મહેનતનો બદલો વાળવાનો શુભ વિચાર રામશંકરને આવતા એમણે જમીનનો એક ટુકડો કાઢી આપતા કહ્યું'તું.

'મગન, મારા હૃદયના એક ટુકડાને જમીનનો એક ટુકડો આપું છું. આમાં તારું ખેતર ને મકાન બંને બનાવજે. આજથી આ જમીન તારી.'

પરંતુ કશું પાકું લખાણ થાય એ પહેલાં તો રામશંકરે દેહ છોડી દીધો હતો. ને બન્યું એવું કે મગનની જમીનમાં મબલખ પાક લહેરાયો ને રામશંકરના પુત્ર મોહનનનાં ખેતરોમાં પાક નિષ્ફળ ગયો.

સ્વજનોએ સલાહ આપી, 'મોહન, વહેવારુ બન. મગન પાસે માલિકીનું કોઈ લખાણ નથી. આંકડે મધ છે ને એ ય માખો વગરનું. ચાલ અમારી હારે ... ... '

... ... મોહન શેઠને મગન સહર્ષ આવકારી રહ્યો. 'આવો આવો નાના શેઠ. તમારા સૌના પ્રતાપે આજે મારી જમીનમાં સોનાનો સૂરજ ... '

'આ જમીન તારી છે એનો કાયદેસરનો કોઈ આધારપુરાવો છે તારી પાસે ?'

'મારે મન તો રામશંકરકાકાનો બોલ એ જ એની સાબિતી, નાના શેઠ !'

'એ ન ચાલે. આ જમીન તારી નથી. લે આ કાગળિયા ને કર સહી એટલે છેડો ફાટે.'

મોહનના શબ્દોથી મગનને જમીન હાથથી સરી જતી લાગી. દોસ્ત સમી જમીન જમીનદોસ્ત થતી લાગી. ધ્રુજતા હાથે સહી કરી મગન રડી પડ્યો ને સૌ અટ્ટહાસ્ય કરી રહ્યા. મોહન બોલી ઊઠ્યો ...

'હવે કામ પૂરું. હવે તારી પાસે કોઈ સાબિતી નહીં માગે. મુરખ આજથી આ જમીન કાયદેસરની તારી થઈ ગઈ. સાચવ તારો દસ્તાવેજ.'

સ્તબ્ધ સ્વજનો પ્રશ્નસૂચક નજર માંડી રહ્યા એટલે મોહને 'મોહ'ને હડસેલતા કહ્યું : 'હું રામશંકરનો દીકરો છું ... સમજ્યા ?'

○

## માધ્યમ

ક્રિકેટનો મેચ હોય, પતંગનો પેચ હોય, ચૂંટણીનો દાવપેચ હોય કે પછી અન્ય કોઈ રમતની ખેંચાખેંચ ... રમણલાલ આવીને મને ન પૂછે એવું બને જ નહીં. 'કાં નરોત્તમ, કોણ જીતશે ? કોણ સર્વોત્તમ ?' એવું એ અચૂક પૂછતા ને હું મારો અભિપ્રાય જણાવી દેતો. એટલે ... ... 'હવે હું તમારી વાત ન માનું. બરાબર વિચારો. એ ક્યાંથી જીતે ?' કહી એ ફરી ફરીને મને પૂછતા, નાણી જોતા. તો ય હું મારા અફર અભિપ્રાયને વળગી રહેતો. અંતે એ ખોટા પડતા ને હું હંમેશાં સાચો. એ એક આશ્ચર્યની વાત હતી કે હું અત્યાર સુધી એની સામે ક્યારે ય ખોટો નહોતો પડ્યો. હું સઘન અભ્યાસ, વિશ્લેષણ કરીને જ અંતિમ નિર્ણય પર આવું છું એની એને પૂરી જાણ હતી. જો કે હારવા છતાં એના ચહેરા પર કદિ હારી ગયાનું દુઃખ ઝલકતું નહીં. તે ઉન્નત ચહેરે હસીને મને અભિનંદન આપતા. મને લાગતું કે રમણલાલ એક મળવા જેવા ઉમદા માણસ હતા. કોઈ પણ વિષય અંગે મારો મત લેવાની એમને જાણે ટેવ પડી ગઈ હતી.

આજે પણ ચૂંટણીનાં પરિણામ અંગે એ પૂછી રહ્યા હતા, 'કોણ જીતશે ?' – ને આ વખતે મેં જુદું જ વિચાર્યું, 'દર વખતે જીતવામાં મજા નથી. કોઈ વાર ખોટો પડું તો એમને ય ગમે. ... સાચા પડ્યાનો હરખ થાય.' એટલે મેં જાણી જોઈને 'અજાણ્યું' નામ આપ્યું. એણે આદરવશ ફરી ફરીને પૂછ્યું. આ વખતે જરા વધુ ઊલટતપાસ આદરી ને પોતાનો મત પ્રગટ કર્યો. પણ હું તો મારી વાતને વળગી જ રહ્યો. આ વખતે ભલે ખોટો પડું. હારીને ય જીતવાની એક મજા છે ને ? આ મજા મારે માણવી હતી.

ને હું ધારતો 'તો એમ જ થયું. હું ખોટો પડ્યો 'તો. આજે રમણલાલ પહેલી વાર સાચા ઠર્યા 'તા. એ જે ધારતા 'તા એમ જ બન્યું 'તું. હમણાં એ આવીને કહેવાના : 'કાં, નરોત્તમ બહુ કૅંકતો 'તો ને તારા અભ્યાસના બણગાં ? લે લેતો જા લાડવો. આજે હું સાચો પડ્યો. જોયો ને બંદાનો ભડાકો !'

પણ એ ન આવ્યા. એને બદલે એના પડોશી અમૃતલાલ આવ્યા. ને આવતાવેંત મારો ઉધડો લઈ રહ્યા ... 'નરોત્તમભાઈ, ભલા માણસ ... તમે તો ભારે કરી. આવી તે સલાહ અપાતી હશે ?'

'પણ વાત શું છે ? થયું શું ?'

'અરે, આ તમારો રમણલાલ. આ વખતે વીસ હજાર ગુમાવી બેઠો. એણે શરત મારી 'તી. આજે આટલા વખતમાં પહેલી વાર એ શરતમાં હાર્યો છે.'

ને હું કંપી ઊઠ્યો : 'મને શું ખબર કે ... ... ?!!'

[Plot No. 28 B, Jalaram Nagar, Rajiv Nagar,
Behind Shreeji Duplex, Narsang Tekri,
PORBANDAR - 360 575, Gujarat, India]

•

(૯)

## ચલત ચલતે

○ પ્રવીણ પટેલ 'શશી'

ઉજાશ પાથરતી લાઈટ બંધ થઈ. ઓરડામાં મખમલી અંધારું છવાયું. બારી વાટે દૂધિયા ચાંદરણું પ્રવેશ્યું.

આસો માસ અને ઉત્સવોનો માહોલ. આમાં વળી આજે તો પ્રકાશનું પર્વ હતું. આખા દિવસની હૈડફેરી પતી હતી. ચોળી-ચૂંદડી ઉતરી કબાટમાં વ્યવસ્થિત ગોઠવાઈ. કંગન-બંગડીઓ ખનકી, અને દાગીનાપેટીમાં લાંબી થઈ પોઢી. બીજી ચીજવસ્તુઓ પણ બોકસમાં યથા સ્થાને આવી બેઠી. હવે નિરાંત હતી.

થાકેલાં તને આળસ ખાધી. સામે વિશાળ વર્તુળી દર્પણ હતી. છાયાના પડછાયાએ ઊંડો શ્વાસ લીધો. પગલાં ચાંપતી લાંબી મજલ ટૂંકડે આવી ખુદમાં લુપ્ત થઈ ગઈ. પળમાં બંધાયેલી સમયગાંઠ સહેજ ઢીલી પડી. અને ...

... અને ઘર, ગામ, ગલી, ખડકી અને કસબો આંખ સામે છતા થયાં. ખેતરમાં આફૂસી આંબો હતો. આંબે એટલી મોટી કેરીઓ થાય કે ના પૂછો વાત ! સાધન, સ્થિતિ, સંજોગો બધું જ અમારું સાધારણ. અરે ! રૂપેરંગે તો હું પણ સામાન્ય જ. પરંતુ કાઠું બળ્યું જરા ભરાવદાર. ના સમજ્યા ? લો ત્યારે ચોખવટ જ કરી દઉં, મારું તન સૂકલું ખરું પણ બદન સહેજ પુષ્ટ. બીજી કોઈને નહીં, અને મને જ આવું ! ધીમેથી ડગ માંડું પણ એ ઠમક્યાં વગર ન રહે. મને બળી એટલી બધી શરમ આવે કે ના પૂછો વાત !

માએ તો આનો જબરો ધજાગરો માંડ્યો હતો. આડોશીપાડોશી મને આકડો કહેતાં. મૂઈ આફૂસી, વદી દાદી વારેવારે મને ટોકે, અને મારી ઓઢણી છેડે એને એવાં ઢાંકે કે જાણે કૂબેર લૂંટાવાનો એમને ભય ના હોય !

બારે હું સોળની દિસતી. સંતાવા અને સંતાડવાનો મારો પ્રયાસ નાકામયાબ રહ્યો. શહેરમાં રહેતી માસી કંચૂકીબંધ લાવ્યાં. તસતસતાં બંધનથી મને મૂંઝારો થતો, આ મીઠો લાગતો. કેમ ? તો મને ખબર પડતી ન હતી, નાદાન જો હતી ! ભાનવાળાંને જો કે જરા ય બેધ્યાન ન હતાં. પારો, મનરો, સૂર્યમુખી, આમ્રપાલી, અને આવાં જાતજાતનાં નામો મારી પીઠ પાછળ બોલાતાં, આટલું હજી મને બરાબર યાદ છે.

માને મન હું સાપનો ભારો હતી. મને વરાવવાની ઘરમાં સૌને ફિકર હતી. સારો મૂરતિયો મળે તો એમને મારા હાથ પીળા કરી દેવા હતા. માણસ વિચારે કંઈક. પણ થાય કંઈક જુદું જ ! સોઈસવલત અને મારાં સારાં ભવિષ્ય કાજે બાપાએ આફ્રિકાથી આવેલા એક સગાને મારો હવાલો સોંપ્યો. એ મને મોમ્બાસા લઈ ગયાં.

અહીંની રસભરી મોટી કેરીઓ જોતાં હવે મને દાદીનાં 'આફૂસી' શબ્દનો મતલબ સમજાયો. હું સામાન્ય. પણ મારાં એ અસામાન્ય હતાં. સગીરને હવે પોતાની વિશિષ્ટતાની બરાબર ખબર પડી. આ ઉંમર જ એવી કે જાત માટે સભાન બની જવાય. બીજાંની જેમ એને આકર્ષક અને કામણગારાં બનાવતાં હવે મને આવડ્યું હતું. મોહ પમાડનારાં મારાં યુગ્મો કોઈની પણ આંખમાં ખૂંચે એવાં હતાં. સભાનપણે અભાન બનવું મને ગમતું.

સગાંને મારે બગભગત જ કહેવા પડે. પત્નીની ઉપસ્થિતિમાં ચૂહા. પણ એમની ગેરહાજરીમાં મારી પાસે એ શેર બનતા. મારી સામે જોઈ વારેવારે એ ડાબી આંખ પલકાવતા. કોણ જાણે કેમ ? પણ મને એમનો ભય લાગતો. એમનાં મનમાં ચોર હતો. મારી મૂડી તો મારે અકબંધ જ રાખવી જોઈએ. હું આ ખ્યાલ ના રાખું તો બીજું કોણ રાખે ?

લાલજી ભંડારી અવારનવાર ઘેર આવતો. એને પટાવી. એની જ સહાયથી. હું નેરોબી આવી. લાલજીની વગ સારી. એણે મને મોડેલ બનાવી. પ્રસાધન રૂપને નિખારે. મિતાહાર - વ્યાયામ તમને સુરેખ રાખે. નયન નખરાં. કૃત્રિમ હાસ્ય. વક્ષસ્થળ પ્રદર્શન. લટકા ઝટકા. આ બધું મારા માટે નવું હતું. કામ કામને શીખવે. કમ વસ્ત્રો. નગ્ન નફ્ફટાઈ. અણછાજતી છૂટછાટ. છતાં લજ્જા શરમનું નાટક હવે મને કોઠે પડી ગયું હતું.

લોકોની નજરમાં આવવું એ મારો કસબ હતો. જ્યાં સૌન્દર્ય ત્યાં ભમરા તો હોય જ. ભ્રમમાં નાખી ભમરોને બહેકાવી ભટકાવવા. મારા માટે હવે ડાબા હાથનો ખેલ હતો. લંપટ-લોલૂપ ઘનચક્કરોની કમી પણ ન હતી. સીડીનાં પગથિયાં જેમ હું દરેકનો ઉપયોગ કરતી. દુનિયા ઝૂકે. ઝુકાવતાં આવડવું જોઈએ. બોરડી ઝૂડી બોર ગેરવવા જયમ કીર્તિ અને કલદાર ખંખેરવાની ગેડ મને પડવા માંડી.

કાળી પ્રજાના મુક્તિજંગને કારણે વિલાયત નસીબે લખાયું. તન અને તબિયત સલામત તો બધું ખેરખેરિયત. ઓટ વગરની ભરતી અહીં પણ જારી રહી. મોડેલિંગ સાથે રંગમંચે મેં વિસ્તરણ કર્યું. સખાવત કરી. સન્માન ખાટવામાં મને કશું અજૂગતું ન લાગતું. સમાજમાં હવે મારું નામ. આગવી એક પહેચાન હતી. પણ. પૈસા બટોરવામાં જાત માટે સમય જ ના મળ્યો ! ... અને મારો શ્રાવણ વીતી રહ્યો હતો.

ઘનઘેર્યું અંબર. ધુમ્મસિયાં ગોટેગોટા. ઝરમર ઝરમર વર્ષાનિતરણ : રંભા. મેનકા અને ઉર્વશી સંગ સ્વપ્નામાં હું અભિસારિકા બનતી. અણબોટ્યાં જોબનને કોઈ પીસે. પીંખે. ચોળી નાંખે. એવી વાઘ વૃત્તિ જાણ્યેઅજાણ્યે ઉરમાં આવી બેસતી. કદાચ આ ઈચ્છા નહીં. પણ યૌવનભૂખ હતી ! ઠંડીમાં કોઈ પાશમાં હોય તો ? વિષયવાસનામાં અંગ તંગ બન્યું. ઉત્તેજનામાં ઉરોજ અકકડ થયા. કૂચાગ્ર ટેરવાં; જ્યમ બહાર આવ્યાં. અચાનક હાથ ત્યાં ગયા. પણ ...

... પણ આ ગાંઠ - સોજા જેવું શું ? ઉભરો શમ્યો. વિચારોમાં મન અટવાયું. જે હશે તે જતું રહેશે. ચિંતા કાહે ? બે દિવસ ગયા. ડાબી તરફ હતું. આજે જમણી તરફ એવું વર્તાયું. પ્યારાં પ્યારાંને કોઈની નજર લાગી હશે ? પોન્ડ ટેલકમ બરાબર છાંટ્યો. દળેલી ખાંડ છાંટ્યા બે મોટા ગ્રેપફ્રૂટ જોઈ ખુદને જ હસવું આવી ગયું !

જૈસે થે. જેવું મહિનાઓ સુધી રહ્યું. કંઈ ખાસ નથી. ચિત્ત ત્યાંથી હટ્યું. હમણાંનું છાતીમાં દુખાવા જેવું વર્તાતું હતું. ક્યારેક પડખામાં તો બરડે ચસક પણ આવતી. બામ ઘસતાં આ ઠીક જતું હતું. થાક. સુસ્તી - આળસ. વજન ઘટાડો. દિલમાં ચચરાટ. ભારે ભારે માથું. આમ તો ના જ ચાલે. દાક્તર પાસે જવું જ રહ્યું.

મેમોગ્રામ કઢાવો. સ્તનતજ્જ્ઞોને મળો. કોષોનાં સામાન્ય વધારામાં અંગોનો વિકાસ છે. પણ અમુક જગ્યામાંનો અસાધારણ ભરાવો એ અંગને ક્ષીણ બનાવનારો છે. બીજે પ્રસરે તો એ ઉપાંગોને નબળાં બનાવે. પક્ષાઘાતથી અંગઉપાંગો જૂઠાં પણ પડે. નસોથી કિમો આપી કે બહારથી રેડિયેશન દ્વારા બગડેલા કોષોને નાબૂદ કરી શકાય. પણ. આમાં સારા કોષોને હાનિ છે. વિકલ્પ તરીકે શસ્ત્રક્રિયા કરી જે તે ભાગ કાઢી નાખવો ઉચિત મનાયો છે. ઓહ નો ! મને તો બ્રેસ્ટ કેન્સર છે !

જાણ થતાં મારું મગજ બહેર મારી ગયું. મસ્તક પર હથોડા પડવા માંડ્યાં મારાં મહામૂલાંનો મારે જ ત્યાગ કરવાનો ! જાન બચ્યો તો લાખો પાયા. પરમાત્માની આવી કદાચ મરજી હશે ! મેં મન મનાવ્યું. હું મક્કમ બની. છૂટકો જ ક્યાં હતો ?

અહીં તો ખોટી હો હા થાય. દેશમાં જવું અને તાતા કેન્સર હૉસ્પિટલમાં કામ પતાવવું. નિર્ધારિત સમયે કામકાજ આરંભાયું. હું અંધારાની ગર્તામાં ફંગોળાઈ. મારા બે હાથ ઉપરની તરફ ફેલાયેલા હતા. અને વમળમાં હું ચક્રાકારે ઘૂમતી હતી. ઈચ્છ્યું હતું. એવું પાર પડ્યું. હા. મારાં અસામાન્ય ગયાં હતાં.

મારા દિલને જબરદસ્ત ધક્કો લાગ્યો. હું છળી પડી. મારી ચીસ ગળામાં જ અટકી રહી ! પ્લાસ્ટિક સર્જરી કરી કૃત્રિમ થાનરચના શક્ય હતી. સ્તનાકાર દડા સાથેની વિશિષ્ટ બ્રેસ્યિઅરમાં કોઈ જોખમ ન હતું.

નવી સજાવટ મારા નિત્યનો ભાગ બની ગઈ. ઉંમર વધતાં બીજી સ્ત્રીઓનાં ઢીલાં પડે. કરમાય. પણ મારાં તો સદાનાં સદાબહાર જ હતાં ! આની ઘણાંને ઈર્ષા પણ થતી. કેટલાંકને તો એનો રાઝ પણ જાણવો હતો. હસતાં હસતાં હું વાત ટાળી ઉડાવી દેતી.

મારું નામ પણ તમને હવે બતાવી જ દઉં. કેતકી દવેને ગયાનો કોઈ વસવસો નથી. ચોળીને ચીકણું કરવાનો અર્થ પણ શો ? ચલતીકા નામ જ ગાડી. કામ સાથે મતલબ. બીજી જફાનું હવે મારી જિંદગીમાં સ્થાન પણ નથી. દિવસો ટૂંકા થાય છે. આ પણ કુદરતી ક્રમ જ ને ?

આજે છે તે કાલે ન હતું. અને આજનું કાલે રહેવાનું નથી. ગયેલી વસંત હવે યાદોમાં જ રહી હતી. મારા પાનખરના દિવસો શરૂ થયા હતા. આમેય પિસ્તાળીસ પછી સ્ત્રીઓનું ઘડિયાળ ધીમું જ પડી જાય છે. પણ. અણધાર્યું મારી કલ્પના બહારનું બન્યું.

મોડેલિંગ એજન્સીનાં આધેડ માલિક સુકેતુ વાસવાણી મારાં સદાબહાર ઉપર ફિદા થઈ ગયા. સતત સહચારીનું આ કદાચ સીધું પરિણામ હતું. મારું કશું પણ સાંભળવા એ તૈયાર જ નહીં. બલકે બોલવાની કે સ્પષ્ટતા કરવાની એમણે મને તક જ ન આપી ! વાંસ વગરની વાંસળી વિધિએ મારા જીવનમાં વગાડી. ક્ષિતિજે મને કશું સળવળતું લાગ્યું. પૂર્વ આકાશે લાલીમા ઉભરાઈ રહી હતી.

ચટ મંગની ને પટ બ્યાહ. હું દ્વિધામાં પડી ગઈ. મધુરજની આવી. સેજ સજી હતી. સુકેતુ નર્વસ કળાયા. મધરાત થઈ. અમે આડીઅવળી વાતો કરતા રહ્યાં. સવાર પડી. મેં રાહતની લાગણી અનુભવી. સુકેતુ પણ મને હળવા લાગ્યા. આ દોર ઘણા દિવસો સુધી જારી રહ્યો. એકબીજાંની સાનિધ્યમાં જો કે અમને સુખ વર્તાતું.

કાંચળી-કમખો હું ઉતારતી નહોતી. સુકેતુએ આ બાબતમાં મને ક્યારે ય કોઈ પ્રશ્ન ન પૂછ્યો. મને રાતનો ડર લાગતો. સૂર્ય ના આથમે. એવું સુકેતુ ઈચ્છતા. મોડે સુધી દિવાનખાનામાં એ ચોપડીઓ અને સમાચારપત્રો વાંચતા. યેનકેન પ્રકારે મારાથી એ રાતે દૂર રહેતા. અમને બન્નેને મૂંઝવણ સતાવતી હતી. શંકા કુશંકા અને અજ્ઞાત ભયમાં મારું મન ડામાડોળ હતું. મારા માટે ભાર લઈ જીવવું આકરું થઈ પડ્યું. ખુલાસો કરી દેવાનો મેં ફેસલો કર્યો.

કમખો ઊંચો કરી બે દડા કાઢી મેં સુકેતુ સામે ટેબલ ઉપર મૂક્યા. મારી સપાટ છાતી જોઈ એ સહેજ હસ્યા.

એણે જે કહ્યું એ માનવા મારું મન પાછું પડ્યું. એને પણ કેન્સર હતું. એને માટે દૈહિક સંબંધ અશક્ય હતો. મારી હાજરીમાં શરમના માર્યા એ નિઃવસ્ત્ર થઈ શકતા નહીં. જેવું છે તેવું અપનાવવું. સ્વીકારવું. આ જ તો સમજણ સાથેનું સહચર્ય ને ?

એ રાત્રે અમારે કોઈ ઢાંકપિછોડો કરવાનો ન હતો. અમે એક રાહનાં રાહી હતાં. લાઈટ બંધ કરવાની હવે અમને જરૂર પણ ન હતી. હૂંફ અને સહવાસ અમારું સંવનન હતું. મોહ વગરની માયા. આ હવે અમારો પ્રેમસંબંધ હતો ... ...

[80 Corona Court, OLD BRIDGE, NJ 08857 - 2854, U.S.A.]

●

(૧૦)

# એકલતા વેરણ થઈ

૦ રમણભાઈ પટેલ

જેકને કોઈ જાતનું કામ આવડે નહીં. કામ-હુન્નર શીખવાની અનેક તકો એને જીવનમાં મળી હતી. કોઈ એને સલાહ દે, તો તેને પાછળથી મનમાં ગાળો ભાંડે. કોઈની આજ્ઞા પાળવી એને પોષાય નહીં. બોસ જેવું પ્રાણી એના માથા પર હોય તે એને પરવડે નહીં. દૂર કોઈના ફાર્મહાઉસ પર એને રહેવાનું મળી ગયું હતું. એને ત્યાં ફાવી ગયું. ફાર્મહાઉસનો માલિક મરી ગયો અને તે તેનો માલિક બની ગયો. તકદીરની બલિહારી જ ને ! કોઈ જન્મનું ૠણ હશે તે આમ બન્યું. ડેવિડના દાદાના વારાથી ફાર્મહાઉસનું માલિકીપણું વારસામાં ચાલી આવ્યું હતું.

ક્રિસ્મસ અને ઈસ્ટર પર ડેવિડ જેક માટે ટર્કી રોસ્ટ કરતો અને બિયરની બેચાર બોટલ પણ લાવી રાખતો. ડેવિડ અને જેકના જીવનમાં એક સામ્ય હતું. બંને એકલતા જીરવવા પ્રયત્ન કરતા. એકલતા જીવનને કેમ કોરી ખાય તેનો જવાબ તેમની પાસે હતો. ક્રિસ્મસ પર તેઓ દૂરના ગામે ચર્ચમાં જતા. લોકો તેમને ઓળખતા નહોતા. બીજા કોઈને ત્યાં વારેપરબે જવાનું નહીં અને કોઈને એમને ત્યાં આવવાનું નહીં. તેઓ ભલા અને ભલું તેમનું ફાર્મહાઉસ. શિયાળામાં ફાયરપ્લેસમાં લાકડાં બાળી ઘર ગરમ રાખતા. ચારસો વરસ પહેલાં લોકો જે રીતે જીવતાં તેવી જ તેમની જીવન શૈલી આજે પણ હતી. ન ટી.વી., ન રેડિયો. બંને હતાં ત્યારે તે શોભા પૂરતાં જ હતાં. જાણે તેમણે પણ મૌન સ્વીકારી લીધેલું હોય તેમ તેમાંથી કોઈ ધ્વનિ નીકળતો નહોતો. ડેવિડ અને જેકને તેમાં રસ નહોતો.

ડેવિડની પત્ની તેમના એક વર્ષના બાળકને લઈ ચાલી ગયેલી. તેનાથી આ સ્થળની એકલતા જીરવાઈ નહોતી. જેક સોળ વરસનો હતો. ત્યારે તે સ્કૂલમાં ભણતો હતો. ભણતર અને જેકને સાત જનમનું વેર હતું. એવું એક અઠવાડિયું ગયું નહીં હોય. કે જ્યારે જેકની ફરિયાદ એના ઘરે પહોંચી નહીં હોય. સાવકા બાપને જેકના ભણતરની ચિંતા નહોતી. જેક નજીકના શહેરમાં ફરવા જતો. લોકોનાં ગજવાં હળવાં કરવાની એની આવડત દાદ માગી લે એવી હતી. ચોરી કરવી એ ખોટું છે એવું એને કદી લાગ્યું નહોતું. પોતાના શહેરમાં એ કદી ચોરી કરતો નહીં. એ તેની નીતિ હતી.

એક દિવસ ક્રિસ્મસ પહેલાં તે નજીકના શહેરના શોપિંગ સેન્ટરમાં ચોરી કરવા ગયો. એક વૃદ્ધનું પાકીટ મારતાં તે પકડાઈ ગયો. વૃદ્ધે તેને પકડી રાખ્યો. તેના કસાયેલા હાથમાંથી જેક છટકી શક્યો નહીં. જેકના સ્પર્શથી ડેવિડ નામે આ વૃદ્ધના શરીરમાં ઝણઝણાટી આવી ગઈ. તેણે આ ચોરી માટે કોઈને ફરિયાદ ન કરી. પુત્ર પિતાની આજ્ઞા માને તેમ જેક ડેવિડ સાથે નજીકના રેસ્ટોરન્ટમાં ગયો. જમ્યા પછી. ડેવિડે જેકના હાથમાં વીસ પાઉન્ડની નોટ મૂકી. અને જોડાજોડ પ્રસ્તાવ પણ : તારે મારી સાથે મારે ત્યાં આવવું છે?'

જેકે ડેવિડની આંખમાં આંખ પરોવી. અને તેણે હા પાડી.

જેકે પોતાને તકદીરને હવાલે કર્યો. ડેવિડ સાથે તે ફાર્મહાઉસ પર આવ્યો. સાવકા બાપને તો તે ગમતો જ નહોતો. મા પણ એની જીવનશૈલીથી કંટાળી હતી. તેને થયું, ભલુ થયું ભાંગી જંજાળ. જેકે જીવનનો રાહ બદલ્યો. થોડા જ મહિનામાં ડેવિડનું અવસાન થયું. જેક હવે એકલો થઈ ગયો. તેનાથી એકલતા જીરવાઈ નહીં. આથી. એક દિવસે તેણે ઘરને તાળું માર્યું. ખભે થેલો લઈને ચાલી નીકળતો હતો. ત્યાં તેણે દૂરથી ટપાલીને આવતો જોયો. નજીક આવી તેણે આ યુવાનને પૂછ્યું. 'તમારું નામ જ જેક?'

'હા.'

'તો કરો આ કાગળ પર સહી.'

જેકે કાગળ પર સહી કરી. પરબીડિયું લીધું. ખોલ્યું. વાંચ્યું. જાણ્યું કે ડેવિડે ફાર્મહાઉસ જેકના નામે વસિયતનામાં ચઢાવ્યું હતું. ઘરનું તાળું ખોલ્યું. અને તે સાથે નસીબનું તાળું પણ ઉઘડતું લાગ્યું. તે અહીં રહી પડ્યો.

ઘરમાં બટાટા હતા. તેણે બાફ્યા. એકલો જમવા બેઠો. 'કમોન જેક, ડિનર ઈઝ સર્વ્ડ.' આગળ બોલ્યો.

'યુ કેન હેવ એ બોટલ ઑફ બિયર. મેન.' બિયરની ખાલી બોટલ સામે રાખી હતી. જમતી વેળા તે બોલતો હતો : 'વોટ અ નાઈસ મીલ. જેક !'

ફાર્મહાઉસ પર એ જ એનો બોસ અને એ જ એનો નોકર. એ જ બોલે અને એ જ એને સાંભળે. એ જ એને આજ્ઞા કરે. આખા દિવસમાં એ થોડા શબ્દો બોલતો. એના શબ્દો પણ એકલા પડી ગયા.

વળી. પોતાને પૂછે છે. 'કુહાડી ક્યાં ગઈ. જેક ?'

'તને શોધતાં શું થાય છે?'

'તાપવા માટે લાકડા ફાડી દે.'

'દિવસે દિવસે તું આળસુ બનતો જાય છે. તે ઠીક ન કહેવાય. બી અ બેવ મેન. સમજ્યો.'

• • •

આમ જેકના દિવસો નિર્ગમન થતા હતા. ત્યાં ક્રિસ્મસ આવી. ક્રિસ્મસને હવે પંદર જ દિવસ બાકી હતા. જેક શહેરના શોપિંગ સેન્ટરમાં ગયો. કીડીઓની જેમ માણસો ઊભરાતાં હતાં. એક ગોરી છોકરીને જોઈ. તે એક સાયકલ સ્ટોર આગળ ધ્યાનથી સાયકલ જોતી હતી. જેક લગભગ તેને અડીને ત્યાં જ ઊભો રહ્યો. સાયકલ ખરીદવા છોકરી પાસે પૈસા નહોતા. તેણે સાયકલ પર હાથ ફેરવ્યો. પછી એના જીન્સનાં ગજવામાં હાથ નાંખ્યો. હાથ નિરાશ થઈ બહાર આવ્યો. તેણે નિઃસાસો નાંખ્યો. 'આ જગત પણ ધનવાનો માટે જ છે. મારા જેવીને સાયકલ ક્યાંથી મળે ?'

જેકે ધીમેથી તેના કાનમાં કહ્યું : 'એ સાયકલ તારી છે.'

'તમે કોણ છો ?'

'હું જેક. ભમતારામ !'

'હું. સેરા.'

છોકરીએ જેક સાથે હાથ મિલાવ્યો. જેકે અર્ધા કલાક પહેલાં કોઈનું પાકીટ માર્યું હતું. પાકીટમાં બસો પાઉન્ડ હતા. જેકે સેરાને સાયકલ ખરીદી આપી. જિંદગીમાં પહેલી વાર જેકે કોઈકની ઈચ્છા પૂરી કરી હતી.

સેરા જ્યારે એની માના ગર્ભમાં છ માસની હતી. ત્યારે એની માનો પુરુષમિત્ર એક ક્રિસ્મસ સંધ્યાએ તેને છોડીને ચાલી ગયો હતો. તેની માને બીજો પુરુષમિત્ર મળી ગયો. સેરા પર તેની બૂરી નજર હતી. તેથી સેરા ઘરમાં ઝાઝું ટકતી નહોતી.

સેરાની મા કાઉન્સિલના વન-બેડ-રૂમ ફ્લેટમાં રહેતી હતી. સરકારી મદદે જીવન ગુજારતી હતી. સેરા કોઈનું સાંભળે તેવી નહોતી. મનમાની કરતી. સેરા બહાર ફરવા નીકળતી. ત્યારે તેને ધનવાનોની ઈર્ષ્યા થતી. એ ગમાર જેવી લાગતી હતી. બિલકુલ અલ્લડ છોકરી. ગજવામાં પેની ન હોય પણ ધનવાનની દીકરી જેમ તે વટમાં રખડતી હતી. એના મોંમાં ચૂઈંગમ તો હોય જ.

તેણે જેકને પૂછ્યું : 'જેક. તું શું કામ કરે છે ?'

'મારે શા માટે કામ કરવું પડે ? મારું પોતાનું ફાર્મહાઉસ છે. થોડી જમીન છે. પણ ખેડે કોણ ?'

'તો તારે બાયડી છોકરાં નથી ?'

'ના.'

'તો તું કોની સાથે રહે છે? એકલો જ રહેતો લાગે છે.'

'ના. મારે ત્યાં એક કૂતરો છે. એક બિલાડી પણ છે. તો પછી હું એકલો કેમ કહેવાઉં?'

'તું ખૂબ પૈસાદાર લાગે છે. જુઓને તારા કાંડા પર તો ઘડિયાળ છે. તેં સુંદર કપડાં પહેર્યાં છે. તું તો વટમાં રહે છે.'

'તારે કંઈક ખાવું છે?'

'હાસ્તો. સવારે પણ ક્યાં ખાધું હતું ?'

જેકે ટેઈકઅવે શોપમાંથી ડબલ પોર્શન ફીશ એન્ડ ચીપ્સ લીધાં. સાથે બે કેન પેપ્સી કોલાના પણ લીધાં. નજીકના પાર્કમાં એક બાંકડા પર બંને બેઠાં. ક્રિસ્મસની ઠંડીથી સેરાનું શરીર ઠૂંઠવાતું હતું. શરીર પર ગરમ કપડું નહોતું. જેકે તેનો વિન્ટરકોટ સેરાને ઓઢાડી દીધો. જેવું ખાવાનું પેટમાં ગયું ને સેરાને ક્ષુધાની તૃપ્તિ થઈ.

જેકે સેરાને પોતાને ત્યાં આવવા આમંત્રણ આપ્યું : 'તારે મારે ત્યાં આવવું છે ?'

'હા.'

'પણ આ સાયકલનું શું ?'

'એને મારી પિકઅપમાં ચઢાવીશું. તું એની ચિંતા ન કર.'

સેરાને ઘડીભર થયું. 'હું આ અજાણ્યા માણસ સાથે શા માટે જાઉં છું ? કાલે ઊઠીને એ મને વેશ્યાને પધરાવી દેશે તો મારું શું થશે ? જેકનો ભરોસો હું કેમ કરું ?' સેરાને મનમાં આવી અનેક શંકાઓ ઊભરી આવી. 'મને સાયકલ લઈ દીધી. એટલે એમ તો ભલો આદમી લાગે છે. પણ સ્કૂલમાં તો અમને વારંવાર મિસ કહેતાં : 'અજાણ્યા સાથે ન જવું.' હા. પણ હવે જેક ક્યાં અજાણ્યો માણસ છે ?'

પિકઅપમાં સાયકલ ચઢાવી. સેરા જેક સાથે આગળ બેઠી. વાહન શહેરની બહાર ઝડપથી દૂર નીકળી ગયું. મોટર-વે પર એક સર્વિસ સ્ટેશન આવ્યું. જેકે પેટ્રોલ લેવા વાહન ત્યાં લીધું. પેટ્રોલનું બીલ ચૂકવવા જેક કાઉન્ટર પાસે ગયો. તે વેળા સેરાને ભાગી જવાનું મન થયું તે ઝડપથી ભાગવા લાગી. જેકે તેને જોઈ. તે સાયકલ લઈ તેની પાછળ ગયો. તેણે તેને રોકી. 'તારે જવું હોય તો જા. પણ તારી સાયકલ લેતી જા. સાચવીને જજે. તું ઈચ્છતી હોય તો હું તને તારા શહેરમાં મૂકી આવું. આ વીસ પાઉન્ડ પણ રાખ. તને રસ્તે ખાવાપીવા કામ લાગશે.'

સેરાએ જેકના હાથમાંથી પૈસા લીધા અને સાયકલસ્વાર થઈ. પોતે ક્યાં જાય છે તેની તેને ખબર નહોતી. થોડે દૂર ગઈ ત્યાં તેણે રોડ પર સાઈનબોર્ડ જોયું. તેને દિશા સૂઝી. પણ જિંદગીની દિશા શોધવામાં હજી તે ગોથાં ખાતી હતી. ફરી એના મનમાં વિચારવલોણું ફરવા લાગ્યું.

'જેક ખરાબ માણસ હોત. તો મને પકડીને બે ધોલ મારી દીધી હોત. આ સ્થળે મારું કોણ છે ? જેકે મને સાયકલ સાથે વીસ પાઉન્ડ પણ આપ્યા છે. તેને ખરાબ માણસ કેમ કહી શકાય ? નથી તેણે ક્યારે ય મારો સ્પર્શ કર્યો. તેને ઓળખવામાં મારી ભૂલ થાય છે.'

જેકે તેના વાહન તરફ ચાલવા માંડ્યું હતું. તેણે પાછા વળીને જોયું પણ નહીં. સેરાની સલામતી માટે જેકે મનોમન ઈશુને પ્રાર્થના કરી. ત્યાં થોડી જ વારમાં સેરા સાયકલ પર આવી અને તેની આગળ ઊભી રહી. જેકને કહે : 'હું તારી સાથે તારે ત્યાં આવું છું. મારી સાયકલ તારી પિકઅપમાં મૂકી દે.'

જેક કશું બોલ્યો નહીં. સાયકલ પિકઅપમાં ચઢાવી દીધી. વાહન વેગથી આગળ દોડતું હતું. સેરા જેક સાથે વાત કરતી હતી. તે શાંતિથી સાંભતો હતો. તેનું મૌન સેરાથી જીરવાયું નહીં. ત્યારે તે અકળાઈને બોલી : 'મોઢામાં મગ ઓર્યા છે ? બોલતા શું થાય છે તને ?'

જેક મૌન રહ્યો. સેરા ફરી બોલી : 'કંઈ નહીં. તો મને ગાળ તો દે. ગાળ દેતાં પણ નથી આવડતું ? સાવ બુધ્ધુ લાગે છે !'

જેકે સેરા તરફ પ્રેમભરી નજર કરી. સેરા ચૂપ થઈ ગઈ. અંધકારમાં વહાન ફાર્મહાઉસ પાસે પાર્ક થયું. જેકે અંદરથી સાયકલ અને બીજો સરસામાન ઉતાર્યો. જેકની પાછળ સેરા નિવાસસ્થાનમાં પ્રવેશી. લાઈટ ઑન થઈ. એક કૂતરો અને બિલાડી જેક પાસે દોડી આવ્યાં. સેરાએ જોયું : જેકનો આ રૂમ પંદર ફૂટ બાય પંદર ફૂટનો હશે. એક જૂનું ટેબલ અને ત્રણ ખુરશીઓ હતી. એક સિંગલ બેડ અને તેના પર એક ગંદું ઓશીકું હતાં. બાજુમાં મેટ્રેસ નીચે પડી હતી. જમીન પર ચારેક બિયરનાં ખાલી કેન પડ્યાં હતાં. ફાયરપ્લેસ આગળ લાકડાંની ભારી હતી અને તેની બાજુમાં બિલાડી અને કૂતરાને બેસવા જગ્યા ફાળવેલી હતી. ખીંટી પર હેંગર વિના જેકનાં કપડાં લટકતાં હતાં. રાંધવા માટે બે તપેલાં હતાં. અહીં જમતી વેળા છરી-કાંટા વપરાતાં લાગતાં નહોતાં.

જેકે વાળુ માટે શહેરમાંથી આણેલી બ્રેડ પર બટર લગાવ્યું. બેક્ડ બી-સનું ટીન ફોડ્યું. અથાણાંની બરણીમાંથી બંનેએ જોઈતું અથાણું લીધું. જેક સેરાને કહે : 'ટેસથી ખાજે. કાલ કોણે દીઠી છે ?'

'જેક. તારા જેટલો પ્રેમ મને કોઈએ આપ્યો નથી. મારી જિંદગીની કદાચ આ ઉત્તમ રાત હશે. જેક. આઈ લવ યુ.'

જેકે સેરા તરફ પ્રેમભરી નજરે જોયું. સેરાએ પણ જેક તરફ પ્રેમથી જોયું અને પૂછ્યું. 'તું સિગારેટ નથી પીતો ?'

'સિગારેટથી તબિયત બગડે એટલે મને તેની આદત નથી.'

'હું તો મફતની મળતી હોય તો ધૂમાડો કાઢી નાંખું.'

'એનાથી તને શું ફાયદો થાય ?'

'ફાયદો-ગેરફાયદો તો વેપારીઓ વિચારે. હું એવું વિચારતી નથી. હું થોડી વેપારી છું ?'

'મહેરબાની કરી અહીંની હવા ન બગાડીશ.'

'યસ. મેન. એ બાબતનું ધ્યાન રાખીશ.'

સૂવાની તૈયારીઓ કરતાં હતાં. જેકે સેરા માટે સિંગલ બેડ પર પથારી કરી. નીચેની મેટ્રેસ પર તેણે લંબાવ્યું. એનું શરીર થાકથી લોથપોથ થઈ ગયું હતું. તેને લાંબા સમય પછી આજે કોઈનો સંગ મળ્યો હતો. પ્રકાશના આગમને અંધકાર નાશ પામે તેમ સેરાની હાજરીથી જેકની એકલતા આજે અદૃશ્ય થઈ હતી. આજે એના ચહેરા પર આનંદ હતો. પાંચેક મિનિટમાં એના નસકોરાં બોલવા લાગ્યાં. જાણે કોઈ મિલનું ભૂંગળું બોલતું ન હોય ! એકાંતમાં એ અવાજ મોટો લાગતો હતો. આ અવાજને કારણે સેરાને ઊંઘ નહોતી આવતી. તેણે લાઈટ ઑન કરી. જેકને જગાડ્યો. જેક જાગ્યો. સેરાને પૂછ્યું : 'વોટ્સ ધ પ્રોબ્લેમ ?'

'જેક મને ઊંઈ નથી આવતી અને તું નસકોરાં બોલાવે છે. તને મારી હાજરીમાં ઊંઘ કેમ કરી આવે છે ?'

'તારી હાજરીથી મારું જીવન આજે ભર્યુ ભર્યુ લાગે છે. આજે આ ઓરડામાં સ્વર્ગ ઉતરી આવ્યું છે. તું મારા જીવનની રોશની છે.'

'તું તો કોઈ કવિ હોય તેમ બોલે છે. વાહ ભાઈ. વાહ. મને તો ઊંઘ નથી આવતી.'

'તો તું કંઈક ગા.'

'મને ગાતાં નથી આવડતું. એ તો મોટું દુઃખ છે.'

'તો ડાન્સ કર.'

'હું ડાન્સ કરું. તું મારી સાથે નાચશે ?'

'ના સેરા. હું ખૂબ થાકી ગયો છું.'

'કોનાથી ? મારાથી ? કે તારી જિંદગીથી ? તારી જિંદગી હું પલટી નાંખીશ. હવે હું તારી જ છું ને ?' સેરાએ પોતાનાં શરીર પરનાં બધાં વસ્ત્રો નીચે ફેંકી દીધાં. જેકને કહ્યું : 'જેક. જો મારા શરીર પર હવે એક પણ વસ્ત્ર નથી. મારું રૂપ તો જો. મારા દેહ પર તને ગમે ત્યાં મને ચુંબન કર. કમોન. જેક.'

જેકે સેરા તરફ પીઠ ફેરવી દીધી. સેરા અકળાઈ ગઈ હતી. તે માનભંગ બનતી હતી. તેણે જેકને મોટેથી કહ્યું : 'કમોન જેક. લેટ્સ હેવ અ એસ.ઈ.એક્સ ... '

એવી ગંદી વાત ન કર. સેરા. એવું તો ગંદા લોકો કરે. હું કંઈ ગંદો માણસ નથી. આપણાથી એવું ન થાય. તું સૂઈ જા. કાલે ફરીથી આપણે શહેરમાં જઈશું. મજા કરીશું.'

'હું પણ તને મારી બેડ પર મજા કરવા જ બોલાવું છું ને ?'

તે વેળા ફાર્મહાઉસ પર પોલીસ કાર આવી. બે સેકન્ડમાં તો બીજી પોલીસકાર આવી ને ડોરની બરાબર સામે પાર્ક થઈ. પોલીસકારની હેડલાઈટ્સનો પ્રકાશ ફાર્મહાઉસમાં પથરાઈ ગયો. સેરા અને જેક એક ખૂણામાં હેબતાઈને ઊભાં રહ્યાં.

પોલીસે કહ્યું : 'તું શહેરની એક છોકરી ઉપાડી લાવ્યો છે. તે છોકરી અમારે હવાલે કરી દે.'

પોલીસે આખરી ચેતવણી આપી. 'તારા હાથ માથા પર મૂકી બહાર આવી જા. નહીં તો તારા ઘરનું બારણું અમારે તોડવું પડશે.'

પોલીસના હુકમ મુજબ જેક ઘરમાંથી બહાર આવ્યો નહીં. પોલીસના માણસો બારણું તોડી અંદર પેઠા. સેરા જેકને વળગી પડી. નાના બાળકની જેમ. પોલીસે જેકને હાથકડી પહેરાવી. બીજા પોલીસે સેરા તરફ કપડાં ફેંક્યાં.

'તું આ છોકરીને ઉપાડી લાવ્યો છે. તે તારો ગુનો છે.'

'જેક મને ઉપાડી લાવ્યો નથી. હું જ તેની સાથે આવી છું. હું અઢાર વર્ષ ઉપરની છું. હું જેક સાથે જ રહેવાની છું.' સેરાએ કહ્યું.

જેકની હાથકડી છૂટી ગઈ. પ્રેમની સાંકળમાં હવે તે બંધાઈ ગયો હતો. બંને પોલીસકાર ફાર્મહાઉસ છોડી શહેર તરફ ઉપડી ગઈ.

[62, Orchard Gate, GREENFORD, Middlesex UB6 0QW, U.K.]

(૧૧)

## હરિના લાલ

— વલ્લભ નાંઢા

આ ઘટનાને વર્ષો વીતી ગયાં છે, પણ એ ઘટના આ જ સુધી, મારી યાદદાસ્તમાં અકબંધ જળવાયેલી રહી છે. મને બરાબર યાદ છે કે તે ૧૯૪૯ની સાલ હતી. અમારા મ્વાંઝા ગામમાં એક સિનેમાઘર હતું. નામ હતું 'કેપિટલ સિનેમા.' બહારથી ભંગાર સંઘરવાના ગોદામ જેવું લાગે. પણ અંદર ગયા પછી જ તેનો અસલ ચહેરો જોવા મળે! સફેદ પડદાની ફરતે મુકેલી શ્યામરંગી રેશમની કોર સિનેમાના પરદાને એક નવું જ રૂપ આપતું ! પરદાની બંને તરફની ભીંત પર ચીતરેલાં નર્તકીઓનાં નયનાકર્ષક રેખાચિત્રો પડદાને અનેરો ઓપ આપતાં ! રિક્ઝીનની ગાદીવાળી ઊંચીપહોળી ખુરશીઓ સિનેરસિકોને મુગ્ધ કરી દેતી. સિનેમામાં એક જ પ્રોજેકટર હતું, એટલે એક રૅલ પૂરો થાય ત્યારે પ્રેક્ષકોને ફરજિયાત દસ મિનિટનો વિરામ લેવો પડતો.

આ સિનેમાઘરમાં જ્યારે કોઇ સુપરહીટ ફિલ્મ લાગતી ત્યારે ટિકિટબારી પર 'હાઉસફૂલ'નું પાટિયું લાગી જતું. પાંચ પાંચ દસ દસ ગણા ભાવે ટિકિટો બ્લેકમાં વેચાવા લાગતી ને દૂર દૂરના ગામોમાંથી ફિલ્મોના ચાહકો અમારા ગામે આવી પહોંચતા. તે રાતે ટિકિટબારી પર ટિકિટ ખરીદવા આવનારાં લોકો વચ્ચે ધક્કમધક્કા થવા લાગતી, ને કોઇવાર મારામારી પણ થઇ જતી.

એ સાલ અમારા 'કેપિટલ સિનેમા'માં 'રતન' નામની ફિલ્મ આવેલી. આ ફિલ્મે દેશ-વિદેશમાં ડંકો વગાડી દીધો હતો! મારા બાપુજીની આંગળી પકડીને હું 'રતન' જોવા ગયેલો. મ્વાંઝા જેવા નાના શીખડા શહેરમાં આ ફિલ્મ'હાઉસફૂલ'ના પાટિયા સાથે સતત અઢી મહિના સુધી ચાલેલી, અને તેના માલિક મણિભાઇ પટેલને ધૂમ કમાણી કરાવી આપેલી.

એ દિવસોમાં મારા પિતાજીના એક સ્નેહી દેવરામભાઈ શિન્યાંગાથી ખટારો લઇને 'રતન' જોવા સારુ ખાસ અમારે ત્યાં આવેલા. એ ટિકિટની લાઇનમાં ઊભેલા, ને અચાનક એક જુવાન સાથે એમને તકરાર થઇ ગઇ. દેવરામભાઇએ દાંત કચકચાવી તેને લાઇનમાંથી ખેંચી છાતી પર એક જોરદાર મુક્કો માર્યો અને એ જુવાન લથડિયું ખાઇ જમીન પર ઢળી પડ્યો. અમે ફફડતાં હૈયે જોતા રહ્યા. જુવાને સામે હાથ નહીં ઉગામ્યો. રસ્તા ઉપરથી કપડાં ખંખેરી ઊભો થયો. કશું બોલ્યા વિના ચાલતો થયો.

'હરામખોરમાં લડવાની ય હિંમત નથી !' કહીને દેવરામભાઈએ મારા બાપુજીને તાળી મારી. ફિલ્મ જોઇને પાછા આવ્યા ત્યારે પણ દેવરામભાઈ પેલાની કાયરતાનો ઠઠ્ઠો કરતા હતા.

એમનો ઉતારો અમારે ઘેર રાખેલો, પણ ફિલ્મ જોઇને બીજે દિવસે એ શિન્યાંગા પાછા વળી જવાના હતા. એ અમને બધાંને એમની સાથે શિન્યાંગા લઇ જવા માટે આગ્રહ કરવા લાગ્યા. મારે નિશાળમાં લાંબુ વૅકેશન હતું એટલે મારા બાપુજીએ એ આગ્રહ માન્ય રાખ્યો. મારાં બા, બાપુજી, હું અને મારો માશિયાઇ ભાઇ અમે ચાર જણા દેવરામભાઈ સાથે જવા તૈયાર થયાં.

ઉનાળો ચાલતો હતો એટલે નમતે પહોરે નીકળવાનું નક્કી થયું. પાંચ વાગતાં અમે દેવરામભાઇના ખટારામાં ગોઠવાવા લાગ્યાં. બાપુજી આગળની સીટમાં દેવરામભાઈની બાજુમાં બેઠા અને હું, બા અને મારો માશિયાઈ ભાઈ ખટારામાં પાછળ પાથરેલા ગાદલા પર બેસી ગયાં. ટર્નબોય જુમો અમારાથી સહેજ દૂર સ્પેર ટાયર પર ફાટેલી ગોદડીનો ગાભો પાથરી તેના પર બેઠો.

આજથી પચાસ સાઠ વર્ષ પહેલાં મ્વાંઝા ગામમાં ફક્ત ચાર પાંચ ગાડીઓ માંડ હતી. અને ગામના રસ્તા પણ ધૂળિયા અને ખાડાટેકરાવાળા હતા. એક ગામને બીજા ગામ સાથે જોડતી સડકો પણ ખાડાખૈયાવાળી ને પથ્થરિલી !

મ્વાંઝાથી શિન્યાંગા તરફ જતી સડક ખરબચડી હતી. રસ્તામાં સાઇનબોર્ડનું તો નામનિશાન જોવા ન મળે! સખળડખળ સડક પર અમારો ખટારો પંદર-વીસ માઇલની ગતિએ દોડતો હતો. ફેલા ગયું, મંથારે ગયું.

માલમપાકા અને ઇલૂલા મૂક્યા પછી ધીમે ધીમે અંધકાર પથરાવા લાગ્યો. કહામા પાસે પહોંચવા આવ્યાં ત્યારે ચોમેર કૃષ્ણપક્ષના અંધકારની ચાદર પ્રસરી ચૂકી હતી. અડખેપડખેથી ઝડપભેર પસાર થઈ રહેલા સંગોમાનાં કદાવર વૃક્ષોના ઓળા અત્યંત ભયાવહ જણાતા હતા. અંધકારમાં ગારદ થઇ ચૂકેલા ઘાસિયા મેદાનમાં જઇને બેઠેલા આગિયા તેજના લબૂકઝબૂક ચમકારા વેરતા હતા. નિર્જન સડક પર દૂર દૂર સુધી પ્રકાશનો શેરડો ફેંક્તો ખટારો જાણે અંધકારની ગુફામાં દોડતો હતો.

એવામાં જાણે એકાએક બંદૂક ફૂટી હોય એવો ધડાકો સંભળાયો...અને ખટારાના ટાયરોએ ચચરાટી બોલાવી ! ખટારાએ એક હડદોલો ખાધો ને અમારા જીવ તાળવે ચોંટી ગયા! એક આંચકો ખાઈને ખટારો સડકની ડાબી તરફના ઢાળ પરથી સહેજ નીચે ઉતરી ભૂંયાના એક કદાવર વૃક્ષની સાથે ટકરાતા માંડ રહી ગયો. દેવરામભાઇએ સમયસૂચકતા વાપરી સ્ટિયરિંગ વ્હીલ ઝડપથી ડાબી તરફ વાળી લીધું ન હોત તો સામેના વૃક્ષ સાથે ટકરાઈ જ પડત ! અમે બધાં થર થર ધ્રૂજવા લાગ્યાં. જુમો ફ્લેશલાઇટ લઇને નીચે કૂદી પડ્યો. ખટારાની ચારે બાજુ ચક્કર લગાવી તેણે જમણી બાજુના ટાયર પર ફ્લેશલાઇટનો શેરડો ફેંક્યો. પછી તેણે દેવરામભાઇને ટાયરમાં પડેલા પંક્ચરની જાણ કારી. 'બાના, પાછલા ટાયરમાં પંક્ચર પડ્યું છે.'

જુમાએ સ્પેર ટાયર મૂકવા કોશિશ કરી પરંતુ તે તો પહેલેથી જ પંક્ચરવાળું નીકળ્યું !

દેવરામભાઇ ખટારામાંથી નીચે કૂદી પડ્યા. ક્રોધથી રાતાપીળા થઇને એમણે ટર્નબોયને બે મુક્કા મારી દીધા. 'હરામખોર, તું ટાયર ઉપર બેઠો એટલે આ દશા થઈ.'

જુમાએ માફી માગી ત્યારે દેવરામભાઇએ તેને છોડ્યો. આખરે જુમાએ જણાવ્યું, 'આ અંધકારમાં પંક્ચર સાંધી નહીં શકાય. મિસુન્ગવી ગામ અહીંથી એકાદ માઇલ જ દૂર છે. એ ગામમાં એક મહિન્ડીનું પણ ઘર છે. મહિન્ડી ભલો માણસ છે. એ તમને રાત પૂરતો આશરો આપશે...અને હું આ ખટારામાં પડી રહીશ. સવારે પંક્ચર સંધાવીને નીકળી જઈશું.'

દેવરામભાઈ હજી ક્રોધથી ધ્રૂજતા હતા. આખરે એમને જુમાની વાત વાજબી જણાઈ.

'સારું સારું ગધેડા ! અમે ગામ જઇએ છીએ. તું સવારે પંક્ચર સંધાવીને અમને ગામમાં મળજે.'

દેવરામભાઇએ જુમા પાસેથી ટોર્ચ ઝૂંટવીને મારા બાપુજીના હાથમાં પકડાવી. ડેશબોર્ડમાંથી એક બીજી ટોર્ચ કાઢી તે પકડીને આગળ થયા. અમે ગામ તરફ ધીમાં ડગલાં ભરતાં ચાલવા લાગ્યાં. ચારેકોર ઘટ્ટ અંધકાર જામ્યો હતો. ટોર્ચના પ્રકાશના શેરડે શેરડે એકાદ કલાક ચાલ્યા પછી અમે મિસુન્ગવી ગામના બજારમાં પહોંચ્યા.

ગામમાં સન્નાટો વરતાતો હતો. રસ્તાની બંને બાજુ કાચી સિમેન્ટ, ગારમાટી કે પતરાંનાં 'બાંડા' (ઘર ) ઊભા હતા. પતરાના દરવાજાવાળા કોઇક કોઇક પતરાંના બાંડાના દરવાજાની તિરાડમાંથી પેટ્રોમેક્સનો દૂધિયો પ્રકાશ ફેંકાઇને છેક ચોક સુધી વહી આવી ત્યાં પ્રકાશના ખાબોચિયાનો આભાસ પેદા કરતો હતો. ચોકની જમણી તરફના એક ખૂણાની દુકાનના ઓટલે એક અશ્કારી (ચોકીદાર) બેઠો હતો. ઊનના જર્જરિત કોટ વડે તેણે પોતાનું શરીર ઢાંક્યું હતું. તેના ડાબા હાથમાં તેણે લાંબી મીટી (ડાંગ) પકડી હતી, અને બીજા હાથે હોકલી મોંમાં મૂકી બાંગીના કસ ખેંચતો ને ઝોલા ખાતો બેઠો હતો.

દેવરામભાઈ તેની પાસે ગયા અને તેની સાથે કિસ્વાહિલીમાં વાતચીત કરી ગામમાં કોઇ હિન્દી કુટુંબ રહેતું હોય તો તે બતાવવા માટે પૂછ્યું. મોંમાંથી હોકલી ખેંચી કાઢી ચરસના નશાથી લાલઘૂમ બનેલી આંખે દેવરામભાઇની સામે તાકતા એ કિસ્વાહિલી ભાષામાં બોલ્યોઃ 'મહિન્ડી ? કવેન્ડા હુકો મોજા કુ મોજા..નયુમ્બાયા મુઈશો. પાલે ના કા મહિન્ડી - બાના હરિ' (સીધો ચાલ્યો જા. રસ્તાને છેડે હરિ નામના હિન્દી રહે છે.)

'અસાન્ટે સાના.' (આભાર)

તેનો આભાર માની, રસ્તો ઓળંગી અમે સામેની તરફ ચાલવા તેણે બતાવેલા રસ્તાની છેવટના ન્યુમ્બા(ઘર)ની પાસે આવ્યાં. રાતના દસ વાગી ચૂક્યા હતા. થાકની સાથે અમારા પેટમાં પણ કુરકુરિયાં બોલવા લાગ્યાં હતાં.

દેવરામભાઈએ જ દરવાજો ખખડાવ્યો.

'નાની હીકો ?' (કોણ છો ?) અંદરથી એક પુરુષ અવાજ સંભળાયો.

'અમે છીએ.' મારા બાપુજીએ ગુજરાતીમાં જવાબ આપ્યો.

તરત દરવાજો ખૂલ્યો. દરવાજા વચ્ચે એકવડી કાઠીના એક સજ્જન સફેદ પહેરણ અને લેંઘામાં ઊભા હતા. તે એક ક્ષણ અમને તાકી રહ્યા. મારા બાપુજીએ એમને પંક્ચરની વાત કરી. 'અમારે તો રાતની રાત કાઢવી છે. જો સગવડ થઈ શકે તો...'

એ સજ્જન ફરી અમને જોઇ રહ્યા. અંધારામાં તેમના ચહેરાનો ભાવ કળાતો નહોતો. પળ એક અમને બીક લાગી કે તે બારણું બંધ કરી દેશે. પણ બીજી પળે તો ઉષ્માપૂર્વક મારા બાપુજીનો હાથ પકડી લેતાં એ બોલ્યાઃ 'તો એમાં મુંઝાવ છો શેના? આ તમારા ડુગુનું (ભાઇનું) જ ઘર છે...આવો, આવો અંદર આવો ! સાંકડેમોકડે બધાની સગવડ થઈ જશે. મારું નામ હરિલાલ.'

મીઠો આવકાર આપી હરિલાલ અમને અંદર લઇ ગયા. દુકાનમાં ગ્રાહકોને બેસવા માટે એક બાંકડો હતો તે પર અમે પાંચે જણાં સાંકડેમોકડે બેઠા. અંદર નાનકડા ટ્રાન્સિસ્ટર રેડિયોમાંથી કે.બી.સી. રેડિયો સ્ટેશન પરથી ધીમા સૂરમાં

ફિલ્મી ગીતો ગુંજતાં હતાં.

નાનું સરખું ઘર હતું. આગળના ભાગમાં દુકાન અને પાછળ રહેવા માટે બે નાની ઓરડીઓ હતી. બહાર ફળિયામાં જાજરૂ ને તેની પડખે નાવણિયું હતા.

મારા બાપુજીએ હરિલાલભાઈને અમારો દરેકનો પરિચય કરાવ્યો.

'તમોને ફિલ્મોનો શોખ લાગે છે!' દેવરામભાઈએ પૂછ્યું.

પણ એ વખતે હરિલાલભાઈનું ધ્યાન કશે બીજે હતું એટલે એમણે જવાબ ન આપ્યો.

'આ ગામમાં આપણા બીજા ભાઈઓ ખરા કે ?' મારા માશિયાઈએ પહેલી વાર જીભ ખોલી.

'આ ગામમાં ગુજરાતી લેખે સમ ખાવા ઘર કહો તો આ ઘર, ને દુકાન કહો તો દુકાન - આ એક મારી જ છે.'

અમારી વાતચીત ચાલતી હતી એવામાં અંદરથી હરિલાલભાઈનાં પત્ની આવ્યાં અને અમે પરસ્પર 'જે શ્રી કૃષ્ણ' કર્યાં. હરિલાલભાઈએ એમનાં ગૃહિણીનો અમને પરિચય કરાવતાં કહ્યું: 'આ મારા શ્રીમતીજી શારદાદેવી!'

શારદાબેને કહ્યું ' તમે વાતો કરો, એટલામાં હું શાક પુરી ને ચા તૈયાર કરી નાખું છું.'

અડધા કલાકમાં તો શારદાબેને શાક-પુરી ને ચાનો બિરીકો(કીટલી) તૈયાર કરી દીધાં. અમે એકબીજાં સાથે વાતોમાં ગુંથાયા હતાં ત્યાં અંદરથી શારદાબેનનો સાદ આવ્યો:' આવી જાવ, સહાની ( ભાણાં ) તૈયાર છે.'

અમે રસોડામાં શારદાબેને પાથરેલા નેતરના ગોળ ચાકળા પર પલાંઠી વાળી ગોઠવાઈ ગયાં. ગરમા ગરમ પુરી અને રીંગણ-બટેટાના શાકનો સ્વાદ બત્રીસ જાતના પકવાનને ભુલાવે એવો લાગ્યો.

જમીને અમે પાછા દુકાનમાં આવી બેઠાં. ચાલવાનો થાક હતો અને જમીને ઉઠ્યા ત્યારે મોડું પણ થયું હતું, અને સવારમાં હરિલાલભાઈને દુકાન પણ ખોલવાની હતી એટલે થોડી વાર વાતો કરીને અમે પથારી ભેગા થઈ ગયા. હરિલાલભાઈએ દુકાનના ઘોડા પરથી થોડી બ્લેનકેટો અને ઓછાડ ઊતારી લીધા. જોતજોતામાં ચાર પથારીઓ તૈયાર થઈ ગઈ. શારદાબેન અંદરથી ઓશીકાં લઈ આવ્યાં. અને અમે પથારીમાં પડયા ભેગાં ઊંઘને શરણ થઈ ગયાં.

સવારે સાતેક વાગે આંખ ખૂલી ત્યારે શારદાદેવી ઠાકોરજીની આરતી ગાઈ રહ્યાં હતાં. દાતણપાણી કરવા ફળિયામાં આવ્યો ત્યારે હરિલાલભાઈ ફળિયાના સામે છેડે આવેલા નાવણિયામાંથી નહાઈને બહાર આવી રહ્યા હતા. દુકાન ખોલવાને હજુ વાર હતી. નિત્ય કર્મોમાંથી પરવાર્યા બાદ અમે ચા-નાસ્તો કર્યો.

આઠ વાગતા હરિલાલભાઈએ દુકાન ખોલી. ગરમ અને સુતરાઉ કાપડ ઉપરાંત દુકાનમાં થોડાં તૈયાર કપડાં પણ તેઓ રાખતાં હતાં. પાટલૂન, ખમીસ, ફુલાના, ખાંગા, કિટેંગે, બ્લેનકેટ, ઓછાડ, જોડા, ચંપલ, મોજાં, સ્કાર્ફ વગેરે સ્થાનિક સુકુમા જાતિના લોકોને રોજિંદા જીવનમાં ઉપયોગમાં આવે તેવો પરચૂરણ સરસામાન પણ તેઓ દુકાનમાં વેચવા માટે રાખતા.

સવારમાં દસ અગિયાર વાગ્યા સુધી દુકાનમાં ખરીદનારાઓની ભીડ હોય. હરિલાલભાઈ બધાને શાંતિથી સમજાવે અને કોઈ ને કોઈ ચીજ ખરીદીને ગ્રાહક ખુશ થઈને દુકાનનો ઓટલો ઉતરે. મિસુન્ગવી ગામ ખાતે ગુજરાતી ભાઈની આ એક જ દુકાન હોવાથી હરિભાઈને સારો વેપાર થતો અને આખો દિવસ તે ભારે વ્યસ્ત રહેતા.

દસેક વાગ્યે જુમો અમને શોધતો શોધતો આવી પહોંચ્યો. આવતાં જ બોલ્યો:

'બાના, ગારી તૈયારી.'

અમે ઉઠવા કરતાં હતાં ત્યાં શારદાબેન ચાના કપ લઈને આવ્યાં અને મસાલેદાર ચા પીવડાવી. ગદગદિત બની જતાં અમે હરિલાલભાઈ અને શારદાબેનનો આભાર માન્યો અને ઉઠ્યાં.

આજે આ વાતને વર્ષોનાં વહાણાં વાઈ ચૂક્યાં છે. તે વખતે રાતના અંધારામાં ખ્યાલ નહોતો આવ્યો, પરંતુ સવારના ઉજાસમાં હરિલાલભાઈનો જુવાન ચહેરો જોતાવેંત રાત્રે તે સજ્જન કેમ એક ક્ષણ ખચકાયેલા હતા તે અમે બધા પામી ગયાં હતાં. તેમની આંખો સૂજેલી હતી. હાથના પંજા ઉપર હળદરનો લેપ હતો. પરંતુ ન તો તેમણે, કે ન તો મેં, મારા બાપુજીએ કે દેવરામભાઈએ સિનેમાની લાઈનના બનાવનો ઉલ્લેખ કરેલો. આજ સુધી અમે કોઈએ તે વાત કોઈની પાસે ઉચ્ચારી નથી. ત્યારથી દેવરામભાઈનો સ્વભાવ અત્યંત શાંત થઈ ગયો છે. પરંતુ દાયકા વીતી ગયા હોવા છતાં હજી મને કોઈ કોઈ વાર સપનામાં દેવરામભાઈનો મુક્કો ખાતા હરિલાલભાઈ દેખાય છે, ને ગુનેગારની લાગણી જન્મે છે.

(324 Horn Lane, Acton, LONDON W3 6TH, U.K.)

(૧૨)

## ગંગાબા

— નટવર જે. મહેતા

'હલ્લો... અમી, ઇસ યોર મધર ઇન લૉ એટ હોમ ?' અમીના સેલફોન પર ગીતા મેનનનો ફોન આવ્યો. એના અવાજમાં ગભરાટ હતો.

'નો !! કેમ ?'

'શી ઇસ નોટ હીઅર !!' લગભગ રડી પડતાં ગીતા બોલી, 'વેર ઇસ શી ?'

હવે ડરવાનો વારો હતો અમીનો. અમીનાં ૬૯-૭૦ વરસનાં સાસુ ગંગાબા ગીતાની છોકરીનું છેલ્લાં ચારેક વરસથી બેબી-સિટીંગ કરતાં હતાં. ગીતાની છોકરી સાચવતાં હતાં. એ ગુમ થયાં હતાં. ગીતાના ઘરેથી.

'વ્હોટ ?' અમીના ધબકારા વધી ગયા.

'હા, હું જોબ પરથી ઘરે આવી ત્યારે શી વોઝ મિસિંગ. કોઇ બીજી જ વુમન મારે ઘરે હતી. એને તારી સાસુએ એક વીક માટે હાયર કરી છે. અને શી ઇસ નોટ હીઅર ! વ્હોટ ઇસ ધીસ ?!' જરાક ગુસ્સેથી ગીતા બોલી.

'આઇ એમ સોરી!' ઊંડો શ્વાસ લઇ અમી બોલી.

' આઇ એમ કન્ફયુઝ્ડ. મારી સાસુએ અમને કંઇ કહ્યું નથી. લેટ મી ટોક ટૂ માય હસબંડ. આઇ વીલ કોલ યુ લેટર.'

અમીએ એના પતિ આકાશને ફોન જોડયો. ગુસ્સાથી એનું માથું ફાટફાટ થતું હતું.

'હલ્લો આકાશ, યોર સ્ટુપીડ મોમ રેન અવે !! તારી ગંગાબા ભાગી ગઈ !'

'વ્હો... ઓ... ઓટ ?!' આકાશ પણ ચમકયો,'વ્હોટ ડુ યુ સે ?!'

'સ્ટુપીડ ઓલ્ડ લેડી!!' ગુસ્સાથી અમી ચીખી, 'તું ઘરે આવ. હવે એને શોધવી પડશે!'

'ઓહ !! આઈ એમ કમિંગ.'

આકાશ અમી ઘરે ભેગા થયાં. બંને મુંઝાઇ ગયાં હતાં.

'હર પાસપોર્ટ ઇસ મિસિંગ!!' અંદરના ઓરડામાંથી બહાર આવતાં બોલી,'ઓહ ગોડ !! તારી બા મને સુખેથી જીવવા નથી દેવાની !'

'બાને કંઇ સમજ ન પડે. એનાથી કંઇ ઇન્ડિયાની ટિકિટ બાય ન થાય!!'

'તો ?! વી શુલ્ડ ઇનફોર્મ પોલીસ!!'

'પોલીસ ?' આકાશ વધુ મુંઝાયો, ' લેટ મી થિંક...!'

એક ઓરડામાંથી બીજા ઓરડામાં થોડા આંટા માર્યા આકાશે!! થોડું વિચારી એણે ફોન ઊંચકયો અને પોલીસને ફોન ડાયલ કર્યો.

***

ગંગાબા !!!

અહીં એડિસન ન્યુ જર્સી આવ્યાં ને કેટલાં વરસો થઇ ગયાં ગંગાબાને ?! જુઓને, વિશાલનો જન્મ થવાનો ત્યારે એમના પુત્ર આકાશનો પત્ર આવેલ.

-બા, તમો આવો અમેરિકા. હવે દેશમાં છે પણ કોણ ? બાપુજી પણ નથી...અમને તમારી ફિકર થયા રાખે.

ઘણો વિચાર કરી ગંગાબાએ હા પાડી હતી. એમનો એકનો એક પુત્ર હતો આકાશ. પેટે પાટા બાંધીને ઊછેર્યો ... ભણાવ્યો...એન્જિનિયર બનાવ્યો... અમી અમેરિકાથી આવી હતી. અમેરિકન સિટીઝન હતી... એનું માંગુ આવ્યું આકાશ માટે... અમેરિકા જવાની અમૂલ્ય તક! અમી સાથે ધામ-ધૂમથી પરણાવ્યો... એ અમેરિકા ગયો. ગંગાબાનું એકનું એક સંતાન હતો આકાશ.

થોડા સમયમાં તો આકાશ ઊડી ગયો અમેરિકા.

આકાશ જ્યારે દશ વરસનો હતો ત્યારે એના પિતા હરકિશનભાઇને સ્કૂટરનો અકસ્માત થયો...અને આકાશે પિતાની છત્રછાયા ગુમાવી... ગંગાબા યુવાન વયે વિધવા થયાં... હરકિશનભાઇ દેના બેંકમાં નોકરી કરતા હતા. ગંગાબાને પ્યૂનની નોકરી મળી બેંકમાં. ગંગાબા ફક્ત ફાયનલ સુધી ભણેલ હતાં.

કેટકેટલી મુશ્કેલીઓ વેઠી આકાશને ઊછેર્યો હતો...જ્યારે એ અમેરિકા ગયો ત્યારે થોડા સમય માટે સાવ એકલાં પડી ગયાં હતાં ગંગાબા. પરન્તુ એ ઘણા આઘાતો પચાવતાં આવ્યાં હતાં જિંદગીભર!! આ આઘાતની તો શી વિસાત ?! વળી આ તો એમના પુત્રની પ્રગતિ હતી.

આકાશના અમેરિકાથી પત્રો આવતા... પૈસા આવતા... કહેતો કે બા, હવે તો બેંકની પ્યૂનની નોકરી છોડી દો. પણ ગંગાબા એમ તે શી માને?! વળી આ નોકરી સાથે એક નાતો હતો એમનો. એમના સ્વર્ગસ્થ પતિની દેન હતી એ !

આકાશે ધીરે ધીરે અમેરિકામાં પ્રગતિ કરી. એ નિયમિત પૈસા મોકલાવય

તો. દેશમાં ગંગાબાને ઘરે ફોન લઇ આપ્યો. મહિને-બે મહિને એના ફોન આવતા. મોટે ભાગે આકાશ જ વાત કરતો. અમી ખાસ વાત ન કરતી. આકાશ સુખી હતો. ગંગાબાને આનંદ હતો.

છેલ્લા થોડા વખતથી આકાશનો આગ્રહ વધી ગયો હતોઃ બા, તમો અહીં આવો ને આવો જ...! વી મિસ યુ.!!

— અને ગંગાબા આવી પહોંચ્યાં ન્યૂ જર્સી. આકાશ - અમી જાતે લેવા આવ્યાં હતાં જે. એફ. કે. પર ! વરસો પછી પોતાના લાડકવાયા આકાશને ભેટીને મન મૂકીને રડયાં હતાં ગંગાબા !

કારમાં બેસી ઘરે આવ્યાં. મોટું હાઉસ હતું એમના બેટાનું... ચાર બેડ રૂમનું... મોટો હોલ... ડાયનિંગ રૂમ અને કિચન!! ઘર જોઇ ગંગાબાને સવા -શેર લોહી ચઢયું... પોતાની મહેનત ફળી હતી...આકાશ આજે આ જગ્યાએ પહોંચ્યો હતો.

'જો બા, આ તારો રૂમ. અહીં તારા બાથરૂમ - સંડાસ... આપણા ગામ જેવું નથી. શરૂઆતમાં તકલીફ પડશે. અહીં પાણી નથી. આ ટિસ્યુ! લૂંછી નાંખવાનું! આકાશે ગંગાબાને સમજાવ્યાં,'તને કદાચ અત્યારે ઊંઘ ન આવશે. તારું શરીર હજુ દેશના સમયે ચાલે છે. પછી ટેવાઇ જશે. તને કંઇ તકલીફ ન પડશે. સવારે ઊઠે ત્યારે તું ઘરમાં એકલી હશે.!!

'કેમ ?'

'બા, આ અમેરિકા છે ! હું અને અમી બંને કામ પર ગયાં હોઇશું ! હું સવારે છ વાગે નીકળી જાઉં છું. અને અમી સાડા છએ!'

અને પછી તો ગંગાબા ટેવાવા માંડયાં. પેપરટિસ્યૂથી! ફ્રોઝન ફૂડથી!! હીટથી!! ઠંડીથી!! માણસોથી!!

અમી ગર્ભવતી હતી. વિશાલનો જન્મ થયો. ગંગાબા રાજીના રેડ થઇ ગયાં. અમી કંઇ ખાસ ખુશ ન હોય એમ લાગી. આમેય અમીનું મ્હોં હંમેશ ચડેલું જ રહેતું. એ ગંગાબા સાથે ખપપૂરતી જ વાતો કરતી. આકાશ સમજાવતોઃ પ્રેગ્નન્સીને કારણે ...ડિલીવરીને કારણે... જોબને કારણે ! બાકી અમીના મનમાં કંઇ નથી!!

પણ કંઇક હતું... જરૂર કંઇ હતું...!!

પંદર દિવસના વિશાલને ગંગાબાને સહારે મૂકી અમી ફરી કામે ચઢી ગઇ. ગંગાબાએ કાળજી લેવા માંડી વિશાલની.

— કેમ છે વિશાલ ? એણે દૂધ પીધું...?!

— દૂધની બોટલ બોઇલ્ડ કરજો બરાબર !!

અમીના ફોન આવતા. અમી કદી એમને બા ન કહેતી. કોઇ પણ જાતના સંબોધન વિના વાત કરતાં શીખવું હોય તો અમી પાસે જવું !!

- આજે તુવરના દાણા - વેંગણનું શાક બનાવજો.

- આજે ભીંડાના રવૈયા !

- આજે રસાવાળી ચિકન ને રાઇસ...!!

- આજે મારી બહેન આવવાની છે. તો એના માટે પચાસેક રોટલી બનાવી રાખજો...

ગંગાબા સમજી ગયાં. ત્યાં દેશમાં એમની પટાવાળી નોકરી હતીઃ અગિયારથી છની!! જ્યારે અહીં ? ચોવીસ કલાકની!! ત્યાં પગાર મળતો. અહીં રહેવાનું - ખાવાનું અને ઉપરથી એક ખૂલી કેદ! ક્યાંય બહાર ન નીકળવાનું. ક્યારેક, શનિ- રવિ આકાશ મંદિરે લઇ જતો. પણ એમાં ય એની ભક્તિ કરતાં ભૂખ વધારે હતી... સાંજે મહાપ્રસાદ - જમણ લઇને જ આવવાનું!! ત્યારે ગંગાબાએ સાંજે રસોઇ ન બનાવવી પડતી. બાકી દરરોજ કંઇ ને કંઇ રસોઇ કરવાની, વેક્યુમ કરવાનું, બાથરૂમ સાફ કરવાના, લોન્ડ્રી કરવાની, વિશાલની કાળજી રાખવાની... રાત્રે વિશાલ રડે તો ઊઠવાનું...નેપી બદલવાનું... ઓહ! ઓહ!! ઓહ!!! ગંગાબા ગૂંગળાતાં, ગુંચવાતાં, મુંઝાતાં... ક્યારેક ઓશીકામાં મોં છુપાવી રડી પડતાં...

આકાશ અને અમી કામ કરીને મોડી સાંજે ઘેર આવતાં.

આકાશ ક્યારેક વાતો કરતો.

'કેમ છે બા ?'

'કેમ છે વિશાલ ?! બહુ રડતો તો નથી ને ? તને હેરાન તો નથી કરતો ને ?!'

'કેમ છે તારી તબિયત?! વિટામીનની ગોળી બરાબર ગળતી છે ને ?!'

પછી એના રૂમમાં ભરાઇ જતો, કે કમ્પ્યુટર પર બેસતો... કે પછી ટીવી ચાલુ કરી બેસતો. અમી તો જાણે ઘરમાં હતી જ નહોતી.!! કે પછી અમી માટે ગંગાબાની હાજરી નહોતી!! ફકત એક વ્યકિત બની ગયાં હતાં ગંગાબા અમી માટે. એક બેબીસિટર એના પુત્ર માટે. અહીં કોઇને પણ સમય ન હતો એમના માટે. કોઇને પણ સમય નહોતો કોઇના માટે... પણ વિશાલ હતો એમના માટે. એ નાનકડા વિશાલ સાથે વાતો કરતાં રહેતાં. વિશાલ હસતો કાલુ કાલુ !! ત્યારે ગંગાબાના હૃદયમાં બટમોગરા ખીલતાં... એને લઇને ફરતા રહેતાં...એક રૂમમાંથી બીજા રૂમમાં... વિશાલે પા-પા પગલી પાડી ત્યારે ગંગાબા જ સાક્ષી હતાં એના પહેલા કદમના!! વિશાલને પણ ન ચાલતું ગંગાબા વિના. ગંગાબાની ગોદમાં એની દુનિયા હતી...એક એ જ સમજતો હતો ગંગાબાને કે પછી એને સમજતાં હતાં ગંગાબા...!!

કેટલો સમય પસાર થઈ ગયો ?!

જાણે એક યુગ !!

વિશાલ હવે તો મોટો થઇ ગયો. અમેરિકાના કાયદા પ્રમાણે હવે એકલો રહી શકે એટલો મોટો!! ભણવામાં એ ખૂબ જ હોશિયાર હતો. ગંગાબા વિના એને હજુ પણ ન ચાલતું. પણ એની મમ્મી અમીને એ પસંદ ન હતું. ગંગાબાની મોટી વળગણ !! હી શુલ્ડ બી ગ્રોન અપ!! અમી વિચારતી.

'જો આકાશ !' અમી આકાશને કહેતી હતી,'વી હેવ ટુ ડુ સમથિંગ એબાઉટ ધીસ!!'

'એબાઉટ વોટ?'

'યોર મોમ!! ઇટ ઇસ ટુ મચ!'

'વ્હોટ ટુ મચ ?'

'એ વિશાલને મોટો જ થવા નથી દેતી.' અમી ચિંતાતુર બોલી,'અને વિશાલ પણ આખો વખત બા-બા કર્યા રાખે છે. સાવ માવડિયો બનાવી મૂક્યો તારી બાએ!'

'બાએ એને મોટો કર્યો છે!'

'તેથી શું આખી જિંદગી ગળે વળગાડી ફર્યા કરવાનો ?!'

'શું બાને ઇન્ડિયા મોકલી દેવી છે ?'

'લેટ મી થિંક!' કંઇક વિચારી અમી બોલી.'આઇ વીલ ફાઇન્ડ આઉટ સમ વે !!' પડખું ફરીને અમી સૂઇ ગઇ.

★★★

બીજા રૂમમાં ગંગાબાના ખોળામાં માથું રાખી વિશાલ ઊંઘી ગયો હતો. શ્રવણની કથા સાંભળતા સાંભળતા. ગંગાબાને કારણે એ ઓળખતો હતો બધાને. શ્રવણને...ધ્રુવને...હોલિકાને...રામને-રાવણને...શૂર્પણખાને-શબરીને...કૃષ્ણને-કંસ ને...રાધાને- ગોપીને...જશોદા-દેવકીને!!! વિશાલના ક્રુ કટ બાલમાં ગંગાબા ધીરે ધીરે હાથ ફેરવતાં હતાં. ખોળામાંથી હળવેકથી એનું માથું તકિયા પર મૂકી કપાળે ચૂમી ભરી. જો વિશાલ ન હોત તો ગાંગાબા કદાચ પાગલ થઇ ગયાં હોતે...હવે ગંગાબાને થાક લાગતો હતો જિંદગીનો ! અહીં રહે કે દેશ રહે કોઇ ફરક નહોતો. ઊલટું દીકરો સાથે હતો પણ પાસે નહોતો. દીકરાનું વહુ આગળ કંઇ ચાલતું નહોતું!! વહુનું મન કળવું એ અભિમન્યુના આઠમા કોઠા જીતવા જેવું હતું.

'દીકરા, મારે દેશ જવું છે.' ગંગાબાએ આકાશને કહ્યું,' અહીં આવ્યાને કેટલાં વરસો થઇ ગયા?!'

'કેમ બા?! એવું કહે છે?!' આકાશ બોલ્યો.

'તું ત્યાં એકલી...માંદી સાજી થાય તો કોણ?! અહીં તો તારી બધી સારવાર થઇ શકે!!' ગંગાબા અમેરિકન સિટિઝન થઇ ગયાં હતાં...મેડીકેર- મેડી-કેઇડ હતું એટલે કોઇ ફિકર ન્હોતી ગંગાબાની સારવારની- માંદગીની...

-સારવારને શું કરું? ગંગાબાએ વિચાર્યું. મારે તો પ્યાર જોઇએ! તમારો પ્યાર ! પણ ગંગાબા કંઇ બોલી ન શક્યાં. અને પ્યાર ક્યાં માંગવાથી મળે છે કોઇને?!

ગંગાબા ગૂંગળાતાં હતાં. ફકત વિશાલ વાતો કરતો... સ્કૂલની, ટીવીની, હેરી પોટરની!! બેઝબોલની!! એના ફ્રેન્ડઝની!! અને ક્યારેક ક્યારેક છોકરીની!! ગંગાબાને જાણે જીવવાનું કારણ હતો વિશાલ. એમનો પૌત્ર. સ્કૂલેથી આવીને વિશાલ સીધો ગંગાબાને શોધતો. એની મમ્મી અમી સાથે તો બહુ ઓછી વાતો કરતો. અને અમી પાસે પણ સમય નહોતો વિશાલ માટે!! આકાશે લિકર સ્ટોર ખરીદ્યો એટલે નોકરી પછી એ સીધો લિકર સ્ટોર પર જતો. ક્યારેક રાત્રે અગિયાર વાગે ઘેર આવતો ત્યારે બધાં પોઢી ગયાં હોય. ફક્ત ગંગાબા પૂછતાંઃ કંઇ ખાવાનો દીકરા ?! ગંગાબા એને આગ્રહ કરી પ્રેમથી જમાડતાં. ગમે તેમ એનું લોહી હતો આકાશ !!

★★★

'જો, આકાશ આઇ ગેટ વર્ક ફોર યોર મધર! આમ પણ હવે આખો દિવસ કંઇ કરવાનું નથી. બસ, વિશાલને લાડકો કર્યે રાખે છે !' અમીએ એક ઠંડી રાત્રે આકાશના પડખામાં ભરાતાં કહ્યું. અને પછી એક ચુંબન કર્યું. અમીને બધાં શસ્ત્રો અજમાવતાં આવડતાં હતાં.

'આઇ ડીડ નોટ અંડરસ્ટેન્ડ ! બા માટે કામ ? !' આકાશે અમીને આશ્લેષમાં લેતાં કહ્યું,'ડીડ યુ થીંક અબાઉટ હર એઇજ ?! શી ઇસ અબાઉટ સીક્સ્ટી ફાઇવ...!!'

'સો વોટ?! શી ઇસ હેલ્ધી !'

'લિસન ડાર્લિંગ...! ઇટ વીલ લુક બેડ!!'

પણ એમ શાની માને અમી ?!

એક સાંજે અમી સાથે એક યુવતી આવી, ગીતા મેનન !! અમી સાથે જ કામ કરતી હતી. એની મેનેજર.

'જુઓ. આ છે ગીતા.' અમીએ ગંગાબાને ગીતાની ઓળખાણ કરાવી, 'ગીતા મારી સાથે કામ કરે છે.'

'હલ્લો!!' ગીતાએ ગંગાબા તરફ જોઇ કહ્યું. ગંગાબાએ ગીતાને નમસ્કાર કર્યા. પછી એ પાછાં પોતાના રૂમમાં જતા રહ્યાં.

'વીલ ડુ!' ગીતાએ અમી તરફ જોઇ હસીને કહ્યું, 'આઇ વીલ બી વેરી થેંકફુલ ... હું કાલે સાંજે આવીશ. ગેટ હર રેડી. આઇ વીલ પે યુ થ્રી હંડ્રેડ ડોલર પર વીક!!'

'ડોન્ટ વરી! શી વીલ બી રેડી ! બટ વીક એન્ડમાં તો તારે એમને ડ્રોપ કરવા પડશે. ડ્રોપ હર ફ્રાઇડે ઇવનિંગ...અને સન્ડે ઇવનિંગ પીક હર અપ! વીક-એન્ડ મારા માટે!!'

'ડીલ?!'

ગીતા મેનનને ત્રણ મહિનાની પુત્રી હતી. એની બેબી-સિટર દેશ જતી રહી એટલે એને તકલીફ પડતી હતી. ગીતાનો પતિ ડોક્ટર હતો. પુત્રી માટે બેબી-સિટરની તાતી જરૂરિયાત હતી...એણે અમીને વાત કરી. અને અમીને તો ઘર બેઠા ગંગા મળી ગઇ ગંગાબા માટે!!

ગંગાબાને કંઇ પૂછવાની જરૂર પણ ન લાગી અમીને ! અમીએ ત્રણ જોડી કપડાં ભરી ગંગાબાની બેગ તૈયાર કરી દીધી.

'જુઓ, ગીતાને જરૂર છે તમારી. આમ પણ તમને આ ઘરે એકલાં ગમતું નથી. ગીતાની છોકરી સાચવવાથી તમારો સમય પણ સારી રીતે પસાર થશે. ગીતાનો હસબંડ ડોક્ટર છે. એટલે તમને માંદે-સાજે પણ કામ આવશે !'

'પણ અહીં વિશાલ ?!'

'વિશાલ હવે મોટો થઇ ગયો. આવતા મહિને તો એનું હાઈસ્કૂલ ગ્રેજ્યુએશન છે... પછી બહાર ભણવા જવાનો છે. લોયરનું-વકીલનું... વોશિંગ્ટન ડીસી હાર્વર્ડમાં. તમે બહુ લે-લે પો-પો કરી લાડકો કરી દીધો છે.' અમી પાસે બધા જવાબ હતા.

– હું ક્યાં તમને ભારી પડું છું?! રાંધુ છું. ઘર સાફ કરું છું ! લોન્ડ્રી કરું છું!! પણ ગંગાબા કંઇ બોલી ન શક્યાં. ધીમેથી ઊંડો શ્વાસ લઇ એ બોલ્યાં, 'આકાશને પૂછ્યુ?!'

'એમાં આકાશને શું પૂછવાનું ? ' અમી જરા ક્રુધ્ધ થઇ બોલી, 'આકાશને શો વાંધો હોય?! અને વીક એન્ડમાં તો તમને ગીતા મૂકી જશે!'

– તારી ઘરે કામ કરવા માટે. ગંગાબાએ નિ:સાસો નાંખ્યો. કામવાળી છું તમારાં બધાંની!! ગંગાબા કંઇ બોલી ન શક્યાં. ગંગાબાને રડવાનું મન થઇ આવ્યું.

સાંજે જ્યારે વિશાલ સ્કૂલેથી આવ્યો ત્યારે વિશાલને ભેટી ગંગાબા ખરેખર ખૂબ રડ્યાં.

'વોટ હેપન્ડ બા?!' વિશાલે ગંગાબાને પાણી આપતાં કહ્યું.

'કંઇ નહિ બેટા ! તું તારા મા-બાપ જેવો ન થતો... ' ગંગાબા બબડીને રહી ગયાં.

'આઇ પ્રોમિસ બા–' વિશાલને કંઇ સમજ પડતી ન હતી. બાને રડતાં એણે પહેલીવાર જોઇ. એ ગંગાબાને બા જ કહેતો. 'ટેલ મી, મને કહે, શું થયું ?'

'કંઇ નહિ બેટા, ચાલ ચા-પુરી ખાઇ લે ! ' ગંગાબાએ પોતાનાં આંસુ વિજાવી દીધાં. વિશાલને ટોસ્ટ-બ્રેડ કરતાં પુરી વધારે ભાવતી. પીઝા કરતાં ખાખરા વધારે ખાતો...ડોનટ કરતાં જલેબી સારી લાગતી....મોમ કરતાં બા વધારે વ્હાલી લાગતી.

ગીતા મેનન આવીને ગંગાબાને લઇ ગઇ. ગંગાબાને આંસુ પીવાની ટેવ હતી વરસોથી!! જાણે હજુ કેટલાં આંસુ પીધાં રાખવાનાં છે મારા પ્રભુ ?! ગંગાબાએ ગિરધર ગોપાલને યાદ કર્યા. એ પણ હવે તો બહેરો થઇ ગયો છે !

પછી તો ઘટમાળ ચાલુ થઇ ગઇ. ગીતા -અમી, અમી-ગીતા, હવે તો મંદિરે જવાનું પણ બંધ થઇ ગયું. ગીતાની છોકરી મોટી થવા લાગી...ગંગાબાના પ્રેમથી. પ્રેમનું ઝરણું સુકાતું નથી. જો એ પ્રેમ સાચો હોય ! વીક એન્ડમાં ગંગાબા ઘેર આવતાં. એમના દીકરાને ઘરે. આખા વીકનું રાંધતાં. અમી બધું ફ્રોજન કરી દેતી. વેક્યુમ કરતાં, લોન્ડ્રી કરી જતાં... નાસ્તો બનાવી જતાં. વીક એન્ડમાં ઊલટું વધારે કામ કરવું પડતું. થાકીને લોથપોથ થઇ જતાં.

***

વિશાલ પહોંચી ગયો હતો વોશિંગ્ટન ડીસી. ભણવામાં તો એ પહેલેથી જ હોશિયાર હતો... એને ફેડરલ એઇડમાંથી સ્કોલરશીપ મળી હતી. વીકમાં બે ત્રણ વાર ગીતા મેનનની ઘરે ફોન કરી ગંગાબા સાથે લાંબી લાંબી વાતો કરતો. ત્યારે ગંગાબાને પોતે જીવતાં હોય એમ લાગતું. બાકી તો એ શ્વાસ –ઉચ્છ્વાસના સરવાળા –બાદબાકી જ કરતાં હતાં.

વિશાલ હવે ટૂંક સમયમાં જ લોયર –વકીલ થઇ જવાનો હતો. એનું સ્ટેટનું લાયસંસ પણ આવી ગયું હતું. બહુ ખુશ હતો એ. એની સાથે એપાર્ટમેન્ટ પર કોઇ છોકરી પણ હવે તો રહેતી હતી. જાનકી !! આમ તો જુલિયા નામ હતું. પણ વિશાલ એને જાનકી કહેતો. જાનકી એની સાથે ભણતી હતી... મા–બાપ વિનાની. જાનકીની વાત એણે ફક્ત ગંગાબાને કરી હતી. એ વોશિંગ્ટન ડીસી. જ રહેતો. એને ન્યૂ જર્સી આવવું ન હતું. એના મોમ-ડેડ સાથે એને જરા ય ફાવતું નહોતું. ખાસ સંબંધો પણ ન હતા. સંબંધ હતો તો ફક્ત ગંગાબા સાથે !

***

પોલીસે તપાસ શરૂ કરી ગંગાબાની. કોઇ પણ એરપોર્ટ પરથી કોઇ પણ એર-લાઇનમાં એ ચેક ઇન થયાં ન હતાં. હોસ્પિટલમાં પણ એમના જેવું કોઇ ન હતું. આકાશ –અમીની મૂંઝવણનો પાર ન હતો. પાંચ દિવસ પસાર થઇ ગયા હતા. આકાશના મેઇલ બોક્સમાં પિન્ક સ્લિપ હતી. આકાશ- અમીના નામે સર્ટિફાઇડ મેઈલ હતી. આકાશ પોસ્ટ ઓફિસ પર જઇને સહી કરી મેઇલ લઇ આવ્યો.

ઘરે આવી પત્ર ખોલ્યો...અને હક્કો બક્કો રહી ગયો !!

–લોયરની નોટિસ હતી ! લોયર વિશાલ આકાશ બક્ષીની ! ! એના પોતાના વકીલ પુત્રના લેટર–હેડ પર ...નોટિસ ઇન –ફેવર ઓફ ગંગાબા!!

– વન મિલિયન ડોલર્સનો સ્યુ કર્યો હતો વિશાલે ગંગાબા માટે !!

– કેસ કર્યો હતો. ગંગાબાએ એમના પુત્ર આકાશ પર- પુત્રવધૂ અમી પર લોયર પૌત્ર વિશાલ મારફત. ચોવીસ વરસથી ગંગાબાએ કરેલ કામગીરી માટે...રસોઇ... હાઉસ ક્લિનિંગ...લોન્ડ્રી...હાઉસ કિપિંગ અને એબોવ ઓલ ...બેબીસિટિંગ ઓફ ગ્રાન્ડ કીડ... એમનાં પુત્રવધૂએ એમની સાથે કરેલ ચિટિંગ... પ્લેઇંગ વીથ ફિલિંગ્સ માટે !!!

- વન મિલિયન ડોલર્સ !!

નોટિસમાં સ્પષ્ટ હતું કે, લોયર વિશાલ પાસે પળેપળનો હિસાબ હતો. ગંગાબાની કામગીરીનો....લાગણીનો...પ્રેમનો... અને પ્રેમની તો કાંઇ કિંમત નહોતી વન મિલિયન ડોલર્સ સામે !!

ગંગાબા વિશાલ સાથે હતાં, જાનકી સાથે હતાં...આજે આકાશ –અમીએ બાની સાથે પુત્ર પણ ઓફિસિયલી ખોયો હતો...

(23 Iowa Avenue, LAKE HOPATCONG, NJ 07849, U.S.A.)

***

(૧૩)

## ગર્ભજલ – કમલેશ પટેલ

હું સહેજ મટકું મારીને જાગી ત્યારે મારી પથારીમાં આજે આવેલી ટપાલનો થોકડો પડ્યો હતો. કામવાળી પદ્મા મૂકી ગઇ હશે, ઘરે જતી વેળા...મેં વિચાર્યું. મેં ઉતાવાળે ટપાલ ઉથલાવવા માંડી... મોટા ભાગની ટપાલ જયની હતી - હંમેશની જેમ... સાહિત્યિક સામાયિકો, શેર સર્ટિફિકેટસ, ન્યૂઝીલેન્ડથી આવેલો ફોઇસાસુનો શુષ્ક ભાષામાં લખાયેલો પત્ર. એક પોસ્ટકાર્ડ, અને અમારી "જોઇન્ટલાઇફ પોલિસી"ની પ્રીમિયમ ભરવાની નોટિસ...

જયનો જ આગ્રહ હતો, અમારી "જોઇન્ટલાઇફ પોલિસી" માટે - એમાં કૈંક લાભ વધારે હતો એવું તેણે કહેલું.

મેં ઉડતીક નજર પોસ્ટકાર્ડ પર નાંખી...કોઇક સાહિત્યકારનો પત્ર હતો - જયની તાજી જ છપાયેલી એક નવલિકાના પ્રતિભાવ રૂપે..."લાંબા સમય પછી એક અદ્ભુત વાર્તા વાંચવા મળી... ખૂબ ખૂબ અભિનંદન એક કલાત્મક વાર્તાના પ્રસવ બદલ!"

ગત મહિને જ કોઇ સામયિકનાં વિશેષાંકમાં પ્રકાશિત થઇ હતી એ વાર્તા... એક દિવસ ઊંઘ નહોતી આવતી ત્યારે મેં એ વાર્તા વાંચેલી. ખૂબ જ કલાત્મક ગણાવાયેલી એ વાર્તામાં મને તો કશી જ ગતાગમ પડી નહોતી ! કદાચ, એક ભાવક તરીકેની મારી કેટલીક મર્યાદાઓ મને નડી હશે.

છેલ્લાં દસેક વર્ષથી તે લખતો હતો. આસપાસથી ખૂબ જ ઉત્સાહજનક પ્રતિભાવો આવતા હતા તેના માટે - જય મિસ્ત્રી... સતત પ્રજ્વલિત સર્જકચેતના ધરાવતો...સમકાલીન વાસ્તવથી ક્ષુબ્ધ, એક એવો લાગણીશીલ સર્જક જેની કૃતિમાં પ્રતીતિજનક પ્રશ્ન હોય છે... એક મળવા જેવો પ્રતિભાશાળી...

પ્રતિભાશાળી તો એ લાગતો જ હતો, તેથી જ સ્તો હું પ્રથમ મુલાકાતમાં જ તેનાથી અંજાઇ ગયેલી ! ગાંડપણ સવાર હતું મારી ઉપર - સાહિત્ય અને સાહિત્યકારો માટે ! મુશાયરાઓમાં અને લેખકમિલનમાં હું ગમે તેમ, સમય ચોરી પહોંચી જતી. મને હંમેશાં આશ્ચર્ય થતું, ક્યાંથી... કેવું... કેવું...કેવી રીતે વિચારતા હશે આ સર્જકો !? આ બધું મને રોમાંચિત કરી દેતું હતું. આવાં કેંક અદમ્ય આકર્ષણ વચ્ચે, હૈયે એક રણઝણતી ઇચ્છા નર્તન કરી ઊઠી - કોઇક સર્જક જો પોતાનો પતિ હોય તો...

હું એ સતત મમળાવવો ગમે એવો રોમાંચ હાથમાંથી સરકી જવા દેવા માંગતી નહોતી... મેં પણ તો જયની આંખોમાં સરકતી લાગણીનું વહેણ જોયેલું...

— તમને સાહિત્યમાં મુખ્યત્વે શું ગમે, કવિતા કે વાર્તા ? તેણે મને પહેલી મુલાકાતમાં પૂછેલું.

— બંને, પરંતુ મુખ્યત્વે વાર્તા !

— ખાસ કોને કોને વાંચ્યા છે?

— "..." મેં બે - ચાર નામ કહ્યાં.

—છટ્ ! તમે બધું કચરો વાંચ્યું છે.

— ફિલ્મો?

— જોઉં છું ને, જૂની ક્લાસીક, હળવી કોમેડી... પણ મોટે ભાગે થિયેટરમાં.

— વેસ્ટર્ન, એક્શન, હોરર મુવી? વાન ડમ, આર્નોલ્ડ...

— એવું ક્યારેક જ જોઉં છું...

તે આજના જમાનાનો મોર્ડન લેખક હતો, એવું લોકો કહેતા અને મેં પણ એવું જ અનુભવેલું- કે તેને કેંક જુદું, બધાથી અલગ કરવું હતું. ગતિશીલ અને પ્રાણવાન વાર્તાકાર તરીકે તેની પ્રતિષ્ઠાનો આંક ઊંચે ચઢી રહ્યો હતો. અમારા વિચારો વચ્ચે અંતર તો હતું જ છતાં પાગલ મન ક્યાં માનતું હતું ?... ને મેં મારી તમામ મૂંઝવણ, હૃદયની લાગણીને પડીકે વાળેલી...

જયને લાગણીના બંધનમાં બાંધી શકું, એટલી ખૂબસુરત તો હું હતી જ, છતાં સાચું કહું તો તેના વ્યક્તિત્વના વહેણમાં હું જ તણાઇ ગયેલી...

મારી પોતાની અને મારા ઘરનાં બધાંની ઇચ્છા હતી કે અમારા લગ્ન સાદાઈથી થાય. મા વિનાના અમારા ઘરમાં પપ્પા સિવાય અમે ત્રણય બહેનોનું કોઇ જ નહોતું. પપ્પા માંડ માંડ ઘરનો ભાર વેંઢરતા હતા... તેમનો એક માત્ર પગાર અને કરજ પછીનું વેતરું અલગથી.

મારી મોટી બહેન કૃતિના લગ્ન ઘરનો પહેલો પ્રસંગ, ને મન મૂકીને પપ્પાએ ખર્ચ કરેલો. ત્યાં જ આભાનું અચાનક નક્કી થઇ ગયું. માંગું સામેથી આવ્યું, ને પપ્પા ના કહે તો કેવી રીતે કહે, પાછળ મારો પણ તેમણે વિચાર કરવાનો હતો. પપ્પાએ પોતાની બધી બચત ભેગી કરી આભાને વળાવેલી. વધતી જતી મોંઘવારીમાં તેઓ ઘરના બે છેડા કેવી રીતે મેળવતા હશે... એ સમજવું મારા માટે જરા ય અઘરું નહોતું. તેથી જ હું ઇચ્છતી હતી કે મારું લગ્ન તો સાદાઈથી જ થાય...

આમ પણ જયને વળી ક્યાં ખોટ હતી. ગર્ભશ્રીમંત ઘર, એક માત્ર સંતાન ને ઉપરથી બેંકની નોકરી લટકામાં. મેં તો બધા વિકલ્પ ખુલ્લા રાખેલા - આર્યસમાજ વિધિ સિવિલમેરેજ કે પછી ગાયત્રી મંદિરમાં - તેની જે ઇચ્છા હોય તે...

— હું તો હાર નાંખીને તને લઇ જાઉં ધરા, પણ મમ્મી ક્યાં માને છે... કહે છે લોકોનું વરસોથી ખાધું છે, એટલે ખવડાવવું જ પડે... આપણે વળી ક્યાં વળી પાંચ-સાત પ્રસંગ ઉકેલવાના છે, એટલે થોડીક ધામધૂમ તો...

— ધરા, જાનમાં સાતસો. આઠસો માણસો માંડ થશે... કદાચ પચ્ચીસ - પચાસ આમતેમ...બાજ- દાડિયામાં તો અમારી જ્ઞાતિમાં કોઇ ખવડાવતું નથી...આજીબા તો પહેરામણી ચાળીસ જેટલી ગણાવતાં હતાં, સારું થયું મમ્મી વચ્ચે પડી એટલે પચ્ચીસમાં પત્યું... એક તો ઉનાળો, એટલે જાનના ઉતારાની વ્યવસ્થા જરા અલગથી હોય તો...

— મારા ઉચાટે, હૈયાના ધબકાર ભેગી દોટ મૂકી...

— ધરા, તું માનશે નહીં કેટલા ય વહેવાર તો મેં કપાવી નાંખ્યા, નહીંતર... તે ખુલાસો કરતો હતો કે આગ્રહ, એ વાત હું સમજવાની મથામણ કરતી રહી.

પણ સામા પ્રવાહમાં તરવાનો મને અભરખો એટલો બધો હતો કે હું બધું અવગણીને આગળ વધતી ગઇ...

છેલ્લો પ્રસંગ અને આવો સરસ મૂરતિયો. પપ્પાએ મન મનાવ્યું. મને ખબર નહોતી કે તેમણે કેવી રીતે બધું કર્યું હતું... કદાચ, સરવાળે તેઓ જ નફામાં રહેશે એવું તેમનું ગણિત હશે.

હું પણ કેંક ઓછી ગર્વિત નહોતી, એક પ્રતિભાસંપન્ન, ઉચ્ચ દરજ્જાના સર્જકને મેળવીને!!

હું મધુર લગનજીવનની મઝા માણી રહી હતી...પરણીને આવીને આઠમા મહિને હું સગર્ભા થઇ. દોઢ મહિનો માંડ ચઢ્યો હશે અને કોણ જાણે શું થયું - ને ગર્ભ ઓગળી ગયો !

- તમારા શરીરમાં લોહી ઓછું છે અને શરીરનું ટેમ્પ્રેચર પણ ઊંચું રહે છે તેથી... જયના પરિચિત ડોક્ટરે નિદાન કર્યું. જાત જાતના લખાતા પ્રિસ્કિપ્શન વચ્ચે બે વર્ષ નીકળી ગયાં પણ કશું હાથ આવતું નહોતું. હતાશ ક્ષણો અંધકારમાં બાખોડિયા ભરતી હતી અને લોકો મનફાવે એવી વાતનું ચિતરામણ કરતા હતા...

ત્યાં એક દિવસ અચાનક જયે મને ચોંકાવી જ દીધી.

- ધરા, તારી કમર ઉપર ઊતરતી સાપણ છે...

- સાપણ !! એ વળી શું ?

- તારી કમર ઉપર વાળનો વિકાસ સાપણના આકારમાં થયો છે. અને તેને...

- કેવી વાતો કરે છે તું ? આવું તને કોણે કહ્યું ? અને ધારો કે એવું હોય તો પણ શું ?

- આ સાપણને બીલીના ફૂલથી ડામ આપીશું તો જ ફરી મા...

- જય, તું પાગલ જેવી વાતો ના કર... મમ્મીએ કહ્યુંને તને ?

- હા !!!

પછી તો એક જ વાત, હથોડાની જેમ વારંવાર મારે માથે ઠોકાતી રહી... અકળામણ, અણગમો, તિરસ્કારથી ઘરનો માહોલ હંમેશાં ભારઝલ્લો રહેવા માંડ્યો. પોતીકા માનેલા ઘરમાં હું જાણે પારકી થઇ પડી. મને પણ કોઇ નછોરવી કહે તે ગમતું નહોતું. તેથી ત્રસ્ત તો હતી જ, લોકોની તથા ઘરના સ્વજનની ચણભણથી.

- અને છેવટે પેલી ઊતરતી સાપણ ગઇ... પણ મારી કમર ઉપર ડામનું કાળું ચકામું મૂકીને!

માનસિક રીતે થાકીહારીને હું ગમે તે પગલું ભરી બેઠી હોત, પણ પછી મારા આશ્ચર્ય વચ્ચે, લગ્નના ત્રણ વરસના અંતરાલ પછી "સૃષ્ટિ" નું આગમન થયું, અને હું વધુ તિરસ્કૃત થતી બચી! નહિંતર મને તો ખબર નહોતી, જયના સ્પર્મ કાઉન્ટસ અને મોટીલીટી રિપોર્ટસ બાબતની!...

મને તો અચાનક જ ખબર પડી એ વાતની; મને બરાબર યાદ છે, સૃષ્ટિની પ્રથમ વર્ષગાંઠનો એ આગલો દિવસ... હું તો જયની બુકસસેલ્ફમાં તેને પૂછ્યા વિના સાફ-સફાઇ કરવા ગયેલી, કે અનાયાસે જ - કોઇને મળે નહીં એવી રીતે તેણે ચોપડીઓની વચ્ચે સંતાડેલી ફાઇલમાં, તેના સ્પમ કાઉન્ટસના રિપોર્ટ પર મારી નજર પડી ગયેલી ! દર ત્રણ મહિને નીકળતા એ રિપોર્ટ્સ હું ઝપાટાભેર પલટાવી ગયેલી. ફાટી આંખે હું એ રિપોર્ટ્સના, ઊડીને આંખે વળગે એવા આંકડા જોઇ રહી ! સ્તબ્ધ ક્ષણો અવાક થઇ ગયેલી ! શું તેના ઘરનાં બધા જાણતાં ના હશે?... કે પછી તેઓ પણ તેની સાથે જ... હું તો સાપણનો ભાર સાથે વાંઝિયા મેણું લઇને જ ગઇ હોત - હું વધુ કશું વિચારી શકી નહોતી...

બુકસેલ્ફ ફરી વ્યવસ્થિત થઇ ગઇ, હારબંધ, ચપોચપ ગોઠવાઈ ગયેલાં પુસ્તકો ખૂબ જ સરસ લાગતાં હતાં. ઘરના એ સર્વોત્તમ ખૂણે, અચાનક ફૂટેલો ખૂલેલો એ ભેદ, મારા હૈયાં સરસો ઊંડે ઊતરી, ધરબાઇ ગયો...

સમય વહેતો રહ્યો.

જિંદગી ચાલતી રહી... કેંક અટકીને કેંક સાથેસાથે...

છેક રાત સુધી -

ગઈ રાતે...

- ધરા, આજે તું ખૂબ સુંદર લાગે છે ! ખૂબ જ રોમાન્ટીક મૂડ હોય તેમ, મારા વાળમાં તેની આંગળીઓ ફરી રહી હતી, છતાં તેના અવાજમાં રહેલો સહેજ ઉશ્કેરાટ, તે ઇચ્છે તો પણ છૂપો રહી શકે તેમ નહોતો.

- " અરે, શું વિચારે છે, આજે ?" મારા ચહેરા પર રોમાંચ હતો, પણ હૈયું કોઇક અજ્ઞાત ભયથી કંપતું હતું.

- જો ધરા, ૨૨ માર્ચે આપણા લગ્નનાં દશ વર્ષ પૂરાં થશે. આપણે ફકત એક જ વાર ફરવા ગયાં છીએ, મનાલી. ત્યાં પણ મારી તબિયત બગડેલી ને આપણે અડધો પ્રવાસ પડતો મૂકી પાછા આવી જવું પડેલું... ગોવા કે મહાબળેશ્વર... તું કહે ત્યાં જઇ આવીએ...જો તું તૈયાર થાય તો...

- બાપરે ! તેં તો મને ચોંકાવી જ દીધી!! જો તું લઇ જતો હોય તો હું ક્યાં ના કહેવાની હતી... તેમાં વળી તૈયારી કેવી ? હું અચંબિત તો હતી જ ! છતાં મારા શબ્દોમાં ઉત્સાહ, રોમાંચ અને આશ્ચર્ય બધું જ સખળડખળ હતું.

- તૈયારીમાં તો... તા...રે... સારું, તું એક કામ કર, મેં ડૉ.ઉષાબેન પાસે મુલાકાત ગોઠવી દીધી છે, તું ફરી નવપલ્લવિત થઇ જા, આપણી મધુરજની સમયે

હતી એવી!

- આવતી કાલે !? ... હું હજી બે દિવસ પહેલાં તો એમને બતાવી આવી, તેમણે તો મને પંદર દિવસ પછી બોલાવી છે... મારી આંખમાં અચરજનું આભ ફાટ ફાટ થતું હતું !

- ધરા, એવું છે કે... આવા કામમાં જેમ વધારે દિવસ જાય તેમ જોખમ વધુ !

- જોખમ? કેવું જોખમ ?

- ધરા, એમટીપી જેટલું વહેલું કરાવીએ એટલું સારું ! તારા માટે- ! જાણે કમકમાં જાય એવા અવરા શબ્દો તેણે ઠંડે કલેજે કહી દીધા.

- જય, આ શું બોલે છે ? ... બીજા સંતાનનો વિચાર હોય તો, અત્યારે લઈ લો... મમ્મીની તબિયત સારી છે એટલે... બે બાળકો વચ્ચેનો ગાળો પણ સચવાઈ જશે... બંને સાથે સાથે ઉછેર સહેલાઈથી થઈ જશે... ડૉ. ઉષાબેને એવું કહ્યું છે, એમ તું જ મને કહેતો હતો. તારા આગ્રહને કારણે તો મેં કોપરટી કઢાવેલી અને હવે તું જ મને...

- ધરા, તું ખોટી દિશામાં જઈ રહી છે...તને ખબર છે કે મને નેરકાયર દેસર અને ખોટા કામો પસંદ નથી...

- જય, તું કદાચ ભૂલી ગયો હશે, પણ મને યાદ છે... આંખોમાં આંખો મેળવી આપણે જોયેલું હૂલગુલાબી છોકરીનું સ્વપ્ન... આજના છોકરા તો સાવ વંઠેલ હોય છે... લગ્ન કરે એટલે વહુના...પણ દીકરી હોય તેની રંગત કંઈક ઓર જ હોય છે... એ તો સાસરે જાય તો પણ, સૂતી હોય પિયર તરફ મોં કરીને...શું ફરક પડે આપણને, બીજું સંતાન પણ છોકરી હોય તો ?... આ શબ્દો મારા નથી, તારા છે, જય... જેને હું આપણા જ ગણું છું...

- તું આકરી થયા વિના કંઈક... શાંતિથી...

- અરે ! "લે - તૃપ્તિએ તારા માટે ઘરે બનાવેલું આમળાનું સરબત મોકલ્યું છે" કહી જલદ જરીબુટ્ટી કોણ લઈ આવેલું? છોકરી જ હતી, ગઈ એ પણ ! સૃષ્ટિનું નસીબ કદાચ સારું હશે તેથી બચી ગઈ...તૃપ્તિ, ભલે પરણી લંડન ગઈ હોય, પણ તારા કમનસીબે મને એની યાદ આવી ગઈ અને તેને ઘરે ફોન કર્યો ત્યારે ખબર પડી કે એ આમળાનું સરબત શાનું હતું...!

- તેના સ્તબ્ધ ચહેરા પરની અકળામણ જોઈ, હું જરાય વિચલિત ન થઈ...

- અને એ આખી રાત કર્કશમય સંઘર્ષ અને વિવાદમાં પૂરી થઈ...

ના- હા-ના-હા...

- વિખવાદ, દલીલો અને પરસ્પર થતા આરોપ પ્રતિઆરોપના દોર વચ્ચે પસાર થયેલી એ રાત મને દઝાડતી રહી, પણ હું પહેલીવાર ચૂપ ના રહી... જે મન કહેતું હતું, જે હૈયે વલોવાતું હતું એ બધું જ બેબોક બબડતી રહી, બોલતી રહી... જયનો આક્રોશ ફાટી પડ્યો ત્યાં સુધી...

- " મમ્મી! ... મમ્મી! સાંભળતી કેમ નથી ? મને ભૂખ લાગી છે..." મેં જોયું તો સૃષ્ટિ મારા પેટ પર તેના કોમળ, નાનકડા હાથથી ટપલી મારી મને ઢંઢોળી રહી હતી...

- ના... ના..બેટા ! આવું ના થાય... મેં મારા પેટ આગળ હાથ આડો કરી, તેને પ્રેમથી વારી અને જેવો તેને માટે નાસ્તો લેવા ઊભી થવા ગઈ; કે ગઈકાલ રાતનો, મેં બે વરસ પહેલાં જયને તેના જન્મદિવસની ભેટ તરીકે આપેલો ચામડાના ખૂબસૂરત કમરપટ્ટાનો - ચમચમતો સળ, જોરથી કળતર કરી ઉઠ્યો! પણ હું ઊંહકારો કર્યા વિના, તેને અવગણતી - દ્રઢતાથી અને મક્કમતાથી... પલંગ પરથી ઊભી થઈ ગઈ!

... ને ત્યારે મારા પેટના ગર્ભજળમાં, મારાં સમસ્ત અસ્તિત્વમાં એક મીઠી ઝણઝણાટી પ્રવેશિત કરતાં - અનેરા કંપનો પ્રસ્ફુરિત થઈ ઊઠ્યા!!!

(B/102, Meera Nagar, Opp. Ward Office No. 75,
UDHANA — 394 210, Gujarat, India)

***

(૧૪)

## સામ્ય

– નવીન વિભાકર

ટેક્સી ન્યૂઝીલેન્ડના વેલિંગ્ટન શહેરના સમુદ્રકિનારે બાંધેલ રસ્તા પર પુરપાટ દોડી રહી. વારંવાર ઘડિયાળમાં જોતાં, આયેશાને થતું હતું કે ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ માટે મોડી તો નહીં પડે ને ! ઘણાં વરસોથી 'મેનોપોઝ'માં હતી ને એકાએક બ્લીડીંગ ચાલુ થતાં, ગભરાહટ થઈ જતાં, બંધ ન રહેતાં આયેશા મૂંઝાતી હતી ને વેલીંગ્ટનના નામાંકિત ગાયનેકોલોજીસ્ટ ડૉ. નાગરીની ક્લીનીક ભણી ટેક્સીને દોડાવી હતી.

આછા પવનના ફરફરાટથી તેનું મન દગ્ધ અવસ્થામાં પણ પ્રસન્ન થવા લાગ્યું. ડૉ.નાગરી નામ ઉપરથી તો ઈન્ડિયન લાગ્યા. આવી અટક તો વોરાની જાતમાં પણ હોય. કોણ હશે ?

ત્યાં ટેક્સી અટકી, દરિયાની સામે જ રસ્તાની પેલે પાર, આલિશાન મકાનમાં, નીચે જ ક્લિનિક હતી. અદ્યતન રીતે શણગારેલી હતી. પ્રવેશતાં જ આછા સંગીતના સૂરોથી મનને રાહત થઈ. નાના પ્લાન્ટ્સ ને રંગબેરંગી ફૂલોનાં કુંડાથી સુશોભિત હતી. બેસવા માટે આરામદાયી ખુરશીઓ હતી.

પ્રવેશતાં જ પોતાનું નામ એપોઈન્ટમેન્ટ પ્રમાણે બોલાતાં કેબીનમાં પ્રવેશી, ડૉ. નાગરી પ્રૌઢ, આધેડ, સપ્રમાણ દેહવાળા, ખુરશીમાં બેઠા હતા. આયેશાએ બુરખો કાઢી ખીંટીએ ટાંગ્યો. માથેથી ચદ્દર કાઢી. ડૉક્ટર નાગરીની આ પહેલી મુલાકાત હતી. આયેશાનો બુરખો ને ચદ્દર જોઈ ઉર્દૂમાં જ તેમનું નામ પૂછ્યું. આયેશાને જાણે ઉર્દૂ ને એરેબીક ભાષા ધરતાં લાગ્યાં.

'શું નામ તમારું ?'

'આયેશા બેગમ.'

'ન્યૂઝીલેન્ડનાં વતની છો ?'

આયેશા મૂંઝવણથી તાકી રહી. પછી આસ્તેથી બોલી,' મૂળ ઝાંઝીબાર-જંગબારની- પણ ઈરાક- લંડન- ને અત્યારે અહીં.'

'અરે ઝાંઝીબારનાં છો ? મારો જન્મ ઝાંઝીબારમાં પણ બચપણ ટાંગાનિકાના ટાંગા બંદરે વીત્યું. ઈન્ડિયન - વોરા કોમનો છું.'

પોતાના વતનના માણસને મળી કેટલો આનંદ થાય !

બરાબર ચેકઅપ કરી, દવાઓ આપી, ડૉક્ટરને પેશન્ટ વચ્ચે જાણે આત્મીયતા સ્થપાઈ. ડૉ.નાગરી વર્ષોથી ન્યૂઝીલેન્ડમાં સ્થાયી થયા હતા. નામ મોટું, પ્રેક્ટીસ ખૂબ સારી. ઝાંઝીબાર-ટાંગાની વાતો કરી, આનંદથી એ કેબીનની બહાર નીકળી. મન શાંત હતું. ક્યાંથી ક્યાં ઓળખાણ નીકળી પડે છે તેવો વિચાર કરતાં, ક્લિનિકની બહાર જવાનું દ્વાર ખોલ્યું ને આવનાર વ્યક્તિને જોઈ, ચમકી, તુરત બુરખાના નકાબથી મોં ઢાંકી દીધું. પેલી વ્યક્તિ પણ તેને તાકી રહી. કોઈ ઓળખાણની અણસાર આટલા વરસો પછી તેને આવી હશે? એવું વિચારી, સડસડાટ , ક્લિનિકના પગથિયા ઉતરી, રસ્તો પાર કરી દરિયા કિનારે બાંધેલી પગથી પરના બેંચ પર બેસી પડી. પારેવડાની જેમ દેહ થરથર કંપી રહ્યો. હૃદયનો ફફડાટ સહન ન થતાં હાથથી હૃદયને ચાંપી રહી.

'એ જ, એ જ હતા ! ખરેખર ? કંઈ ભૂલ તો નહીં થતી હોય ને ? બસરાથી અહીં શું કરવા આવ્યા હશે ? એક જ ઝલકમાં દેખાયું મોં પર વૃધ્ધાવસ્થાની લકીરો ખેંચાયેલી હતી. અને ... અને આયેશા જાણે અતીતની પાંખે ચડી...

*** *** ***

ઝાંઝીબાર- જંગબાર - નાનો રળિયામણો ટાપુ. અરબી સમુદ્રમાં આવેલો. કેન્યા દેશના મોમ્બાસા બંદર ને ટાંગાનિકાના દારેસલામ બંદરની વચ્ચોવચ્ચ આવેલો ટાપુ ! ઓમાનના સુલતાને જંગબારને પચાવી પાડેલો. સાથે ઓમાનથી આરબો લેતો આવેલો. ને લાવેલો લવિંગ. ખેતરો પથરાઈ ગયાં લવિંગના પાકથી. પણ ક્રમે તો લગાડ્યાં બિચારાં રાંક આફ્રિકન સ્ત્રી પુરુષોને. આરબોનો કડપ બહુ. રડ્યા ખડ્યા ઈન્ડિયન વેપારીઓ વેપાર અર્થે જંગબારમાં વસેલા. લોહાણા રામજી લધા દલાલની પેઢી ખૂબ જાણીતી. ઉદાર ને મદદકર્તા. અને જે આફ્રિકનો ખેતરોમાં સુલતાનનું કામ ન કરતા તેમાંથી અર્ધા ગુલામો તરીકે પકડાઈ જતા. ઈરાકમાં બસરા શહેરમાં ગુલામોનો વેપાર ફૂલ્યો ફાલ્યો હતો. આફ્રિકનો ઊંચા ને તગડા. બહુ માંગ હતી તેઓની. અને તેમાંય સુલતાનનો ક્રૂર બંધો જમણો હાથ જેવો મન્સુર ગુલામો પકડવામાં મશહૂર હતો.

ત્યાં તો ભાગો, ભાગો, મન્સુર તેના સાગરિતો સાથે આવે છે એવી બૂમ પડી. ફટાફટ બજાર બંધ થવા લાગી. આફ્રિકનોને સંતાવા જેવી જગ્યા મળી ત્યાં સંતાવા લાગ્યા. સ્કૂલ હજી હમણાં જ પૂરી થઈ હતી. કિશોર- કિશોરીઓ આનંદથી ઘરે જવા પગપાળા નીકળ્યાં હતાં. જંગબારની સાંકડી નાની નાની ગલીઓથી હતી. જાણે અમદાવાદની પોળો જ જોઈ લ્યો ! આયેશા પંદર વરસની કિશોરી. આરબ પિતા ને આફ્રિકન માતાથી થયેલ. પણ બાપની જેમ ગોરી ગોરી ને સોનેરી ઝુલ્ફાંવાળી હતી. આફ્રિકન માતાનું નાક જ વારસામાં મળેલું. આનંદથી ફૂટપાથ પર રમતી જઈ રહી હતી. બૂમ સાંભળી દોડી. સામે જ રામજી લધા દલાલની પેઢી. દોડીને તેમાં જવા માટે પણ બે સેકન્ડ મોડી પડી. પેઢીના દરવાજા બંધ થઈ ગયા. હવે ક્યાંય જવાનો આરો નહોતો, ને ત્યાં તો બાજ જેમ પારેવાં પર હુમલો કરે તેમ મન્સૂરનો ઘોડો નજદીક આવી ગયો ને તરાપ મારી આયેશાને ઉઠાવી લીધી. આયેશા તો એવી હેબતાઈ ગઈ કે તે અવાચક થઈ જતાં બૂમ પણ ન પાડી શકી, પાડે તો

સાંભળે કોણ ? તેને તો સમજ પણ ન પડી કે આ શું થઇ રહ્યું છે ! જેટલા ગુલામો પકડાયાં હતાં તેઓને રાજમહેલની બાજુના મકાનમા રાખવામાં આવ્યાં.

બપોરમાંથી સાંજ ઢળી. બધાના પગમાં બેડીઓ પડી ચૂકી હતી. આયેશાને મા બાપ, ભાઇ ભાંડુઓ યાદ આવવા લાગ્યાં. તેઓ પણ કેટલી ચિંતા કરતા હશે? ત્યાં તો મન્સૂર આવ્યો. ધક્કા મારી બધાને એકઠા કરી, બંધબારણાવાળી વેનમાં ચડાવવામાં આવ્યાં. ને લઇ ગયો બધાને બંદરના ધક્કે. સાંજ ને રાતના અંધારામાં ચડાવી દેવાયાં બધાંને સઢવાળા વહાણમાં, ને ધાઉ- નાના વહાણના ભંડકિયામાં પૂરી દેવામાં આવ્યાં. આયેશાનો ગોરો વર્ણ બાકી પકડેલા આફ્રિકનોથી જુદો જ તરી આવતો હતો. મન્સૂર ખુશ હતો. આજે અતિ કિંમતી શિકાર પકડેલો હતો. સારા દામ ઉપજશે તેથી આનંદિત હતો.

સાત રાત ને સાત દિવસ, હાલકડોલક થતાં વહાણ પહોંચ્યું ઇરાનના અખાતમાં આવેલ ઇરાકના બસરા શહેરમાં. આયેશા અબુધ, યૌવનમાં કદમ માંડતી, રોઇ રોઇ અર્ધી થઇ ગઇ હતી. બધા જ ગુલામોને ખડા કરી દીધા, બસરાની બજારમાં. હાથપગમાં બેડીઓ, સાંકળો જડાઇ. આયેશાને બજારના ચોકમાં ઊભી કરવામાં આવી. આરબ સોદાગરોના મોંમાંથી લાળ પડવા લાગી. ઊંચામાં ઊંચી બોલીથી તેની ખરીદી થઈ. પણ વહાણમાંથી બજારમાં લાવતાં, જે ચાબૂકોનો માર મારેલો તેનાથી વાંસા પર સોળ ઉપડી આવ્યા હતા. લોહી ટપકતું હતું. ખરીદી કરનાર સોદાગર શેખ અબ્દુલ્લા, દિલથી સારો માનવી હતો. આસ્તેથી આયેશાને ચોકના મંચ પરથી ઉતારી ઘેર લઇ ગયો. લગભગ પીસ્તાલીસની ઉંમરનો હશે.

ઘેર જઇ, આયેશાની સારવાર કરાઇ. સોળ રૂઝાતા, ઘરકામ સોંપવામાં આવ્યું. આયેશામાં આવડત હતી. સોદાગરની બેગમ તેનું અથોગ રૂપ જોઇ, ઇર્ષ્યાની મારી જલી ઉઠી હતી. તેને ખબર હતી કે ગુલામો કે ગુલામડીઓને છેવટે તો માલિકની ઇચ્છાને આધીન થવું જ પડતું. છ એક મહિના આયેશા પર કોઇ જુલમ ન થયો. પણ એક રાત્રે શેખ અબ્દુલ્લા આવ્યા. શરૂઆતમાં પ્રતિકાર કર્યો, માર ખાધો પછી તો લાચાર આયેશા શું કરે ? ભાગવાનો કોઇ રસ્તો ખબર નહોતો. બધું કોઠે પડવા લાગ્યું. ઘણીવાર માતાપિતા યાદ આવી જતાં. આંખો અશ્રુથી છલકાઇ જતી. બચપણની સાહેલિયો, ભાઇબહેનો યાદ આવી જતાં. કાચી કલી હવે એક ઓરત બની ગઇ હતી. હ્રદય તો ચીસો જ પાડતું કે કોઇ સોદાગર આવે ને છોડાવી લઇ જાય ! આવા વિચારે ઘરની બારીના પડદા ને બારીઓ ઝાપટઝુપટ કરતી હતી ત્યાં નીચે ગલીમાં જાણે કોઇ તેને તાકી રહ્યું હોય તેવું લાગ્યું.

નીચે ગલીમાં નજર નાંખતાં તે પણ સ્તબ્ધ થઇ ગઇ. પહેલી વાર કોઇ પુરુષ– આવો ગોરો, સશક્ત દેહ, આછા બદામી વાળ પવનમાં ઉડી રહ્યા હતા. એકી નજરે તેને નિરખી રહ્યો હતો. નજરો મળતાં તેણે આયેશાને મેડી પરથી નીચે આવવા કહ્યું.

ઘરમાં એ દિવસે કોઇ નહોતું. છતાં બીતાં બીતાં તે નીચે ઉતરી આવી. સદ્દભાગ્યે પેલા અંગ્રેજને એરેબીક આવડતું હતું. થોડી ઘણી વાતો થઇ, મુલાકાતો વધવા લાગી. આયેશામાં એક નવી આશાનો સંચાર થયો. ત્યાં તો એ મહિને તેને માસિક ન આવ્યું. પહેલાં તો તેને થયું, મોડું થયું હશે, પણ પહેલાં ઉબકા ને પછી ઉલટીઓ થતાં તે સમજી ગઇ કે તે સગર્ભા છે. હવે ?

અને સેમ- અંગ્રેજ તો પલાયન થવાનો પ્લાન ઘડીને આવ્યો હતો. આખા શરીરે ચાદર લપેટી, છાનીમાની દાદર ઉતરી, સેમ સાથે તેની કારમાં બેસી ગઇ. રસ્તામાં વાત થઇ કે બંદર ઉપર શેખ અબ્દુલ્લાના ઓળખીતાઓ ઘણા હતા. ભાગી છૂટવાનો એક જ રસ્તો છે. ઇરાકની ઉત્તરે આવેલા કુર્દ લોકોના પ્રદેશમાંથી, પહાડોમાં થઇ ટર્કી, અંકારા કે ઇન્સ્તમ્બુલ પહોંચાય તો છટકી શકાય.

શિયાળો બેસી ગયો હતો. શરીરનાં હાડ ધ્રુજાવે તેવી ઠંડી હતી. સેમે બધી તૈયારી રાખી હતી. પાંચ દિવસે લપાતાં છુપાતાં આયેશા સાથે ઇરાક ને ટર્કીની સરહદ પહોંચી. આયેશા પાસે તો નો'તા પરવાના કે પાસપોર્ટ. શું કરવું ? સેમે તેને હિંમત આપી. પાછલી સીટમાં ટુંટિયું વાળી સુવડાવી ને ઉપર ચાર રજાઇ પગથી માથા સુધી ઓઢાડી, આયેશાને જરા પણ હલનચલન ન કરવાનું કહી સરહદે ચોકી પાસે કાર ઊભી રહી.

સરહદની ચોકીનો ગાર્ડ કારની બાજુમાં આવ્યો. સેમ તુરત કારમાંથી પોતાનો ઇંગ્લેન્ડનો પાસપોર્ટ લઇ ઉતર્યો. ગાર્ડ કાર તરફ આગળ વધતો હતો, તે અટક્યો, છતાંય કારની બારીમાંથી અંદર નજર નાંખી. ઓઢવાની રજાઇઓનો ખડકલો જોયો ત્યાં સેમે પાસપોર્ટ તેના હાથમાં આપ્યો. પાસપોર્ટ ખોલી સ્ટેમ્પ મારવા જતાં વીસ પાઉન્ડની પાંચ નોટો જોઇ, તેની આંખ ચમકી. થપ્પો મારી હસતાં હસતાં કાર જવાની રજા આપી. હાશ ! ટર્કીમાં પ્રવેશ તો થઇ ગયો. એક સારી હોટેલમાં ઉતર્યા ને એ પછી, સેમે લંડન જવાની તૈયારીઓ કરવા માંડી. તેના મિત્રની મદદથી અંકારાના ચર્ચમાં આયેશા સાથે રજીસ્ટર લગન કર્યાં. પછી ગયા બ્રિટિશ એમ્બેસીમાં. આયેશાનો પાસપોર્ટ મેળવ્યો ને ઉપડયા લંડન ભણી.

પણ આયેશાએ ચર્ચમાં જતાં પહેલાં સેમને રોક્યો.

'સેમ ! ચર્ચમાં જતાં પહેલાં તને વાત કરવી છે. નહીં તો અપરાધના ભાવે હું જીવી નહીં શકું.'

'શું વાત છે ?'

'સેમ ! હું સગર્ભા છું..'

'કેટલા મહિના?'

'ત્રણ ઉપર થઇ ગયા.'

'બાળક જોઇએ છે ?'

આયેશા તો સ્તબ્ધ બની જોઇ રહી. ને જંગબારની અબુધ કિશોરી, હવે યૌવના, એબોર્શનમાં શું સમજે ! પણ સેમ તેને ખરા દિલથી ચાહતો હતો.

'વાંધો નહીં. ચિંતા ન કર. એ હવેથી મારું બાળક બનશે.'

લંડનમાં સેમ એંજિનિયર હતો. સારી કંપનીમાં કામ કરતો હતો. બાળક આવતાં, આયેશાની ઇચ્છા મુજબ તેનું નામ ઉમર રાખવામાં આવ્યું. ઉમર વીલ્કીન્સન ! ગોરો ગોરો અને અસ્સલ અંગ્રેજ લાગે. સેમે તેને ખૂબ પ્યાર આપ્યો. આવક સારી હતી. સુખેથી રહેતા હતા. ઉમર હવે તો કોલેજમાં દાખલ થવાનો હતો, પણ એ સમયે લંડનમાં શિયાળો ખતરનાક આવ્યો. સેમને ન્યુમોનિયા થઇ ગયો ને મા દીકરાને નોધારા છોડી તે ચાલ્યો ગયો.

આાયેશાએ સેમની ઇચ્છાને માન આપી ઉમરને પણ એંજિનિયર બનાવ્યો. સેમની કંપનીમાં જ તેને જગ્યા મળી. બે વરસની ટ્રેઇનીંગ લીધી ને ન્યુઝીલેન્ડ તે જ કંપનીની બ્રાન્ચમાં તેની બદલી થઇ. ઉમર આજે સોહામણો અંગ્રેજ જેવો પરણવાલાયક યુવાન થઇ ગયો હતો.

અને હવે ? હવે ? જો એ શેખ અબ્દુલ્લા હોય તો ઉમરને જોઇને... આયેશા અતીતમાંથી ધરતી પર પછડાણી. ઉમરને જુએ તો...તો શેખ અબ્દુલ્લા...

તે કંપી ઉઠી. જિંદગીની આવી ગુલામ અવસ્થામાંથી ગૃહિણી બની, મા બની ને હવે ઉમર જતો રહે તો ?

આયેશા થર થર કંપી ઉઠી. જલ્દીથી પસાર થતી ટેક્સીને રોકી, જલ્દીથી ઘેર આવી.

'અરે ! બેટા ઉમર ! તું વહેલો ઘેર આવી ગયો ? '

'હા ! અમ્મી ! ન્યુઝીલેન્ડમાં પણ શિયાળો ખરાબ હોય છે. અઠવાડિયાથી ઉધરસ મટતી જ નથી. ક્યાંક ન્યુમોનિયા થઇ જાય તો ? ડોકટર પાસે જઇ આવું ? તેથી વહેલો આવ્યો.'

ડોક્ટરનું નામ સાંભળી શેખ અબ્દુલ્લા આયેશાની નજરે તરવરી ઉઠયા. ધ્રુસ્કે ધ્રુસ્કે તે રડી ઉઠી.

છે.નકામી 'અરે ! અરે ! અમ્મી તું રડે છે શું કામ ? હજુ તો ફક્ત ઉધરસ જ ચિંતા કરે છે.'

આયેશાએ દોડીને પુત્રને વળગી પડી. જુવાન પુત્રના પહોળા સીના પર માથું ઢાળી રડી રહી. વહાલથી ઉમરનો હાથ માના વાંસે ફરી રહ્યો ને એકાએક અટકી ગયો. 'અમ્મી ! આ શું ? કપડામાંથી પણ રુઝાઇ ગયેલા સોળ તેને સ્પર્શી ગયા.

'બેટા ! સમયનો એ માર છે. સોળ વરસની ઉંમરે ખાધેલા ચાબુકના માર છે. બસરાની ભરી બજારે ગુલામ તરીકે વેચાઇ તેનો માર છે, દીકરા !'

એક બાજુ ઉમરની આંખમાં માની વેદનાથી અશ્રુઓ આવ્યા ને બીજી બાજુ મનમાં એવો ક્રોધ આવ્યો કે મન્સૂર સામે હોત તો તેનું ગળું દબાવી દેત ! લાગણીઓ કાબૂમાં લઇ તે બોલ્યો,' અમ્મી ! એનું શું છે ? ગુલામીની પ્રથા તો દુનિયા આખીમાંથી નાબૂદ થઇ છે. હવે કોઇની મગદૂર છે કે તને મારી પાસેથી લઇ જાય ?'

'બેટા ! તારા પિતા મળી જાય તો ?'

'અમ્મી! મારે એક જ પિતા હતા. સેમ વીલ્કીન્સન ! બીજું કોઇ નહીં ! ઓકે ! હવે હું જાઉં. મોડો પડીશ.'

આયેશા ઉમરને જતો જોઇ રહી.' હે ખુદા પોતાની ધારણા ખોટી પડે ! એ વ્યક્તિ શેખ અબ્દુલ્લા ન નીકળે !'

પણ ડોક્ટરની ક્લીનીકના દરવાજામાં જ ઉમર બહાર આવનાર વ્યક્તિને જોઇ થીજી ગયો. એ વ્યક્તિ પણ ઉમરને જોઇ રહી ને પછી અનાયાસે તેનાથી બોલાઇ ગયું, 'બેટા !'

જેને ખૂબ ધિક્કાર કરતો હતો તેને 'બેટા' બોલતાં સાંભળી ઉમરનું હ્રદય દ્રવી ગયું. આંખમાંથી સ્નેહનો સાગર છલકાયો. પણ એ છાલકમાં માંનો વ્યથાભર્યો, વેદનાભર્યો ચહેરો ઉપસી આવતાં અશ્રુઓ પાછા ધકેલી હોઠ ભીડી, વ્યક્તિની બાજુમાંથી પસાર થઇ ડોકટરની કેબીન તરફ આગળ વધ્યો.

શેખ અબ્દુલ્લાની નજર તેની પીઠ પાછળ લંબાઇને બંધ થતાં દરવાજા સાથે અફળાઇ.

હવે ચોંકવાનો વારો ડો.નાગરીનો આવ્યો. તેમણે ઘડીભર નજર કેબીનના દરવાજા તરફ ફેંકીને પછી તેમની નજર ઉમરના ચહેરા પર ઠરી, ને વિચારી રહ્યા: જાણે બહાર જનાર વ્યક્તિની પ્રતિકૃતિ ! આવું હોઇ શકે ? બે ચહેરામાં આટલું બધું સામ્ય હોઇ શકે ?

* * *

(6291 Rock Creek Circle, ELLENTON, Florida– 34222, U.S.A.)

# ગુજરાતી સાહિત્ય અકાદમી : ૩૦મી સભા

## મહામંત્રીનો વાર્ષિક અહેવાલ :

*ઉન્હીં કો હમ જહાં મેં રહબરે-કામિલ સમઝતે હૈં*
*જો હસ્તી કો સફર ઔર કબ્ર કો મંઝિલ સમઝતે હૈં*

- બર્ક

મનીષ મોદીની વેબસાઈટ પરે, હાલમાં, શાયર બર્કનો આ એક શેર તરતો નજરે પડ્યો છે. તેનો માઈનો છે : *જિંદગીની યાત્રામાં હું તેને જ માર્ગદર્શક ગણું છું જે યાત્રાને હયાતી સમજે છે અને મૃત્યુને આખરી મુકામ જાણે છે.*

વારુ, પોપટલાલ જરીવાળાને નામે એક અવતરણ ટંકાતું આવ્યું છે : '*ગુજરાતી સાહિત્ય અકાદમી ફક્ત સંસ્થા જ નથી; એ એક વિચાર છે. એ એક આંદોલન છે. એના કાફલામાં આજ સુધી અનેક લોકો આવ્યાં કર્યાં છે, જોડાયાં છે; અને બીજી વણઝારમાં બને છે તેમ આ આંદોલનમાં જોડનારાંઓમાંથી વળી કેટલાંક મુકામ આવ્યે પોતાના મારગે પડ્યાં છે.*'

આ ત્રણત્રણ દાયકા જેવડા પટમાં પથરાયેલી આ વણઝારમાં, પ્રભાશંકર સી. દવે, દોલત દેસાઈ, હીરાલાલ શાહ, જિતેન્દ્ર ધ્રુવ, કુસુમ શાહ, સાકરલાલ સેવક, અરવિંદ જોશી, શિવકુમાર આયર સરીખાં કાર્યવાહકોની પછીતે, હવે, પોપટલાલ જરીવાળાએ ય પોતાના આખરી પડાવે જઈ ચડી આપણને રામરામ કર્યા છે.

*કૌન કહતા હૈ મર ગયે યે લોગ*
*કૌમ કો જિન્દા કર ગયે યે લોગ*

**- અસર લખનવી**

સભાના આરંભે આપણે દરેકને અંજલિ આપી તે દરેક માટે, અમર લખનવીની પેઠે, આપણે ય ઉમાશંકર જોશીની ગમતી અને જાણીતી કવિતામાં જ કહેવાનું છે : '*રહો ન મુજ મૃત્યુનો હરખ માય આ છાતીમાં ...*'

વારુ, આ બુલંદી જોડાજોડ, ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૭ના દિવસે ત્રીસીમાં પ્રવેશેલી આપણી આ અકાદમીનો આ વાર્ષિક અહેવાલ રજૂ કરવાની પરવાનગી લઉં છું.

ગઈ સાલ, શનિવાર ૨૭ મે ૨૦૦૬ના દિવસે ઓગણત્રીસમી વાર્ષિક સામાન્ય સભા મળી હતી અને એ પછીના દરેક મહિને, પહેલાંની જેમ જ, પહેલા શનિવારે વાચક જૂથ અન્વયે 'વાર્તાવર્તુળ', 'ઓટલો' અને 'વાદસંવાદ'ના માસિકી કાર્યક્રમો નિયત ગોઠવણી મુજબ થતા રહ્યા છે. બ્રેન્ટ લાયબ્રેરી સેવાઓના સહકારમાં, આમ તો આ ત્રિવિધ પ્રવૃત્તિ હવે ચારપાંચ સાલથી નિયમિતપણે ચાલતી રહી છે. વરસ દરમિયાન છ વખત 'વાર્તાવર્તુળ' યોજાય છે અને તેનું સંચાલન વલ્લભભાઈ નાંઢા કરે છે. ત્રણ ફેરા 'ઓટલો' મળે છે અને તેનું સંચાલન અનિલભાઈ કાગળવાળા કરે છે. તો બીજી પાસ, 'વાદસંવાદ'નો વારો પણ ત્રણ વખત આવે છે. અને તેનું સંચાલન ભદ્રાબહેન વડગામા કરે છે. ગઈ સાલ દરમિયાન ઇતિહાસકાર રોઝિના વિસરામ, ફોટોગ્રાફર-ચિત્રકાર પીલોમી દેસાઈ અને પશ્ચિમી સંગીતના વિદ્વાન મિલન સચાનિયા સરીખાં તજ્જ્ઞ ગુજરાતીઓ જોડે ચર્ચાસભાનું આયોજન થયું હતું. એ ત્રણેય બેઠકો સફળ અને સરસ રહી હતી.

છેલ્લી સામાન્ય સભા પછી, તે જ દિવસે અને સ્થળે, 'ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યસર્જન' અંગે, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના છેલ્લા કાંદિવલી અધિવેશનના સંદર્ભે જાહેર પરિસંવાદ યોજાયો હતો. પરિસંવાદમાં જગદીશભાઈ દવે, ભદ્રાબહેન વડગામા, નિરંજનાબહેન દેસાઈ, વલ્લભભાઈ નાંઢા તથા વિપુલભાઈ કલ્યાણીએ પોતાની કેફિયતો પેશ કરી હતી.

અને ત્યાર પછી, જાણીતા ગુજરાતી સાહિત્યકાર અને વક્તા ફાધર કાર્લોસ જોસે વૉલેસનો એક જાહેર વાર્તાલાપ આપણે ગોઠવ્યો હતો. એ કાર્યક્રમ ઘણી બધી રીતે પંકાયો હતો. 'માંધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેશન'ના સહકારમાં આ દિવસના ત્રણેય કાર્યક્રમોની ગોઠવણ કરવામાં આવી હતી.

'વાર્તાપઠન - કાવ્યપઠન'નો ભાતીગળ કાર્યક્રમ શનિવાર, ૧૭ જૂન ૨૦૦૬ના દિવસે વેમ્બલીની ઇલિંગ રોડ લાયબ્રેરીમાં ગોઠવાયો હતો. ત્રણ જાણીતા વાર્તાકારો, વલ્લભભાઈ નાંઢાના વાર્તાસંગ્રહ 'પરી ક્યા ચીજ હૈ' તથા રમણભાઈ ડી. પટેલના બંને વાર્તાસંગ્રહો : 'નોટ ફોર સેલ' અને 'ફોર સેલ'માંથી તેમ જ વિનય કવિના વાર્તાસંગ્રહ 'નિર્મોહી'માંથી એકેકી વાર્તાઓનું પઠન કરાયું હતું. જ્યારે કવયિત્રી નિરંજના દેસાઈના કાવ્યસંગ્રહ 'આવતા રહેજો'માંથી તથા દીપક બારડોલીકરના કાવ્યસંગ્રહ 'તડકો, તારો પ્યાર'માંથી ચૂનંદી કૃતિઓનું પઠન કરાયું હતું.

બ્રેન્ટ લાયબ્રેરી સેવાઓના સહકારમાં યોજાયેલા આ અવસરે, ઉષાબહેન મહેતાએ રમણભાઈ પટેલની વાર્તા, 'પણ, હું મા કોને કહીશ ?' વાંચી હતી. અનિલભાઈ કાગળવાળાએ વિનયભાઈ કવિની 'નિર્મોહી' વાર્તાનું પઠન કર્યું હતું. ભદ્રાબહેન વડગામાએ રમણભાઈ પટેલની વાર્તા 'ફોર સેલ' વાંચી હતી તો વ્યોમેશભાઈ જોશીએ વલ્લભભાઈ નાંઢાની 'પરી ક્યા ચીજ હૈ' વાર્તા વાંચી હતી. બીજી પાસ, જગદીશભાઈ દવેએ નિરંજનાબહેન દેસાઈની કાવ્યપ્રસાદી વહેંચી હતી તો અનિલભાઈ વ્યાસે દીપકભાઈ બારડોલીકરનાં કાવ્યોની રસલ્હાણ કરાવી હતી.

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યજગતના જાણીતા વાર્તાકાર વિનય કવિના તાજેતર વાર્તાસંગ્રહ 'નિર્મોહી'ના લોકાર્પણનો કાર્યક્રમ હેરો લાયબ્રેરી સેવાઓના સાથસહકારમાં હેરોસ્થિત ગેયટન લાયબ્રેરીમાં શનિવાર, ૮ જુલાઈ ૨૦૦૬ના દિવસે થયો હતો. પોપટલાલ પંચાલે આ સંગ્રહનું રસદર્શન કરાવ્યું હતું. તે વેળા, વળી, દિવંગત જીવણલાલ કહાનજી બ્રહ્મભટ્ટકૃત નાટ્યસંગ્રહ 'એક મોતી - એક જ્યોતિ'નું પણ લોકાર્પણ થયું હતું. જગદીશ દવેએ નાટ્યકૃતિઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. વરિષ્ટ સાહિત્યકાર કવિ ડાહ્યાભાઈ પટેલ આ અવસરે અતિથિ વિશેષ હતા.

તળ ગુજરાત તથા પૂર્વ આફ્રિકામાં સક્રિય રહેલા નાટ્યકાર - પત્રકાર જીવણલાલ બ્રહ્મભટ્ટના, પિતૃતર્પણરૂપે પ્રકાશિત, આ બંને નાટકોમાંથી કેટલાક અંશોનું જાહેર વાચિકમ્ પણ થયું હતું. અનિલભાઈ વ્યાસ દિગ્દર્શિત આ રજૂઆતમાં અનેકોએ વાચિકમ્‌માં ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે વિનય કવિ પરિવાર દ્વારા દરેકને પ્રીતિભોજન પણ પીરસવામાં આવ્યું હતું.

વિચારપત્ર "ઓપિનિયન"ના સહકારમાં, 'ગુજરાતી લેક્સિકૉન ડૉટ કૉમ'ના સ્વાગતનો તેમ જ તેના રચયિતા રતિલાલભાઈ ચંદરયાનું સન્માન કરવાનો એક જાહેર ઐતિહાસિક કાર્યક્રમ રવિવાર, ૯ જુલાઈ ૨૦૦૬ના દિવસે વેમ્બલીના લંડન રોડ પર આવ્યા 'ફેડરેશન ઑફ પાટીદાર ઍસોસિયેશન્સ'ના નવાનક્કોર પાટીદાર હાઉસના ઑડિટોરિયમમાં યોજાયો હતો. મુંબઈસ્થિત 'મેગનેટ ટેક્નોલોજીસ' તથા 'ઉત્કર્ષ'ના કર્તાહર્તા અશોક કરણિયા આ અવસર સારુ ખાસ મુંબઈથી આવ્યા હતા. 'ચંદરયા ફાઉન્ડેશન' દ્વારા 'ગુજરાતી લેક્સિકૉન'ની પ્રવૃત્તિઓ હવે પછી આ વ્યવસાયી સંસ્થા હેઠળ હાથ ધરાઈ રહી છે. અશોકભાઈએ કમ્પ્યુટરની સહાયથી મોટા પડદા પરે દરેકને આ સી.ડી.ની લાક્ષણિકતા સમજાવી હતી. આ ડિજિટલ સી.ડી.નાં શક્તિસામર્થ્યની જાણકારી પણ આપી હતી.

ભીખુ પારેખ આ અવસરે અતિથિ વિશેષ હતા અને એમણે, પશ્ચિમી જગતમાં પહેલવહેલી વખત, આ ભારે ઐતિહાસિક તેમ જ અદ્વિતીય દેણગીનું જાહેર લોકાર્પણ કર્યું હતું. 'યુનિવર્સિટી કૉલેજ લંડન'ના ઇતિહાસ, તત્ત્વજ્ઞાન અને સંચાર વિજ્ઞાનના પ્રતિષ્ઠિત પ્રાધ્યાપક પ્યારઅલી એમ. રતનશીએ ઇતિહાસની એરણે આ કામની અગત્યતા માંડી આપી હતી. તો બીજી પાસ, 'ગૂજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના રચયિતા અને નિયામક તેમ જ આપણા વરિષ્ટ સાહિત્યકાર ધીરુભાઈ ઠાકરના આશીર્વચન મળ્યા હતાં. આ દરેક ભાષણ, હવે, 'ગુજરાતી લેક્સિકૉન'ની વેબસાઈટ દ્વારા, અહીં આપી વિગતમાહિતી અનુસાર,

ઈન્ટરનેટી માધ્યમથી સાંભળી શકાય છે. આ ખુદ એક અભૂતપૂર્વ ઘટના છે અને પરિણામસ્વરૂપ, અકાદમીને, વધુ એક વાર, ઐતિહાસિક પરિમાણ સાંપડે છે.

ઈન્ટરનેટના માધ્યમે, 'યુટ્યુબ'ની વેબસાઈટ પરે, આ કાર્યક્રમનાં લગભગ તમામ ભાષણો હવે જોઈ-સાંભળી-માણી શકાય છે. પ્યારઅલી રતનશીનાં અંગ્રેજી પ્રવચન ત્રણ ભાગમાં આ સરનામે ભાળી શકાય છે : Prof Rattanshi's Speech - part 1 :http://www.youtube.com/watch?v=yaC-pmSTUS4, Prof Rattanshis Speech - part 2 : http://www.youtube.com/watch?v=H6Cw_H4eP7o તેમ જ Prof Rattanshis Speech - part 3 : http://www.youtube.com/watch?v=OUEB1iiYITM. રતિલાલભાઈ ચંદરયાનું પ્રવચન ચાર ભાગમાં અપાયું છે : Shri R P Chandaria's Speech - Part 1 : http://www.youtube.com/watch?v=BUPDHW88Wig, Shri R P Chandaria's Speech - Part 2 : http://www.youtube.com/watch?v=ghUfLyByAeg, Shri R P Chandaria's Speech - Part 3 :http://www.youtube.com/watch?v=e6R3mTPLU1o તેમ જ Shri R P Chandaria's Speech - Part 4 : http://www.youtube.com/watch?v=dCmN8hoNqWI. ભીખુ પારેખનું વક્તવ્ય સાત ભાગમાં પથરાયું છે અને તે આ મુજબ જોવા સાંભળવા સાંપડે છે. Lord Bhikhu Parekh's Speech - Part 1 : http://www.youtube.com/watch?v=35ju4B-chcM, Lord Bhikhu Parekh's Speech - Part 2 : http://www.youtube.com/watch?v=ipcjCY5BRtU, Lord Bhikhu Parekh's Speech - Part 3 : http://www.youtube.com/watch?v=9tXllWH5wAM, Lord Bhikhu Parekh's Speech - Part 4 : http://www.youtube.com/watch?v=C9bSaFLm8kQ, Lord Bhikhu Parekh's Speech - Part 5 : http://www.youtube.com/watch?v=8KEDVOKzgdU, Lord Bhikhu Parekh's Speech - Part 6 : http://www.youtube.com/watch?v=3hsL3fhWiCo તેમ જ Lord Bhikhu Parekh's Speech - Part 7 : http://www.youtube.com/watch?v=Za3yjymCNH4. અકાદમી પ્રમુખ વલ્લભભાઈ નાંઢાનું સ્વાગત પ્રવચન બે ભાગમાં છે. Shri Vallabh Nandha's Speech - Part 1: http://www.youtube.com/watch?v=NTxu7KCGEyA તેમ જ Shri Vallabh Nandha's Speech - Part 2 : http://www.youtube.com/watch?v=JvFjhAApEaA જ્યારે 'ગુજરાતી વિશ્વકોશ'ના રચયિતા અને વિદ્વાન સાહિત્યકાર ધીરુભાઈ ઠાકરનું વ્યાખ્યાન બે ભાગમાં સાંભળવા મળે છે. Dr. Dhirubhai Thaker's Speech - Part 1: http://www.youtube.com/watch?v=sNKIyerC6FI તેમ જ Dr. Dhirubhai Thaker's Speech - Part 2: http://www.youtube.com/watch?v=Co707s7t8no.

વળી, આ અવસરે રતિલાલભાઈ ચંદરયાને પરંપરાગત સાફો પહેરાવીને ગૌરવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમૂળા કાર્યક્રમના સભાપતિસ્થાને અકાદમી પ્રમુખ વલ્લભભાઈ નાંઢા હતા. જ્યારે "ઓપિનિયન" તથા તેનાં વાચકો વતી ભદ્રાબહેન વડગામાએ આભારદર્શન કર્યું હતું. વિપુલ કલ્યાણીએ કાર્યક્રમનું સુપેરે સંચાલન કર્યું હતું. અવસરને અંતે દરેકને કાઠિયાવાડી ભોજન પણ પીરસાયું હતું.

આપણા જાણીતા વાર્તાકાર વલ્લભભાઈ નાંઢાના વાર્તાસંગ્રહ 'પરી ક્યા ચીજ હૈ' તેમ જ નવોદિત વાર્તાકાર રમણભાઈ ડી. પટેલના બંને વાર્તાસંગ્રહો : 'નૉટ ફૉર સેલ' તથા 'ફૉર સેલ'ના લોકાર્પણનો કાર્યક્રમ રવિવાર, ૨૩ જુલાઈ ૨૦૦૬ના રોજ પાટીદાર હાઉસમાં સમ્પન્ન થયો હતો. વિનય કવિ, પોપટલાલ પંચાલ અને જગદીશ દવેએ અકેક વાર્તાસંગ્રહનું રસદર્શન કરાવ્યું હતું. 'ભારતીય વિદ્યા ભવન'ના નિયામક નંદકુમાર, ડાહ્યાભાઈ પટેલ, અમૃતભાઈ દેસાઈ તેમ જ ઑસ્ટ્રલિયાસ્થિત લેખક અને "માતૃભાષા" સામયિકના તંત્રી પ્રવીણ વાઘાણીની મહેમાન તરીકે ખાસ ઉપસ્થિતિ હતી. કાર્યક્રમને અંતે દરેકને માટે પ્રીતિભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઈતિહાસકાર દંપતી શિરીન મહેતા તથા મકરન્દ મહેતાનો પડાવ ત્રણેક માસ માટે અહીં ઈંગ્લૅન્ડમાં રહ્યો અને તેનું યજમાનપદ અકાદમી ઉપરાંત વિચારપત્ર "ઓપિનિયન" તેમ જ 'ચંદરયા ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવ્યું હતું. 'ગુજરાતી ડાયસ્પોરા ઈન બ્રિટન : અ હિસ્ટોરિક ઍન્ડ કન્ટેમ્પોરરી પરસ્પેક્ટિવ' વિષય પરત્વે મુલાકાતો અને સંશોધન આધારિત પુસ્તક તૈયાર કરવાની એક યોજના રહી હતી. આ બહુ જ મોટા ગજાનું કામ હતું. અને તેનો સમયગાળો વળી નાનો નહોતો. બીજી પાસ, વ્યવસ્થાનો કાર્યભાર હળવો ય નહતો. સતત ચારેક માસની ક્ષમતા, કર્મણ્યતા અને વ્યવસ્થા તેમાં અનુભવવી પડી છે.

રતિલાલ ચંદરયા, વલ્લભભાઈ નાંઢા, ભદ્રાબહેન વડગામા, લાલજીભાઈ ભંડેરી, મનસુખભાઈ શાહ, રોહિતભાઈ બારોટ તેમ જ વિપુલભાઈ કલ્યાણીની બનેલી સમિતિએ આ યોજનાને ચરિતાર્થ કરવાનું રાખ્યું હતું. અને ભદ્રાબહેન વડગામા, મનસુખભાઈ શાહ તેમ જ વિપુલભાઈ કલ્યાણીની ત્રિપુટીએ આ સમૂળા કામને સારુ તનથી, મનથી સતત તરબોળ રહીને કામને યારી આપે એવી ગોઠવણો કરી હતી. વળી ચંપાબહેન પટેલ યજમાન હતાં. એમણે પણ આ કામોને સારુ યથાર્થ યોગદાન આપ્યું હતું.

૨૦ જુલાઈએ બ્રિટન આવેલું આ દંપતી લાગલા કામે વળગી શકે, તેને ધ્યાનમાં લઈને શનિવાર, ૨૨ જુલાઈ ૨૦૦૬ના દિવસે સાંજે માંધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી એસોસિયેશનના સભાખંડમાં, એક જોડિયા પરિસંવાદની ગોઠવણ કરવામાં આવી હતી. મનસુખભાઈ શાહ, ભદ્રાબહેન વડગામા તેમ જ વિપુલભાઈ કલ્યાણીએ માંડણી કરી આપી હતી. અનેક લોકોએ ચર્ચામાં ભાગ લીધો હતો. અને છેવટે શિરીનબહેન મહેતા તથા મકરન્દભાઈ મહેતાએ ચર્ચામાંથી હાથ લાગ્યા મોતી અંકે કરીને પોતાની મકસદ બાબતની રજૂઆત કરી હતી.

એમનાં દેશભરના પ્રવાસો, મુલાકાતો અને સંશોધનકામોને અંતે, રતિલાલભાઈ ચંદરયાની હાજરીમાં રવિવાર, ૧ ઑક્ટોબર ૨૦૦૬ના દિવસે એક આખા દિવસના પરિસંવાદની, બ્રેન્ટ લાયબ્રેરી સેવાઓના સહકારમાં, બ્રેન્ટ ટાઉન હૉલના કમિટી રૂમ્સ ૧-૨-૩માં, આયોજના કરવામાં આવી હતી. તેમાં અનેક આમંત્રિત લોકોએ ભાગ લીધો હતો અને રસપ્રદ રજૂઆતો ય થઈ હતી. કાયક્રમને અંતે ભોજન પણ પીરસાયું હતું.

આ સમૂળા પ્રકલ્પ માટે £5,443.24 જેટલો ખર્ચ થયો હતો. આવડા ગંજાવર આ કામને સારુ અકાદમીને શિરે માંડ £572.24ની જ જવાબદારીઓ આવી હતી. આ પ્રકલ્પના ખર્ચની તેમ જ પ્રાથમિક હેવાલની વિગતમાહિતીઓ ૬ નવેમ્બર ૨૦૦૬ના પરિપત્રમાં આપવામાં આવી હતી. તે દરેકને સાંભરતું જ હશે.

જાણીતા કવિ અને રાજકોટસ્થિત ભારતીય દૂરદર્શનના નિયામક શૈલેષ ટેવાણી સાથેની એક બેઠક શનિવાર, ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૬ના દિવસે ઈલિંગ રોડ લાયબ્રેરીમાં ગોઠવવામાં આવી હતી. એમણે ભક્ત કવિ નરસિંહ મહેતાની જગજાણીતી કૃતિને કેન્દ્રમાં રાખીને પોતાની કેફિયત રજૂ કરી હતી.

ગુજરાતી સાહિત્યના એક શિરમોર કવિ, વિવેચક અને નિબંધકાર અનિલ જોશી સાથેની એક સભર સભર બેઠક થઈ શનિવાર, ૨ ડિસેમ્બર ૨૦૦૬ના દિવસે. બ્રેન્ટ ટાઉન હોલ લાયબ્રેરીમાં યોજાઈ આ બેઠકમાં લોકો હતા, કવિ હતા અને કવિતા ય હતી. એ વચ્ચે કવિની સોજ્જી આર્ષવાણી ય હતી. આખરે શ્રોતા ય તરબતર હતાં.

દિલ્હીસ્થિત ગુજરાતી કવિ અને વિચારક દેવકુમાર ત્રિવેદી સાથેની એક બેઠક શનિવાર, ૩ માર્ચ ૨૦૦૭ના દિવસે બ્રેન્ટ ટાઉન હૉલના કાઉન્સિલ ચેમ્બરમાં થઈ હતી. કવિએ પોતાની એકમેકથી ચડિયાતી કવિતાઓની પેશગી કરી હતી. વચ્ચે રાગરાગિણી સાથે ય રજૂઆત પણ હતી. કવિ ખીલ્યા હતા અને શ્રોતા ય ભારે રાજી હતાં.

શનિવાર ૯ જૂન ૨૦૦૭ની સાંજ હતી. હૈયું ભાર અનુભવતું હતું. અને તે વચ્ચે અકાદમીએ માંધાતા યૂથ એન્ડ કમ્યુનિટી એસોસિયેશનના સહકારમાં દિવંગત પૂર્વ પ્રમુખ પોપટલાલ શિવલાલ જરીવાળાની સ્મૃતિઓ ઝંકૃત કરી હતી. વલ્લભભાઈ નાંઢા, લાલજીભાઈ ભંડેરી, સુષમાબહેન સંઘવી, કપિલભાઈ જરીવાળા તેમ જ વિપુલભાઈ કલ્યાણીએ સ્મરણોની પાંખે પોપટલાલભાઈ સાથેના વિધવિધ અનુભવોની સરસ રજૂઆતો કરી હતી.

ડાયસ્પોરાના ગુજરાતી કવિલેખકોએ મુખ્ય પ્રવાહના ગુજરાતીને મજબૂત કરવામાં અનેક પ્રયોગ કર્યા છે. એમાં કેટલાંક નક્કર કામો ય જોવા સાંપડે છે. આવું એક કામ એટલે રમણીકલાલ કાશીનાથ ભટ્ટનું વિશાળકાય વેદપુસ્તક - 'ચતુર્વેદ'. ચારેય વેદનો તેમાં અર્ક છે અને તે ય પાછો ગુજરાતીમાં અનુવાદ રૂપે છે. આવું કામ કદાચ મુખ્ય પ્રવાહમાં ય થયું જાણ્યું નથી. આ ભાતીગળ કામનું લોકાર્પણ કરવાનો એક અવસર બ્રેન્ટ લાયબ્રેરી સેવાઓના સહકારમાં, બ્રેન્ટ ટાઉન હૉલ લાયબ્રેરીમાં, શનિવાર, ૧૬ જૂન ૨૦૦૭ના દિવસે સમ્પન્ન થયો હતો. ભારતીય વિદ્યા ભવનના નિયામક નંદકુમાર મુખ્ય અતિથિ હતા. તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા અને જાણીતા સાહિત્યકાર બળવંત જાનીનું અતિથિ પ્રવચન પણ હતું. લગભગ દરેકને સરળતાએ સમજણ પડી રહે તેવી પણ ઉદાત્ત સંસ્કૃતમાં નંદકુમારજીએ પોતાના વ્યાખ્યાનમાં માંડણી કરી ત્યારે ભારે પવિત્રતાની ઝાંખી અનુભવાતી હતી.

આપણા વરિષ્ટ લેખક રજનીકાન્ત જે. મહેતાનું સૂચન હતું : વિલાયતમાં વસતાં ગુજરાતી ડાયસ્પોરિક લેખકગણનાં પ્રગટ પુસ્તકોનું એક પ્રદર્શન કરવું અને શક્ય હોય તો તેમાં જે તે પુસ્તકોનું વેચાણ પણ કરવાની વ્યવસ્થા કરવી. બ્રેન્ટ લાયબ્રેરી સર્વિસીસના સહકારમાં, બ્રેન્ટ કાઉન્સિલના મુખ્ય ચેમ્બર હૉલમાં, એક પુસ્તક મેળાનું આપણે શનિવાર, ૭ જુલાઈ ૨૦૦૭ના દિવસે આયોજન કર્યું હતું. પહેલો જ અનુભવ હતો. અનેકવિધ નબળાઈઓ ય હતી. છતાં દેશભરના ચાળીસેક ઉપરાંત લેખકો પ્રદર્શનમાં ભાગ લેવાનું આમંત્રણ પાઠવાયું હતું. વાસ્તવમાં, કુલ મળી ૨૦ લેખકોનાં પુસ્તકોનું પ્રદર્શન આપણે કરી શક્યા હતા. વલ્લભભાઈ નાંઢા, નિરંજનાબહેન દેસાઈ, જગદીશભાઈ દવે, રજનીકાન્તભાઈ મહેતા, રમણભાઈ ડી. પટેલ, રામુભાઈ મટવાડકર, દોલતભાઈ મહેતા, રમણીકલાલભાઈ કા. ભટ્ટ, અરવિંદભાઈ જોશી, રમેશભાઈ પટેલ 'પ્રેમોર્મિ', કુસુમબહેન પોપટ, નિતિનભાઈ મહેતા, નૂરબાનુબહેન - મોઈનુદ્દીનભાઈ મનીઆર, વિનયભાઈ કવિ, ડાહ્યાભાઈ પટેલ, પોપટલાલ પંચાલ તેમ જ પ્રવીણભાઈ કે. મહેતાનો તેમાં સમાવેશ થતો હતો. બળવંત જાનીએ આ પ્રદર્શનનો મર્મ સમજાવીને તેને જાહેર ખુલ્લું મૂક્યું હતું. કાર્યક્રમને અંતે નિરંજનાબહેન દેસાઈ, રજનીકાન્તભાઈ જે. મહેતા તેમ જ વલ્લભભાઈ નાંઢાએ સ્વકૃતિનું પઠન કર્યું હતું.

રમણીકલાલ કાશીનાથ ભટ્ટ જેને 'નાગા બાવાના ગામમાં ધોબી શું કરે ?' કહી નવાજે છે, તેવા આ પ્રદર્શનમાં લેખકોએ એકબીજાંનાં પુસ્તકો જોવા તપાસવાની પણ ઝાઝી ચિંતા સેવી નહોતી. રમણીકભાઈ ભટ્ટ તો કહેતા જ રહ્યા : 'કાગડો કાગડાની માટી ન ખાય !' દોઢબે દાયકાઓ પહેલાં, ગુજરાતી ભણાવતાં શિક્ષકોમાં પણ લગભગ આવી જ પરિસ્થિતિ અનુભવવા મળતી હતી. અમુક વરસોનાં આદાનપ્રદાનને કારણે તથા પરીક્ષાઓનાં આયોજનને કારણે આ છોછ હવે તૂટ્યો છે. આ લેખકગણનું પણ તેવું હોઈ શકે છે. એ છોછ તોડવાનું આ એક પહેલું ચરણ હતું. વામનનું આ પગલું એક દહાડો વિરાટરૂપ ધારણ કરે તેમ ઇચ્છીએ. એ દિવસે મન મૂકીને લેખકગણ એકબીજાંનાં પુસ્તકો હોંશેહોંશે જૂએ અને ખરીદે તેમ થાય, તેવા ઓરતા જરૂર સેવીએ છીએ !

અને આ રસબસતા વરસનો છેલ્લો કાર્યક્રમ એટલે શનિવાર, ૪ ઑગસ્ટ ૨૦૦૭ના દિવસે મળતી આજની આ ત્રીસમી વાર્ષિક સામાન્ય સભા.

બ્રિટિશ લાયબ્રેરીના દફતર સંગ્રહાલયમાં (archives) અકાદમીનાં સઘળાં પ્રકાશનો જમે કરાવવાની ઔપચારિક વિધિ હવે સાંગોપાંગ પાર પડી છે, તેમ, હવે, જણાવતાં અમે આનંદ અનુભવીએ છીએ.

વળી, આ દેશની જાહેર લાયબ્રેરીઓમાં વાંચવા લઈ જવામાં આવતાં પુસ્તકોના ઉપયોગ પેટે ચૂકવણી માટે ડાયસ્પોરિક ગુજરાતી કવિલેખકોના હક માટેની વિગતો મેળવવીને જે તે કવિલેખકોને માહિતગાર રાખવાનું પણ કામ આપણી આ સંસ્થાએ અબીહાલ આટોપ્યું છે. આપણાં કવિલેખકોને પોતાના અધિકારો માટે જાગૃત રાખવાનું આથી વધુ ઉજળું પરિબળ, ભલા, કયું હોઈ શકે ?

રતિલાલભાઈ ચંદરયાએ દીધા 'ગુજરાતી લેક્સિકૉન'ના મહાકાય કામની સી.ડી.નું ભેટ વિતરણકામ કરવાનું હવે વિચારાયું છે. ચંદરયા ફાઉન્ડેશન, ગુજરાતી લેક્સિકૉન તથા વિચારપત્ર "ઓપિનિયન" દ્વારા બ્રિટન ભરમાં આ સી.ડી. વિનામૂલ્યે વિતરણ થઈ રહી છે. તમે ગુજરાતીનાં શિક્ષક હો, ગુજરાતી ભાષાસાહિત્યનાં પીંડ સાથે કામ પાડતાં હો, જાહેર પુસ્તકાલયો તથા વાંચનાલયોમાં ગ્રંથપાલની ફરજ બજાવતાં હો તો તમે આ સી.ડી. વિના મૂલ્યે મેળવી શકશો. અલબત્ત, કમ્પ્યૂટરમાં કામ આપે એવી જ આ સી.ડી. છે. જે તે રસિક વ્યક્તિએ પોતાનાં નામઠામની વિગતો ઉપરાંત પોતે કયો ઉપક્રમ કરે છે, તેની જરૂરી વિગતો આપવી જરૂરી રહેશે. A5 કદના, પોતાનાં નામઠામ દર્શાવતાં, તેમ જ ટપાલખર્ચને સારુ, 'ફર્સ્ટ' (£0.34) કે 'સેકન્ડ' (£0.24) ક્લાસની ડાકટિકિટ લગાડેલું પરબીડિયું, વિપુલ કલ્યાણીનાં સરનામે, મોકલવાનું રહેશે. સી.ડી. સિલકમાં હશે ત્યાં સુધી વિતરિત થશે અને વળી, વ્યક્તિદીઠ એક જ સી.ડી. આપવામાં આવશે. ગુજરાતી ભાષાના પ્રચારાર્થે થતાં આ કામને અકાદમીની પણ પુષ્ટિ છે.

મારા એક પરિચિત પ્રિય કવિ છે નાથાલાલ દવે. આ દિવંગત કવિમિત્રને નામ 'પિયા બિન' નામે એક કાવ્યસંગ્રહ પણ છે. એમણે 'હિસાબ' નામે ચાર પંક્તિનું મજાનું એક કાવ્ય અહીં દીધું છે :

*માંડ્યો દીર્ઘ હિસાબ, ના અનુમતિ આપે વડીલો કદી,*
*મિત્રો શું કહેશે, સમાજ કરશે નિંદા વળી આપણી,*
*થાશે આર્થિક ગેરલાભ, તજશે જ્ઞાતિ, વિચાર્યું ઘણું,*
*પામ્યો હોત તને અહો પ્રિયતમે ! હા એ જ મેં ના ગણ્યું.*

જાણું છું કે આવા કોઈ હિસાબની વાત આપણા ખજાનચી લાલજીભાઈ ભંડેરીએ આ પહેલાં કરી જ નહોતી. એમણે તો નર્યો નફાતોટાનો હિસાબ રજૂ કરેલો છે. વર્ષ દરમિયાન, £9,947ની આવક સામે £5,248ની જાવક હતી, અને તેથી કુલ £4,699ની પુરાંત થઈ છે. અને વર્ષને અંતે, ગુજરાત સાહિત્ય અકાદમીને ચોપડે, £47,414ની સિલક જમે છે. તેમાંથી મકાન ભંડોળ પેટે જ £41,380 જમા બોલે છે.

છેવટે 'જીએલએ પ્રોપર્ટીસ લિ.'ને વીંટી લેવાઈ છે. તેના કુલ ૫૧ શેરહોલ્ડર્સ હતા. તેમાં 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નો મોટો શેર હતો. તે અકાદમીના ભંડોળમાં જમે લેવાયો છે. મોહનભાઈ એસ. વાઢેર, વિપુલ કલ્યાણી, ડી. ડી. રાજા, જ્યોત્સનાબહેન ડી. પટેલ, જયંતભાઈ કે. ઠાકર, પુરુષોતભાઈ ડી. વરુ, જગદીશભાઈ દવેના £11,700 જેટલા શેરોને અકાદમીના દાનમાં આમેજ કરવાની સૂચના હતી. જ્યારે £8,300 જેટલી રકમ શેર હોલ્ડર્સની ઇચ્છા અનુસાર જે તે શેર હોલ્ડર્સને પરત કરવામાં આવી છે. બાકીની રકમને આ સભાને અંતે અકાદમીના ભંડોળમાં આમેજ કરવાની રજા હશે, તેમ અનુમાન કરીએ છીએ.

કવિમિત્ર નાથાલા દવેએ કાવ્યસંગ્રહ 'પિયા બિન'માં એક હાયકુ પણ મૂક્યું છે :

**અકાદમી**

*એક આદમી,*
*બેચાર ડમી,*
*એટલે અકાદમી !*

સન ૧૯૭૮માં પ્રગટ આ પુસ્તકમાં જે અકાદમીનો ઉલ્લેખ થયો છે તે આપણી નહોય; એ નવી દિલ્હીવાળી હશે, તેમ અનુમાન છે. ગાંધીનગરવાળીએ ત્યારે હજુ અજવાળાં ય દીઠાં નહોતા. આપણી આ સંસ્થાને તો ફક્ત બાર માસ જ થયા હતા. ... ખેર !

એક આદમી. આ અકાદમી તેમ જ "ઓપિનિયન" સામયિકનાં દીર્ઘકાલીન આંદોલનને કારણે. હવે. મુખ્ય પ્રવાહમાં ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્યસર્જનનો ગજ હવે વાગવો શરૂ થયો છે. 'ગુજરાતી સાહિત્ય પરિષદે' ય કરવટ બદલી છે. તેના મુખપત્ર "પરબ"ના જૂન માસના અંકમાં 'દરિયાપારના દેશોમાં વસતા ગુજરાતી સાહિત્યસર્જકોને' નામે એક અપીલ પ્રગટ કરવામાં આવી છે. પરિષદની ક. લા. સ્વાધ્યાયપીઠ હેઠળ. અહીંના ડાયસ્પોરિક સર્જકો વિશેની વિષદ વિગતો ય હવે મંગાવાતી થઈ છે. વળી. 'ગુજરાતી સાહિત્યકોશ'ની સંવર્ધિત આવૃત્તિ સારુ પણ ડાયસ્પોરિક સાહિત્યકારોનાં અધિકરણો મેળવાઈ રહ્યાં છે. આ સઘળાંને. વારુ. શું કહીશું ?

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર ૨૦૦૭ના દિવસોમાં ગાંધીનગર મુકામે મળવાનું છે. તે અધિવેશનમાં નારાયણભાઈ દેસાઈને પ્રમુખપદે લાવવાનો આપણો પ્રસ્તાવ હતો. ધીમે ધીમે તેની ચોમેર તરફેણ થઈ અને હવે નારાયણભાઈ દેસાઈ આ અધિવેશનના વરાયેલા પ્રમુખ બન્યા છે. આપણી આવી સક્રિયતાની ક્ષમતા ય ધ્યાનાર્હ બની છે.

કવિ નાથાલાલ દવેનું 'તારા અને પવન' નામે એક લઘુકાવ્ય છેઃ

*વાયુ કહે : "હું વનને ઉખેડું.*
*ને પ્હાડ કેરાં શિખરો ઉડાડું.*
*કંપી રહે સાગરના કિનારા*
*ધ્રૂજી ઊઠે આભ તણા મિનારા.*
*ને એક ફૂંકે પળમાં તમામ*
*મૂકું ઉડાડી નભમાંથી તારા."*
*તારા હસ્યા શાંત મધુર હાસ્ય.*
*હસ્યા કરી. કૈં ન દીધો જવાબ.*

સમજાય છે ને ? ... ... તેજીને ટકોરો જ બસ હોય. ખરું ને ? ... તેમને તો પહેલેથી જ વાંકું. ... અને પછી સ્વાભાવિક આડેધડ જ ઝૂઝ્યા કરે. બીજું. બચાઈડાને. આવડે ય શું ? ! ... કેમ કે. તનના રાજરોગો વચ્ચે મદ. મસ્તર અને તેજોદ્વેષ પણ રાજ કરે. તેથી શું કરીએ ? સ્વભાવ પડ્યો. સોમદેવ સૂરિએ સાચું જ કહ્યું છે : **सदैव दुःसथतिानां को नाम बन्धुः॥** ... પરંતુ. આપણે. આજ લગી. માંદ્યલીકોર પગ ખોડી ને આપણી ગતે જ કામ કીધું છે. આ દેશની બહુ જ ઓછી ગુજરાતી સંસ્થાઓ આપણી સરખામણીએ વહીવટમાં અને કારભારામાં આવી બેસે. પોતાની પછેડી મુજબ સોડ તાણીને જ વહેવાર કીધો છે. અને તેથીજસ્તો. આજે મુસ્તાક બનીને આપણે સંધાય મહાલીએ છીએ.

વર્ષ દરમિયાન. અકાદમીનાં કાર્યકરો વારંવાર મળતાં રહ્યાં છે અને તેનું કારભારું સુપેરે કરતાં રહ્યાં છે. વલ્લભભાઈ નાંઢા. ઘનશ્યામભાઈ પટેલ. રમણભાઈ પટેલને પ્રથમ પહેલાં જ સંભારી લઉં છું. મારે મન એ બ્રહ્મા - વિષ્ણુ અને મહેશ ! એ ત્રિપુટી વાટે જ શ્રી ગણેશની બાજઠ માંડી શકાય. અને એ પછી લાલજીભાઈ ભંડેરી. વિજ્યાબહેન ભંડેરી. ભદ્રાબહેન વડગામા. મનસુખભાઈ શાહ. ચંપાબહેન પટેલ. અનિલભાઈ કાગળવાળા. ઉપેન્દ્રભાઈ ગોર. બાબુભાઈ સિકોત્રા. ચંદ્રકળાબહેન પટેલ ભણી ઓશિંગણભાવ વ્યક્ત કરી લઉં છું. આ બધી નાનીમોટી બેઠકો અને કામગીરી ટાંકણે વિજ્યાબહેને ભંડેરી. કુંજ કલ્યાણી. શશીબહેન પટેલ. પ્રફુલ્લાબહેન કાગળવાળા. ચંપાબહેન પટેલ. દયાબહેન શાહ. શાંતિભાઈ વડગામા. ભારતીબહેને ગોરની મહેમાનગતિ સારુ ય ઓશિંગણભાવ વ્યક્ત કરી લઉં છું. એ દરેકની હુંગના ટેકા વગર. ભલા. આ ગોવર્ધન કેમ કરી ઊંચકી શકાત ? બીજી તરફ. કુન્તલ - કુંજની અસીમ સહાય વિના સરિયામ ઊણો જ ઊતરું.

હિન્દીના સંત કવિ સૂરદાસને ટાંકીને ગઈ સાલ. તેમ જ તેની પહેલાંની સાલથી કહેતો રહ્યો છું : 'અબ મૈં નાચ્યો બહુત ગોપાલ.' આ કારભારું કરતાં કરતાં હવે ત્રણ દાયકાનો સમયગાળો થઈ ગયો છે. મને તો કવિમિત્ર નાથાલાલ દવેની જેમ ગાવાનું મન થયેલું :

*તમે સાથીઓ ! જાઓ આગળ ખુશીથી.*
*હજારો છે રસ્તા. મને થાક લાગે.*
*ઘડી બેસી છાંયે લઉં હું વિસામો.*
*થઈ છે અવસ્થા. હવે થાક લાગે.*

વારુ. કવિ નાથાલાલ દવે. પાછા. 'શિખામણ' પણ આપે છે :

*"ઊઠો હવે હે વડીલો ! આઘા ખસો. જગ્યા કરો !"*
*અધીરી યુવાન પેઢીનો તકાદો આકરો.*
*ગાદીએ જામ્યા બુઝર્ગો ગાય રોકી મંચ આખો.*
*"વિનય શીખો ! શાંતિ રાખો ! ધીરજ રાખો ! શિસ્ત રાખો !"*

કાર્યવાહક સમિતિનાં સભાસદો તેમ જ અધિકારીગણની ચૂંટણીઓ આ સભામાં ય થવાની છે. અકાદમીમાંનાં કારભારી સાથીમિત્રોએ લાંબી મંત્રણા કરી છે અને અમે સાથીદારોએ આ ત્રણ દાયકાના ફળસ્વરૂપ કેટલાંક આખરી કામો આટોપવાનું વિચાર્યું છે. અને તેથી કેટલાંક સાથીદારો સંગાથે હું નિવૃત્તિને એક વધુ સત્ર માટે પાછી ઠેલું છું. આ પાછી પાની સારુ મને ક્ષમા કરજો.

વલ્લભભાઈ નાંઢા પ્રમુખપદેથી નિવૃત્ત થઈ રહ્યા છે. એ આવ્યા ત્યારે લક્ષ્મણરેખા તરીકે બે વરસનો જ વાયદો હતો. પરિસ્થિતિ અનુસાર બેના ચાર વરસ થઈ ગયા. આ વધારાના ચોવીસ માસ વેળા જશવંતીબહેન નાંઢાએ મોટું મન કરી લીધું. તે માટે તેમના પ્રતિ ઋણભાવ જ વ્યક્ત કરું છું. પોપટલાલ જરીવાળાની નિવૃત્તિ પછી એમના પેંગડામાં સાચ્ચેસાચ વલ્લભભાઈ નાંઢાએ પગ ઘાલી બતાવ્યો. સરસ અને સફળ પણ થયા. એ આરપાર પણ નીકળી ગયા. એમના સિવાય. લાંબા ગાળાના સભાસદો નાગેશભાઈ ઓડેદરા. જગદીશભાઈ દવે તેમ જ બિપિનભાઈ શાહ પણ નિવૃત્ત થઈ રહ્યા છે. એ દરેકની સક્રિય સામેલગીરી. કામગીરીની સ-આદર નોંધ લઈને અકાદમીના દરેક સભ્યવતી સહૃદય ઓશિંગણભાવ વ્યક્ત કરું છું. દરેકને ધન્યવાદ હજો.

આગામી વર્ષમાં. અકાદમીના ત્રણ દાયકાઓની સેવાઓને કેન્દ્રસ્થ રાખી ઉચિત ઉજવણી કરવાનું વિચાર્યું છે. વળી. લંડનમાં ગુજરાતીનો આ ડેરાતંબુ વિધવિધ વિપરિત વાવાઝોડામાં કેટલી ઝીંક ઝીલશે ? તેનો થોડેક ક્યાસ કાઢ્યો છે અને તેને ધ્યાનમાં લઈને 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની સંઘરાયેલી સામગ્રીઓને સારવીને સાંચવી લેવાનું પ્રધાનકામ પણ કરવાનું છે. વળી. આપણી આ અકાદમી નબળી. ઢીલી. પોચી. વીર્યહીન. મડદાલ સંસ્થા બની ન બેસે તેમ જ મરવાને વાંકે જીવતર ન હાંકે. તે સારુ પણ સાંગોપાંગ વિચારવાનું છે અને અનુકૂળતા હોય. તો બંધારણ દીધી ૧૩મી કલમ અન્વયે. તેનું ભવિષ્ય પણ ગોઠવવાનું છે. આ અને આવાં કામોને સારુ. આ છેલ્લાં વધુ બે વરસ માટેની. જવાબદારીઓને સારુ તૈયાર રહ્યો છું. ગમે તો સ્વીકારજો.

નાથાલાલ દવેની રસમે જ. આથીજસ્તો. હવે. આખરે. કહીએ :

*રજા ત્યારે હવે દિલબર ! અમારી રાત થઈ પૂરી.*
*મશાલો સાવ બૂઝી. તેલ ખૂટ્યું. વાત થઈ પૂરી.*
*અમારી રાત થઈ પૂરી.*

## ગુજરાતી લેક્સિકૉનની સીડી

રતિલાલભાઈ ચંદરયાએ દીધા આ મહાકાય કામની સીડીનું ભેટ વિતરણકામ કરવાનું હવે વિચારાયું છે. ચંદરયા ફાઉન્ડેશન. ગુજરાતી લેક્સિકૉન ને વિચારપત્ર "ઓપિનિયન" દ્વારા બ્રિટન ભરમાં આ સીડી વિનામૂલ્યે વિતરણ થઈ રહી છે.

તમે ગુજરાતીનાં શિક્ષક હો. ગુજરાતી ભાષાસાહિત્યનાં પીંડ સાથે કામ પાડતાં હો. જાહેર પુસ્તકાલયો તથા વાંચનાલયોમાં ગ્રંથપાલની ફરજ બજાવતાં હો તો તમે આ સીડી વિના મૂલ્યે મેળવી શકશો. અલબત્ત. કમ્પ્યૂટરમાં કામ આપે એવી જ આ સીડી છે.

જે તે રસિક વ્યક્તિએ પોતાનાં નામઠામની વિગતો ઉપરાંત પોતે કયો ઉપક્રમ કરે છે. તેની જરૂરી વિગતો આપવી જરૂરી રહેશે. A5 કદના. પોતાનાં નામઠામ દર્શાવતાં. તેમ જ ટપાલખર્ચને સારુ. 'ફર્સ્ટ' (£0.34) કે 'સેકન્ડ' (£0.24) ક્લાસની ડાકટિકિટ લગાડેલું પરબીડિયું. વિપુલ કલ્યાણીનાં સરનામે. મોકવાનું રહેશે. સીડી સિલકમાં હશે ત્યાં સુધી વિતરિત થશે અને વળી. વ્યક્તિદીઠ એક જ સીડી આપવામાં આવશે.



"ગરબીગરબાંવની જૅ થાવ: દીનદખિયાંવની જૅ થાવ: કાં કે મારા રામજીનું રાજ ઈમનું છે.
સંતો! રાંકનાં રાજ થાશે; ભૂખ્યાં ભરાશે; દયાળાંને દયા મળશે ને નિરમળાંને મારા રામજીનાં દરશણ થાશે.
સંતો! મનકાયાથી નિરમળ રે'જો. આંખ્ય કાયાનો દીવો છે. ઈ એઠી થાય તે દી ઈને ફોડજો; કાંડું કનડે તો કલમ કરજો. ભગતો! તમારી ભાવભગતીના દેખાડા કરજો મા. પણ અંતરને ખૂણે માંયલા આતમરામને જગાડીને તીના આગળ તમારા હૈયાની આરત ... ઠાલવજો."

- 'ટીંબાનો ઉપદેશ'માંથી (સ્વામી આનંદ)

## Solitude

– Ella Wheeler Wilcox

(November 5, 1850-October 30, 1919)

*LAUGH, and the world laughs with you;*
*Weep, and you weep alone.*
*For the sad old earth must borrow it's mirth,*
*But has trouble enough of it's own.*

*Sing, and the hills will answer;*
*Sigh, it is lost on the air.*
*The echoes bound to a joyful sound,*
*But shrink from voicing care.*

*Rejoice, and men will seek you;*
*Grieve, and they turn and go.*
*They want full measure of all your pleasure,*
*But they do not need your woe.*

*Be glad, and your friends are many;*
*Be sad, and you lose them all.*
*There are none to decline your nectared*
*wine, But alone you must drink life's gall.*

*Feast, and your halls are crowded;*
*Fast, and the world goes by.*
*Succeed and give, and it helps you live,*
*But no man can help you die.*

*There is room in the halls of pleasure*
*For a long and lordly train,*
*But one by one we must all file on*
*Through the narrow aisles of pain.*

(સદભાવ : ચિત્ર - વિકીપીડિયા; કાવ્યો - મહેન્દ્રભાઈ મેઘાણી)

## એકલો

○ ઝવેરચંદ મેઘાણી

(ઑગસ્ટ ૧૭, ૧૮૯૭ - માર્ચ ૯, ૧૯૪૭)

તુજ સુખની મહેફિલમાં તું સહુને નીતરજે,
પણ જમજે અશ્રુની થાળ એકલો;
હોંશીલા જગને હસવા તેડું કરજે :
સંઘરજે ઉરની વરાળ એકલો.

તુજ દ્વારે દ્વારે દીપકમાલ ચેતવજે :
ગોપવજે દિલ - અંધારાં એકલો;
બીજાંને આંગણ અમૃત - ઝરણાં રેલવજે :
પી લેજે વિષ તારાં તું એકલો.

તુ ગુલશનનાં ગુલ જે માગે તેને દેજે,
ને સહેજે સર્પોના દંશ એકલો;
કાંતિની કલગી સહિયારે કર દેજે :
ભોગવજે બદનામી - અંશ એકલો.

દિલદિલની દુઃખ-વાતો દિલસોજીથી સુણજે :
ચૂપ રહેજે કાપી જબાન એકલો ;
કો થાકેલા પગની કાંકર ચૂમી લેજે
કદમો ભરજે કંટક પર એકલો.

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 300 · ગ્રાહક : 191 · [26.11.2007